BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)


## દ્વિતીય વર્ષ બી. એ. - ઈતિહાસ
## પેપર - ૩

(મુખ્ય તથા ગૌણ)

HISM / HISS - ૨૦૩

## ભારત નો ઈતિહાસ

(ઈ. સ. ૬૫૦ થી ૧૫૨૬ સુધી)



## વિભાગ-૪ ભારતઃ સાહિત્ય,શિક્ષણ,વિજ્ઞાન,કલા અને સ્થાપત્યનો ઈતિહાસ

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવામાં થતું મૂડીરોકાણ . શિક્ષણ લોકાસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપરદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*

**પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,**
**છારોડી, અમદાવાદ.**

**સંપાદનઃ**

*પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* — *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

*ડૉ. સોનલ ચૌધરી* — *આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

*ડૉ. પ્રફુલ નવાકર* — *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

**વિષય સમિતિઃ**

*ડૉ. સોનલ ચૌધરી* — *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

*પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* — *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ.*

*ડૉ. લલિત પટેલ* — *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ,પાટણ*

**પરામર્શન (વિષય):**

*પ્રો. (ડૉ). જીગીશ પંડ્યા* — *પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.*

**લેખનઃ**

*ડૉ. અશોક વાઘેલા* — *આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી આર્ટ્સ કોલેજ, અમીરગઢ.*

**પરામર્શન (ભાષા):**

*ડૉ.લિનાબેન વિનોદરાય સ્વાદિયા* — *આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી.પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ,ગાંધીનગર.*



**પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**



**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**



**ISBN :** 978-93-91468-19-4

**પ્રકાશન વર્ષ** : 2021-*પ્રથમ આવૃતિ*

BAOU Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

દ્વિતીય વર્ષ બી.એ.- ઈતિહાસ
પેપર-૩ ભારતનો ઈતિહાસ
**(ઈ.સ.650 થી ઈ.સ.1526)**
**HISM/HISS-203**( મુખ્ય તથા ગૌણ)

## વિભાગ - 4 : ભારતઃ સાહિત્ય,શિક્ષણ,વિજ્ઞાન,કલા અને સ્થાપત્યના ક્ષેત્રે


**એકમ-16** 01
**ઈ.સ. 650 થી ઈ.સ.1526 સુધીનુ ભારતઃ સાહિત્ય, શિક્ષણ અને વિજ્ઞાન**

**એકમ-17** 40

**ઈ.સ.650 થી ઈ.સ. 1526 સુધીનો ભારતનો કલા અને સ્થાપત્યનો વારસો**

## *વિભાગ-4ભારત: સાહિત્ય,શિક્ષણ,વિજ્ઞાન,કલા,અને સ્થાપત્યનો ઈતિહાસ*

**ભારતનો ઈતિહાસ (ઈ.સ.650 થી ઈ.સ. 1526 સુધી)** *પેપર-3ના વિભાગ-4માં કુલ બે એકમનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં સાહિત્ય, શિક્ષણ, વિજ્ઞાન, કલા અને સ્થાપત્યનો વિગતે ચર્ચા કરવામાં આવી છે.*

**એકમ-16** *માં ઈ.સ 650 થી ઈ.સ. 1526 સુધીના ભારતીય સાહિત્ય, શિક્ષણ અને વિજ્ઞાનના ક્ષેત્રમાં જે અભૂતપૂર્વ પ્રગતિ થઈ તેને લગતી માહિતી આપવામાં આવી છે.*

**એકમ-17** *માં ઈ.સ. 650 થી ઈ.સ. 1526 સુધીના ભારતના કલા અને સ્થાપત્યની વિગતે ચર્ચા કરવામાં આવી છે જેમાં રાજપૂતકાલીન સ્થાપત્યકલા અને મુસ્લીમકાલીન સ્થાપત્યકલાના અભ્યાસ સંદર્ભે આ એકમ અગત્યનો પુરવાર થાય છે.*

| એકમ– 16 | ઈ.સ. 650 થી 1526 સુધીનું ભારત, સાહિત્ય, શિક્ષણ અને વિજ્ઞાન |
|---|---|

રૂપરેખા :


**16.0 ઉદ્દેશો**

**16.1 પ્રસ્તાવના**

**16.2 સાહિત્ય : (ઈ.સ. 650 થી 1526)**

- **16.2.1 અનુ-ગુપ્તકાળનું સાહિત્ય (ઈ.સ. 650 થી 750)**
- **16.2.2 પ્રતિહાર-રાષ્ટ્રકૂટ કાળીન સાહિત્ય (ઈ.સ.751 થી 1000)**
  - **16.2.2.1 સંસ્કૃત સાહિત્ય**
  - **16.2.2.2 પ્રાકૃત સાહિત્ય**
  - **16.2.2.3 અપભ્રંશ સાહિત્ય**
  - **16.2.2.4 કન્નડ અને તામિલ સાહિત્ય**
- **16.2.3 પ્રાચીનકાળના અંતિમ તબક્કાનું સાહિત્ય (ઈ.સ. 1001 થી 1200 સુધી)**
  - **16.2.3.1 સંસ્કૃત સાહિત્ય**
  - **16.2.3.2 પાલિ, પ્રાકૃત અને અપભ્રંશ સાહિત્ય**
  - **16.2.3.3 અર્વાચીન ભાષાઓ**
- **16.2.4 સલ્તનતકાળીન સાહિત્ય (ઈ.સ. 1201 થી 1526)**
  - **16.2.4.1 સંસ્કૃત સાહિત્ય**
  - **16.2.4.2 પ્રાદેશિક ભાષાઓનું સાહિત્ય**
  - **16.2.4.3 અરબી અને ફારસી સાહિત્ય**

- **તમારી જાતે ચકાસો (ક)**

**16.3 શિક્ષણ (ઈ.સ. 650 થી 1526)**

- **16.3.1 અનુગુપ્તકાળીન શિક્ષણ (ઈ.સ. 650 થી 750)**
- **16.3.2 પ્રિતહાર-રાષ્ટ્રકૂટ કાળીન શિક્ષણ (ઈ.સ. 751 થી 1000)**
- **16.3.3 પ્રાચીનકાળના અંતિમ તબક્કાનું શિક્ષણ (ઈ.સ. 1001 થી 1200)**
- **16.3.4 સલ્તનતકાળીન શિક્ષણ (ઈ.સ. 1201 થી 1526)**

- **તમારી જાતે ચકાસો (ખ)**

**16.4 વિજ્ઞાન (ઈ.સ. 650 થી 1526 સુધી)**

**16.4.1 અનુગુપ્તકાળ (ઈ.સ. 650 થી 750)**
**16.4.2 પ્રિતહાર-રાષ્ટ્રકૂટકાળ (ઈ.સ. 751 થી 1000)**
**16.4.3 પ્રાચીનકાળનો અંતિમ તબક્કો (ઈ.સ. ૧૦૦૧ થી ૧૨૦૦)**
**16.4.4 સલ્તનકાળીન વિજ્ઞાન (ઈ.સ. 1201 થી 1526)**
- **તમારી જાતે ચકાસો**

**16.5 સારાંશ**
**16.6 શબ્દાવલી**
**16.7 બહુવિકલ્પીય પ્રશ્નો (ઉત્તર સહીત)**
**16.8 સ્વાધ્યાય (સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)**
**16.9 સંદર્ભ**

## 16.0 ઉદ્દેશો

*આ એકમ વાંચ્યા પછી તમે નીચેની બાબતો સમજશો.*

- *ઈ.સ. 650 થી 1526 સુધીના ભારતના સંસ્કૃત, પાલિ, પ્રાકૃત, અપભ્રંશ અને અર્વાચીન ભાષાઓના સાહિત્યથી પરિચિત થશો.*
- *ઈ.સ. 650 થી 1526 સુધીના ભારતની શિક્ષણ વ્યવસ્થા જાણશો.*
- *ઈ.સ. 650 થી 1526 સુધીના ભારતના વિજ્ઞાનના વિકાસને સમજશો.*

## 16.1 પ્રસ્તાવના

*હવે ઈતિહાસ માત્ર રાજાઓ, યુદ્ધો પૂરતો મર્યાદિત ન રહેતાં સમાજનાં સર્વ વર્ગોને તથા જીવનનાં સાર્વત્રિક પાસાઓને આવરી લે છે. રાજકીય ઈતિહાસની અગત્ય હોવા છતાં તે-તે સમયની પ્રજા, ભાષા, સમાજ, ધંધા રોજગાર, ધર્મ, રાજ્યતંત્ર, સાહિત્ય, કલા, વિજ્ઞાન વગેરેને લગતો સાંસ્કૃતિક ઈતિહાસ પણ ઘણું મહત્ત્વ ધરાવે છે. ગુપ્તકાળ પછી અનુ-ગુપ્તકાળમાં સમ્રાટ હર્ષના મૃત્યુ (ઈ.સ. 647) પછી તેનું ઉત્તર ભારતનું સામ્રાજ્ય વિઘટન પામી જુદી-જુદી પ્રાદેશિક સત્તાઓમાં વહેંચાઈ ગયું. જેમાં ઈ.સ. 751 થી 1000 સુધીમાં ઉત્તરમાં પ્રિતહાર-રાષ્ટ્રકૂટ વંશે મહત્ત્વની રાજકીય અસરો પાડી. દક્ષિણ ભારતમાં ચાલુક્યો અને પલ્લવોના મહાન રાજ્ય થયાં. પરંતુ ઉત્તર કે દક્ષિણ કે સમગ્ર અખિલ ભારતને આવરી લેતું સામ્રાજ્ય ત્યાર પછી લાંબા સમય માટે પ્રવર્તી શક્યું નહિ. બીજા ઘણા પ્રદેશોમાં કર્કોટકો, મૈત્રકો, ગુર્જરો, ગુહિલો, કલચુરિઓ, ગંગો, પાંડ્યો વગેરે અનેક રાજવંશોની સત્તા પ્રવર્તી. મોટાભાગે સાતમી સદીના મધ્યભાગથી ભારતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થઈ ત્યાં સુધીના સમયને પ્રાચીનયુગ માનવામાં આવે છે. પછી મમલૂક કે ગુલામવંશ ને ઈ.સ. 1526માં બાબરે પાણીપતના યુદ્ધથી મોગલવંશની સ્થાપના કરી ત્યાં સુધીના પોણા એક હજાર વર્ષના સમયમાં ભારતમાં સાહિત્ય, શિક્ષણ અને વિજ્ઞાન ક્ષેત્રે સધાયેલ વિકાસ ને આવેલા પરિવર્તનનોનો અત્રે અભ્યાસ કરીશું.*

## 16.2 સાહિત્ય (ઇ.સ. 650 થી 1526)

### 16.2.1 અનુ-ગુપ્તકાળનું સાહિત્ય (ઇ.સ. 650 થી 750)

*આ કાળમાં પણ ગુપ્તકાળની જેમ સંસ્કૃતમાં વિપુલ સાહિત્ય સર્જન થયું. સંસ્કૃત ઉપરાંત શૌરસેની, મહારાષ્ટ્રી અને માગધી જેવી પ્રાકૃત ભાષાઓ ઈતર ભાષાઓ તરીકે વપરાતી રહી. અનુ-ગુપ્તકાળના રાજાઓના અભિલેખોમાં સંસ્કૃત ભાષા પ્રયોજાતી હતી. આ કાળના કાવ્યતત્ત્વમાં કેટલીક કૃત્રિમતા પ્રવેશી. ગદ્ય અને શતક કાવ્ય સ્વરૂપો વિકસ્યાં. સંસ્કૃતના પાંચ પ્રશિષ્ટ મહાકાવ્યોમાંના ભારવિ રચિત 'કિરાતાર્જુનીય' અને કવિ માઘ રચિત 'શિશુપાલવધ' રચાયાં. ભારવિ પુલકેશી બીજાના સમયમાં થયા. તો કવિ માઘ સાતમી સદીના ઉત્તરાર્ધમાં ગુર્જરદેશના શ્રીમાલ નગરના રાજા વર્મલાતના સમયમાં થયા. આ બંને મહાકાવ્યોનું કથાવસ્તુ મહાભારતમાંથી લેવામાં આવ્યું છે. 'શિશુપાલવધ' માઘ કાવ્ય તરીકે વધુ પ્રસિદ્ધ છે. આ સમયનું ત્રીજું મહત્ત્વનું મહાકાવ્ય કવિ ભટ્ટી રચેલ તથા ભટ્ટી કાવ્ય તરીકે ખ્યાત 'રાવણવધ' છે. ભટ્ટી વલ્લભીમાં રાજા ધરસેનના સમયમાં થયા. આ કાવ્ય કથાકાવ્ય અને શાસ્ત્રકાવ્ય એમ બેવડા હેતુથી રચી ભટ્ટીએ મહાકાવ્યમાં નવી ભાત પાડી છે. અન્ય કાવ્ય સ્વરૂપોમાં સો શ્લોકવાળા શતક કાવ્ય પ્રકાર આ કાળમાં વિકસ્યો. જેમાં ભર્તુહરિએ શૃંગારશતક, નીતિશતક અને વૈરાગ્યશતક એમ ત્રણ શતક કાવ્યો રચ્યાં. કવિ અમરુએ શૃંગારવિષયક 'અમરુશતક' રચ્યું. ઉપરાંત સ્તોત્ર કાવ્ય સાહિત્યમાં મયૂર રચિત 'સૂર્યશતક' એ ભક્તિપ્રધાન શતકકાવ્ય છે. તો કવિ બાણભટ્ટે 'દેવીશતક' રચ્યું. જૈન કવિ માનતુંગાચાર્યે 'ભક્તામરસ્તોત્ર' નામે જૈન સ્તોત્ર રચ્યો.*

*દક્ષિણ ભારતમાં સ્તવન કાવ્યો રચાયાં. તામિલમાં તિરુમૂલરે 'તિરુમંદિરમ' તેવારમ નામે તથા માણિક્કવાચકરે 'તિરુવાચકમ' નામે શૈવ સ્તવન સંગ્રહ રચ્યા. નંબિ-આડંબર-નંબિએ કુલ અગિયાર સંગ્રહ કર્યા. વૈષ્ણવ આળવારોની સ્તવનકૃતિઓનો 'નાલાયિર-પ્રબન્ધમ' નામે ચાર હજાર કડીઓનો ચાર ખંડો સંગ્રહ કર્યો છે. એમાં ભગવાન વિષ્ણુના અવતારોની લીલાનું વર્ણન, ભક્તિનું મહત્ત્વ દર્શાવ્યું છે. મધુરકવિએ ગુરુ નમ્માળવારના સ્તવનોને સંગ્રહિત કર્યા. ઉપરાંત પેરિયાળવારે 'તિરુપ્પલ્લાણ્ડુ' નામે સુપ્રસિદ્ધ સ્તવન કાવ્યો રચ્યાં છે. કુલશેખરે (ત્રાવણકોરનો રાજા) પણ કૃષ્ણભક્તિ સભર 103 કડીઓનું સ્તવન કાવ્ય રચ્યું. તામિલ સાહિત્યમાં ત્રીજા જૂથમાં તોણ્ડરડિપ્પોડિ, તિરુપ્પાન અને તિરુમંગઈ એમ ત્રણ આળવાળોએ રંગનાથના ભક્તિમય સ્તવનો રચ્યાં. આજ પર્યંત લોકપ્રિય આ સ્તવનો 'નાલાયિર પ્રબંધમ્'માં સંગ્રહાયો છે. અન્ય કૃતિઓમાં પેરુન્દેવનારનું તામિલ મહાભારત નોંધપાત્ર છે.*

*કવિ ભવભૂતિએ આઠમી સદીના પહેલા ચરણમાં થયા. તેઓ કનોજના યશોવર્માના દરબારમાં સ્થાન પામ્યા હતા. વ્યાકરણ, મીમાંસા અને ન્યાયમાં વિશારદ હતા. તેમણે દશાંકી નાટક 'માલતીમાધવ', સપ્તાંકી 'મહાવીર-ચરિત' અને 'ઉત્તરરામચરિત' એમ ત્રણ નાટકની રચના કરી. સાતમી કે આઠમી સદીમાં થયેલા ભટ્ટનારાયણે 'વેણીસંહાર' છ-અંકી નાટક લખ્યું. તેનું કથાવસ્તુ મહાભારતમાંથી લેવામાં*

આવ્યું છે. આ નાટક નાટ્યશાસ્ત્રના નિયમો માટે ખ્યાતિ પામેલું છે. કલચુરિ કુળના અનંગહર્ષનું 'ઉદાતરાઘવ' નાટક ઉપલબ્ધ નથી પરંતુ તેનું 'તાપસ-વત્સરાજ' નાટક સ્વપ્નવાસવદત્ત જેવું છે.

સંસ્કૃત ગદ્ય સાહિત્યમાં કથા અને આખ્યાયિકાના સ્વરૂપનો વિકાસ થયો. મૂળ 'પંચતંત્ર' (ઈ.સ. 100-500) ઉપલબ્ધ નથી પરંતુ આ કાળ દરમિયાન કાશ્મીરની વાચનામાં 'તંત્રાખ્યાયિકા' નામે તે મળે છે. યશોવર્માએ (ઈ.સ. 700-740) 'રામાભ્યુદય' નાટક રચેલું જે ઉપલબ્ધ નથી. કવિ દંડીએ 'દશકુમારચરિત' રસાળ ગદ્ય શૈલીમાં રચ્યું.

કથા સાહિત્યમાં હરિભદ્રસૂરિ કૃત 'સમરાદિત્યકથા' અને 'ધૂર્તાખ્યાન' મળે છે. યશોવર્માના આશ્રિત કવિ વાકપતિએ 'ગૌડવહો'માં કનોજના રાજા યશોવર્માની વિજય ગાથા આપી છે. તેનું બીજું કાવ્ય 'મધુમથવિજય' પ્રાપ્ત નથી. સંભવતઃ 8મી સદીમાં થયેલ કોઊહલે મહારાષ્ટ્રી પ્રાકૃતમાં 'લીલાવતી'ની રચના કરી. જેમાં સતવાહન નરેશ અને સિંહલદેશની રાજકુમારી લીલાવતીના પ્રણયનું વર્ણન કર્યું છે. ભાગવત પુરાણ આ કાળમાં રચાયું હોવાનું અનુમાન છે. જે વૈષ્ણવ સંપ્રદાયનું પ્રસિદ્ધ પુરાણ છે. 7મી સદીમાં અસહાયે નારદ સ્મૃતિ પર ભાષ્ય લખ્યું. 8મી સદીમાં કામન્દકે અર્થશાસ્ત્ર પરથી પદ્યમાં 'નીતીસાર' રચ્યું.

ઉદ્યોતકરનું 'ન્યાયવાર્તિક', ધર્મકીર્તિનું 'ન્યાયબિંદુ' ધર્મોત્તરનું 'ન્યાયબિંદુ ટીકા' અને તેના પર મલ્લવાદીની ટીકા, અકલંકનું 'ન્યાયનિશ્ચય', પ્રભાકરનું શાબરભાષ્ય પરની બૃહતી, કુમારિલકૃત શ્લોકવાર્તિક, તંત્રવાર્તિક અને ટુપટીકા જેવા દાર્શનિક સાહિત્ય ગ્રંથો લખાયા. જૈન દાર્શનિકોમાં હરિભદ્રસૂરિએ અનેકાનેક દાર્શનિક ગ્રંથો અને પ્રકરણ ગ્રંથો અને વૃત્તિઓ લખી. જિનભદ્રસૂરિનાં ભાષ્યો તથા ચૂર્ણીઓ મહત્ત્વની છે.

ભટ્ટીકાવ્યમાં શબ્દશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રનાં ઉદાહરણો મળે છે. તેનો પ્રસન્ન-કાંડ કાવ્યશાસ્ત્રને લગતો છે. તેમાં શબ્દાલંકાર, અર્થાલંકારનાં દ્રષ્ટાંત છે. ભામહે 'કાવ્યાલંકાર' તથા દંડીએ કાવ્યદર્પણ ગ્રંથોમાં કાવ્યનાં લક્ષણો, પ્રકારો, ગુણો, અલંકારો વગેરે સમજાવ્યાં છે. વિરહાંકે 'વૃત્તજાતિસમુચ્ચય'માં સંસ્કૃત, પ્રાકૃતમાં વપરાતા અક્ષરમેળ છંદો અને માત્રામેળ છંદોના નામ અને લક્ષણ, ઉદાહરણો આપ્યાં છે. આ કાળમાં શબ્દશાસ્ત્રમાં અમર રચિત 'નામલિંગાનુશાસન' (અમરકોશ) સંસ્કૃત શબ્દકોશ તરીકે પ્રસિદ્ધ છે. આ શબ્દકોશમાં પુરોગામી અનેક શબ્દકોશોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. 7મી સદીના પૂર્વાર્ધમાં થયેલા ભર્તૃહરીએ વ્યાકરણને લગતી 'વાક્યપદીય' રચી. પ્રાયઃ ઈ.સ. 660ની આસપાસ કાશ્મીરના બૌદ્ધ અનુયાયી જ્યાદિત્યે 'કાશિકાવૃત્તિ' લખી. ચંદ્રગોમીએ 'ચાંદ્ર વ્યાકરણ' રચ્યું. જે નેપાલ, તિબેટ, કાશ્મીર તથા શ્રીલંકામાં પ્રચલિત થયું.

વરાહમિહિર પછી બ્રહ્મગુપ્તે (ઈ.સ. 628-29) જ્યોતિષશાસ્ત્રમાં 'બ્રહ્મસિદ્ધાંત' નામે ગ્રંથ લખ્યો. જે પશ્ચિમ ભારતમાં સૈકાઓ સુધી પ્રચલિત રહ્યો. તેનો બીજો ગ્રંથ 'ખંડખાદ્ય' (ઈ.સ. 665-66) છે. આ કાળે અન્ય જ્યોતિષ વિશેનાં પુસ્તકો લખાયાં હતાં.

*અગાઉના ચિકિત્સાવિદ્યાના વિદ્વાન ચરક અને સુશ્રુતના ગ્રંથો ઉપરાંત આ કાળમાં વાગ્ભટ્ટના ગ્રંથો ઉમેરાયા. આ સમયે બે વાગ્ભટ્ટ થયા. એક વાગ્ભટ્ટ 7મી સદીના પ્રારંભે થયા. જેમણે આયુર્વેદને લગતો ગદ્ય-પદ્યમાં 'અષ્ટાંગહૃદય' ગ્રંથ લખ્યો. બીજા વાગ્ભટ્ટ 8મી સદીના પ્રારંભે થયા. તેમણે 'અષ્ટાંગહૃદયસંહિતા' ગ્રંથ લખ્યો. આ બંને ગ્રંથોમાં ચિકિત્સાવિદ્યાના આ અંગનું વિવેચન કર્યું છે.*

**16.2.2 પ્રતિહાર-રાષ્ટ્રકૂટ કાલીન સાહિત્ય : (ઇ.સ. 751 થી 1000)**

**16.2.2.1 સંસ્કૃત સાહિત્ય :**

*પ્રથમ સહસ્રાબ્દીના ચોથા ચરણમાં (ઈ.સ. 751-1000) પ્રતિહાર, રાષ્ટ્રકૂટ, પાલ, પલ્લવ, કાર્કોટ, પરમાર, કલચુરિ, ચંદેલ, ગંગ, ચાલુક્ય, ચોલ વગેરે જેવાં રાજ્યો થયાં. જેમાં ઉત્તર ભારતનો પ્રતિહાર વંશ અને દક્ષિણના રાષ્ટ્રકૂટ વંશની બળવાન સત્તાઓ મહત્ત્વની હતી. તેથી સગવડ ખાતર આ કાળને પ્રતિહાર-રાષ્ટ્રકૂટકાળ તરીકે ઓળખવામાં આવે છે.*

*આ કાળમાં સાહિત્યની પ્રતિભા ઝાંખી પડી તો કથા-સાહિત્યમાં ચમ્પૂ કાવ્યશાસ્ત્ર અન્ય ભાષાઓમાં સાહિત્ય રચાયું. કન્નડ ભાષામાં સાહિત્ય સર્જનનો વિકાસ થયો. બૌદ્ધ ધર્મ હ્રાસ પામ્યો. તો શૈવ અને વૈષ્ણવ ધર્મના વિકાસને લઈને તે ધર્મનું ધાર્મિક સાહિત્ય વિકાસ પામ્યું. પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં જૈન ધમર્નો ફેલાવો થયો. અહીં આપણે આ કાળના મુખ્ય સાહિત્ય સર્જન વિશે અભ્યાસ કરીશું.*

*સંસ્કૃત સાહિત્યમાં આ કાળમાં ભારવિ અને માઘની અસર પ્રવર્તી. તેમના પ્રભાવવાળી રચનાઓમાં કાવ્યતત્ત્વને સ્થાને ચિત્રકાવ્યની ચમત્કૃતિનું પ્રાધાન્ય રહ્યું. વિશાખાદત્તના સમય વિશે મતભેદ છે. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી તેને દસમી સદી પહેલાં થયા હોવાનું નિશ્ચિત માને છે. તેણે મોર્ય કાળીન રાજકીય કથાવસ્તુ ધરાવતાં 'મુદ્રારાક્ષસ' અને 'દેવીચંદ્રગુપ્ત' નાટક રચ્યાં હતાં. દેવીચંદ્રગુપ્ત પ્રાપ્ત નથી પરંતુ નાટ્યદર્પણ જેવા પછીના ગ્રંથોમાં તેનો ઉલ્લેખ થયેલો છે. 'અભિસારિકાવંચિતક' નાટક પણ તેનું મનાય છે પરંતુ તે પ્રાપ્ત નથી. પછીના કેટલાક ગ્રંથોમાં તે ઉદાહૃત અંશ સ્વરૂપે મળે છે. ઈ.સ. 900 આસપાસ થયેલ કવિ ભીમે 'સ્વપ્ન-દશાનન' નાટક રચ્યું.તેણે વિશાખાદત્તના મુદ્રારાક્ષસની પરિપાટી પર 'પ્રતિભા-ચાણક્ય' નાટક લખ્યું. ૮મી સદી આસપાસ થયેલ કવિ મુરારિએ રામચરિતને લગતું સંસ્કૃતમાં પ્રસિદ્ધ નાટક 'અનર્ઘ રાઘવ' રચ્યું. શક્તિભદ્રે આ અરસામાં 'આશ્ચર્યચૂડામણિ' નાટક લખ્યું. નવમી સદીમાં જૈન કવિ હસ્તિમલ્લે પાંચ નાટકો લખ્યાં. જેમાં 'વિક્રાંત-કૌરવ', 'સુભદ્રાહરણ', 'મૈથિલીકલ્યાણ' (સીતાવિવાહ) નોંધપાત્ર છે. કનોજના પ્રતિહાર રાજગુરુ અને કવિ રાજશેખરે (ઈ.સ. 885-940) પત્ની અવન્તિસુંદરીની પ્રેરણાથી 'કર્પૂરમંજરી' નાટિકા રચી. રાજશેખરે રાજા મહેન્દ્રપાલની પ્રેરણાથી 'બાલરામાયણ' નાટક રચ્યું. તેણે કલચુરિ રાજા કેયૂર વર્ષ માટે 'વિદ્ધશાલભંજિકા' નાટિકા રચી. ઉપરાંત તેણે પ્રતિહાર રાજા મહિપાલ માટે 'બાલાભારત' રચ્યું. આમ, રાજશેખરે લખેલ ચાર નાટકોમાં નવા નવા પ્રયોગો, મનોહર કલ્પનાઓ, પદ્યમાં લાલિત્ય પ્રશંસનીય છે. તો નાટ્યકાર તરીકેની ઉચ્ચ પ્રતિભાનો*

અભાવ વર્તાય છે. રાજા મહિપાલના સમયમાં થયેલ કવિ ક્ષેમીશ્વરનાં બે નાટકો 'ચંડકૌશિક' (રાજા હરિશ્ચંદ્ર પર) અને 'નૈશધાનંદ' (રાજા નલની કથા) મળે છે. અગાઉનાં રામાયણની કથાવસ્તુ પર રચાયેલાં નાટકો (ભવભૂતિ, મુરારિ, રાજશેખરનાં નાટકો) પરથી સંકલિત કરી ગેયનાટકો રચાયાં. બંગાળી વાચનામાં ચૌદ અંકી નાટક 'મહાનાટક' જ્યારે દેવનાગરી વાંચનામાં દસ અંકી નાટક 'હનુમન્નાટક' મળે છે. ચૌદ અંકી વાચના દામોદર મિશ્રે તો દશાંકી વાચના મધુસૂદન નામના કવિએ તૈયાર કરી.

એક અંકી નાટક કે જેમાં રંગભૂમિ પર એક જ પાત્ર આવે ને આકાશભાષિત અનુપસ્થિત પાત્રોની ઉક્તિઓ પણ રજુ કરે તેને 'ભાણ' નામનો નાટક પ્રકાર કહે છે. પ્રાયઃ 6,7 કે 10મી સદીમાં સર્જાયેલા આવા ચાર ભાણો મળે છે. જે 'ચતુર્ભાણી' તરીકે સંગ્રહાયાં છે. જેમાં ઉભયાભિસારિકા-વરરુચિએ, પદ્મપ્રાભૃતક-શુદ્રકે, ધૂર્તવિટસંવાદ-ઈશ્વરદત્તે તથા પાદતાડિતક-શ્યામલિકે રચ્યાં મનાય છે.

જૈન સૂરિ જિનસેને વઢવાણ (સૌરાષ્ટ્ર) માં ઈ.સ. 783માં 'હરિવંશપુરાણ' રચ્યું. જે અનુશ્રુતિ મુજબનું પુરાણ કાવ્ય છે. બીજા એક જિનસેન ઈ.સ. 783 પહેલાં થયા તેમણે 'પાશ્વાભ્યુદય' કાવ્યમાં 'મેઘદૂત'ના બધા શ્લોકો સમાવી લીધા. તેમનું અધુરું 'આદિપુરાણ' કાવ્ય તેમના શિષ્ય ગુણભદ્રે પૂર્ણ કર્યું. જૈન કવિ અસંગે ચોલદેશમાં ઈ.સ. 853માં 'વર્ધમાનચરિત' (મહાવીરચરિત) લખ્યું. દશમી સદીમાં કનક્સેન વાદિરાજે 'યશોધરચરિત' કાવ્ય રચ્યું. કાશ્મીરનાં બૌદ્ધ કવિ શિવસ્વામીએ (ઈ.સ. 855-883) ભારવિ અને માઘની અસર ધરાવતું 'કપ્ફણાભ્યુદય' મહાકાવ્ય રચ્યું. આ સમયગાળામાં થયેલ કવિ રાજાનક રત્નાકરે પચાસ સર્ગનું અને અંધકાસુરવધની કથા પર 'હરવિજય' મહાકાવ્ય રચ્યું. તેણે 'વક્રોક્તિપંચાશિકા' પણ રચી. નવમી સદીના અંતમાં કાશ્મીરમાં અભિનંદ કવિ થયો. તેણે 'કાદમ્બરીકથાસાર' મહાકાવ્ય રચ્યું. બીજા એક અભિનંદ્વિ (ગૌડ કવિ) ધર્મપાલ (ઈ.સ. 770-810) ના સમયમાં ૩૬ સર્ગનું 'રામચરિત' મહાકાવ્ય રચ્યું. આ કાશ્મીરી અને બંગાળી કવિ એક જ હોવા સંભવ છે. કવિ વાસુદેવે ૯મી સદીમાં 'યુધિષ્ઠિરવિજય', 'શૌરિકથોદય' અને 'ત્રિપુરદહન' એમ ત્રણ મહાકાવ્ય રચ્યાં.

શ્લેષ દ્વારા કાવ્યમાં દ્વિસંધાન પ્રયોજ્યાં હોય તેવાં કાવ્યમાં જૈન કવિ ધનંજયનું- 'રાઘવપાંડવીય' અને કવિ રામચંદ્રે શિવ-પાર્વતી પર શ્લેષ કાવ્ય રચ્યું. આચાર્ય હરિષેણે (ઈ.સ. 931) 'બૃહત્કથાકોશ'ની રચના કરી. પદ્મગુપ્ત ઉર્ફે પરિમલે 'નવસાહસાંક'માં માળવા નરેશ સિંધુરાજનું ચરિત આલેખ્યું છે.

કેટલાક સ્તોત્ર શંકરાચાર્યે આ કાળમાં રચ્યા મનાય છે. ત્રણસો શ્લોકવાળું 'દેવીશતક' આનંદવર્ધને રચ્યું. જેમાં ભવાનીની સ્તુતિ છે. ઉત્પલદેવકૃત 'સ્તોત્રાવલી'માં શિવનાં સ્તોત્ર છે. કુલશેખરે 'મુકુન્દમાલા' નામે વિષ્ણુ સ્તવન રચ્યું. પુરાન્તકે મહાકાળીને લગતું 'શ્યામલાદંડક' સ્તોત્ર રચ્યું. આ કવિને તેની કૃતિ માટે રાજા ભોજે સો અગ્રહારોનું દાન દીધેલું. જૈન કવિ શોભન શિરોમણિએ 'ચતુર્વિશતિજિનસ્તુતિ' તો તેના ભાઈ ધનપાલે 'ૠષભપંચાશિકા'ની રચના કરી. જૈન કવિ માનતુંગે રચેલું સ્તોત્ર 'ભક્તામર સ્તોત્ર' પ્રસિદ્ધ છે. કાશ્મીર નરેશ જ્યાપીડના મંત્રી દામોદરગુપ્તે ગણિકાના માર્ગદર્શન માટે

'કુટ્ટનીમત' કાવ્ય રચ્યું. રાજા શંકરવર્માના સમયમાં ભલ્લટે વિભિન્ન છંદોવાળું 'ભલ્લટશતક' અને જૈન કવિ સોમદેવે રાજનીતિને લગતું 'નીતિવાક્યામૃત' કૃતિ લખી. અન્ય શ્લેષ કાવ્યોમાં નીતિવર્માનું 'કીચકવધ', રવિદેવનું 'રાક્ષસકાવ્ય' મળે છે. સંસ્કૃત સુભાષિતોમાં પ્રાચીન એવું 'કવીન્દ્રવચન-સમુચ્ચય' પ્રાયઃ 10 મી સદીમાં રચાયું. તેમાં અનેક કવિઓની રચનાઓ સંગ્રહિત છે. ગુણાઢ્યનો 'બૃહત્કથા' ગ્રંથ અપ્રાપ્ય છે. પરંતુ તેના પર કાવ્યમાં સંક્ષેપમાં બુધસ્વામીએ 'શ્લોક સંગ્રહ' રચ્યો જે તેના પરનું પ્રાચીન ઉપલબ્ધ રૂપાંતર છે.

આ કાળની કથા સાહિત્યની બે કૃતિઓ મહત્ત્વની છે. પહેલી કવિ આનંદની 'માધવાનલ-કામકન્દલા કથા' અને બીજી ધનપાલની 'તિલકમંજરી-કથા'. કવિ આનંદના સમય વિશે જાણવા મળતું નથી. જ્યારે ધનપાલએ કવિ શોભનનો ભાઈ હતો ને તે ગદ્યરચનામાં નિષ્ણાંત હતો. ધનપાલની કૃતિમાં ઉત્તમ ગદ્યશૈલીનાં લક્ષણો જોવા મળે છે.

કવિ પોતાની કૃતિમાં ગદ્ય અને પદ્ય એમ બે પ્રકારોનું સપ્રમાણ પ્રયોજન કરી કથાનકને નિરુપે તેને સાહિત્યમાં ચમ્પૂ પ્રકાર કહે છે. આ કાળમાં (10મી સદીમાં) ચમ્પૂ સાહિત્યનો પ્રાચીનતમ નમૂનો મળે છે. અને એ રીતે આ કાળમાં આ નવા ચમ્પૂ સાહિત્યપ્રકારનો ઉદ્‌ભવ અને વિકાસ જોવા મળે છે. કવિ ત્રિવિક્રમભટ્ટે (રાષ્ટ્રકૂટ રાજા ઈન્દ્ર ત્રીજા-ઈ.સ. 914-22) 'નવલચમ્પૂ' (દમયંતી કથા) તથા 'મદાલસાચમ્પૂ' રચ્યું. જૈન કવિ સોમદેવે (રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણ ત્રીજા-ઈ.સ. 959) 'યશસ્તિલક-ચમ્પૂ' તથા કવિ સોઢ્ઢલે (કોંકણ રાજા મુમ્મુણિરાજ ઈ.સ. 1000) 'ઉદયસુંદરીકથા' ચમ્પૂમાં રચી.

શાસ્ત્રીય સાહિત્ય પણ રચાતું રહ્યું. કોશમાં 'થન્વન્તરિનિઘંટુ' આયુર્વેદને લગતો કોશ રચાયો. જે આ પ્રકારનો પહેલવહેલો ઉપલબ્ધ કોશ છે. હલાયુધે 'અભિધાનરત્નમાલા' નામે શબ્દકોશ 10 મી કે 11મી સદીમાં રચ્યો.

પાણિની વ્યાકરણ પર બૌદ્ધ મૈત્રેયરક્ષિતે 'તંત્રપ્રદીપ' વૃત્તિ અને 'ધાતુપ્રદીપ' લખી. ઉપરાંત પાણિની વ્યાકરણ પર રચાયેલ ન્યાસ પર ઈન્દુમિત્રે 'અનુન્યાસ' વૃત્તિ તો વિમલમતીએ 'ભાગવૃત્તિ' રચી. શાકટાયને (ઈ.સ. 814-878) માં સંસ્કૃતમાં પાણિની વ્યકારણથી જુદું અને નવું તંત્ર 'અમોઘવૃત્તિ' રચ્યું. કાતન્ત્ર કે કાળાપના વ્યાકરણ પર ઈ.સ. 800 થી 1000 દરમિયાન વૃત્તિઓ, ન્યાસ અને લઘુવૃત્તિઓ લખાઈ. આ વ્યાકરણનો પ્રસાર બંગાળ તથા કાશ્મીરમાં ખુબ થયો.

કવિ ઉત્પલે 'બૃહત્સંહિતા'ના 103મા અધ્યાય પરની ટીકામાં અક્ષરમેળ છંદોની 60 જેટલી વ્યાખ્યાઓ આપી. જેમાંથી 40 તો જયદેવના ગ્રંથમાંથી બેઠી આપવામાં આવી છે. પ્રાકૃતમાં છંદનો ઉપયોગ શરુ થયો. જૈન કવિ સ્વયંભૂ (10મી સદી)એ 'સ્વયંભૂછંદસ' ગ્રંથ પ્રાકૃત છંદો વિશે લખ્યો.

આ કાળમાં કાવ્યશાસ્ત્રમાં નોંધપાત્ર વિકાસ સધાયો. અલંકાર, શૈલી, ધ્વનિ, વક્રોક્તિ વગેરે જેવાં કાવ્યતત્ત્વો વિકસ્યાં. અગાઉના કાળે અલંકારનો ઉપયોગ શરુ થયો તે આ કાળે ભારે વિકાસ પામ્યો. જેમાં ઉદ્‌ભટ (ઈ.સ. 825) નો ફાળો મુખ્ય છે. તેણે 'અલંકારસારસંગ્રહ' નામે ગ્રંથમાં વિવિધ 41 અલંકારોનાં લક્ષણ અને ઉદાહરણ આપ્યાં.

ઈ.સ. 850 ના અરસામાં રુદ્રટે 'કાવ્યાલંકાર' ગ્રંથમાં પુરોગામી વિદ્વાનોએ જે અલંકારોની સંખ્યા આપી છે. તેના કરતાં વધારે અલંકારોનું વર્ણન કર્યું છે. તેણે ગ્રંથમાં સાહિત્યશાસ્ત્રની સઘળી મહત્ત્વની બાબતો વર્ણવી છે. 10 મી સદીમાં થયેલા રુદ્રભટે તેના ગ્રંથ 'શૃંગારતિલક' માં રુદ્રટનો મત અપનાવ્યો છે.

કવિ વામને (રાજા જયાપીડ ઈ.સ. 770-800) અલંકાર કરતાં શૈલી (રીતિ) ને મહત્ત્વ આપી એક વિશિષ્ટ મત પોતાના ગ્રંથ 'કાવ્યાલંકારસૂત્રવૃત્તિ'માં રજૂ કરી કાવ્ય તત્ત્વમાં રીતિના મહત્ત્વને પ્રતિપાદિત કર્યું. ઉપરાંત કાવ્યમાં રસનું મહત્ત્વ શાસ્ત્રીય રીતે આ કાળમાં સ્થાપિત થયું. ખરા કાવ્યનો આધાર ધ્વનિ (વ્યંજના) પર રહેલો છે. આ મત 'ધ્વન્યાલોક' ગ્રંથમાં નિરુપાયો છે. તેના લેખક જ્ઞાત નથી પરંતુ કાશ્મીરમાં આનંદવર્ધને તેના પર વૃત્તિ લખી ધ્વનિનું વિશદ વર્ણન કર્યું છે. 'ધ્વન્યાલોક' પર અભિનવગુપ્તે (ઈ.સ. 960-1020) 'લોચન' નામે ટીકા લખી. આમ કાવ્યશાસ્ત્રમાં રસ અને ધ્વનિનો મહિમા થયો તો સામે કાવ્યતત્ત્વનાં આ લક્ષણો-ગુણો સામે મંડન ને ખંડન થયું. જેમાં 10મી સદીના મધ્યમાં પ્રતીહારેન્દુરાજે ઉદ્‌ભટના 'અલંકાશાસ્ત્ર' પર ટીકા લખી. તેમણે 'ધ્વન્યાલોક'ના ઉદાહરણોને અલંકારોનાં ઉદાહરણ દર્શાવી ધ્વનિ મતનું ખંડન કર્યું. કવિ કુન્તકે પોતાના ગ્રંથ 'વક્રોક્તિજીવિત'માં ધ્વનિસંપ્રદાયનું પ્રબળ ખંડન કર્યું અને કાવ્યમાં વક્રોક્તિ (અલંકારો)નું મહત્ત્વ પ્રતિપાદિત કરી કાવ્યમાં અલંકારોની ઉપેક્ષાથી બચાવી તેમનું મહત્ત્વ પ્રસ્થાપિત કર્યું. 10મી સદીના અરસામાં થયેલા ભટ્ટનાયકે પણ પોતાના ગ્રંથ 'હૃદયદર્પણ'માં તથા મહિમભટ્ટે 'વ્યક્તિવિવેક'માં ધ્વનિ મતનું ખંડન કર્યું. આમ, ઉત્તમ કાવ્ય તરીકે ધ્વનિકાવ્યનું મહત્ત્વ રહ્યું તો વાચ્ય અર્થનું પ્રાધાન્ય ધરાવતા ચિત્રકાવ્યનો પણ સ્વીકાર થયો.

કવિ રાજશેખરે 'કાવ્યમીમાંસા'માં કાવ્યશાસ્ત્રના વિભિન્ન મુદ્દાઓની ચર્ચા કરી છે. 'અભિધાવૃત્તિમાતૃકા'માં મુકુલભે કાવ્ય લક્ષણોનું વર્ણન કર્યું. આ કાળમાં કાવ્યશાસ્ત્ર ઉપરાંત નાટ્યશાસ્ત્રમાં ધનંજયે (રાજા મુંજ ઈ.સ. 974-994) 'દશરૂપક' નાટ્ય ગ્રંથ લખ્યો. જેમાં સંસ્કૃત નાટકના દસ પ્રકારો નિરુપ્યા છે. સાગરનંદીએ 'નાટક રત્નકોશ' રચ્યો. ભરતના 'નાટ્યશાસ્ત્ર' પછી નાટ્યગ્રંથોમાં આ બે જ ગ્રંથો પ્રાપ્ત છે. 8મી-9મી સદીમાં માધવે રચેલ રગ્વિનિશ્ચય(માધવ-નિદાન) સર્વ રોગોના નિદાનનો સૌ પ્રથમ ગ્રંથ છે. આ ગ્રંથનો ઉપયોગ કરી 10મી સદીમાં વૃંદે 'સિદ્ધિયોગ' (વૃંદ-માધવ) રચ્યો. અત્યારે ઉપલબ્ધ ધન્વન્તરિનો 'નિઘંટુ' કોઈ પ્રાચીન આવૃત્તિ પરથી લખાયેલો મળે છે. વર્તમાન 'નિઘંટુ' 8મી સદીથી પ્રાચીન નથી. આ ગ્રંથમાં ઔષધો માટેની વનસ્પતિનો માહિતીકોશ (નિઘંટુ) સ્વરૂપે આપી છે. 7મી થી 10મી સદીમાં કોઈ સમયે રચાયેલ નાગાર્જુનનું રસરત્નાકર માં પારાની ઔષધોની વિદ્યાનું વર્ણન છે.

ગણિતમાં આ કાળમાં ઠીકઠીક ગ્રંથો લખાયા. જેમાં શ્રીધર (ઈ.સ. 800 આસપાસ)નો 'ગણિતસાર' (ત્રિશતી), મહાવીર (રાષ્ટ્રકૂટ રાજા અમોઘવર્ષના સમય ઈ.સ. 814-878)નો 'ગણિતસારસંગ્રહ' તથા મનુ-રચિત 'બૃહન્માનસ' મહત્ત્વના છે. મુંજાલે બૃહન્માનસ પરથી 'લઘુમાનસ' લખ્યો.

ગ્રહગણિત, મુહૂર્તવિદ્યા, ફલાદેશ જેવા જ્યોતિષના વિષયોમાં આ કાળમાં પણ રચના ચાલુ રહી. ઈ.સ. 950ના અરસામાં આર્યભટ્ટ બીજો થયો. તેણે અગાઉના આર્યભટ્ટના સિદ્ધાંતમાં સુધારા સાથે 'આર્યસિદ્ધાંત' રચ્યો. 10મી સદીમાં ભટ્ટોત્પલે પુરોગામી જ્યોતિષ ગ્રંથોનું ઊંડુ અધ્યયન કરી ઘણા ટીકા ગ્રંથો લખ્યા. વરાહમિહિરની 'બૃહત્સંહિતા' પરની ટીકા મહત્ત્વની છે. તેણે કલ્યાણવર્માની સારાવલીનું સંસ્કરણ કર્યું. વિજયનંદીએ 'કરણતિલક' નામે જ્યોતિષ અંગેનો ગ્રંથ લખ્યો.

આ સમયમાં પુરાણગ્રંથો કેટલાક નવા ઉમેરાયા. પુરાણોમાં મત્સ્યપુરાણમાં વ્રતો, દાન, વાસ્તુ વગેરે 8મી-9મી સદીમાં ઉમેરાયાં. વામનપુરાણમાં કાર્મવિપાક, વર્ણાશ્રમ ધર્મ, વ્રતો, વિષ્ણુપૂજા વગેરે ખંડ 9મી-10મી સદીમાં ઉમેરાયાં. દુર્ગાશંકર શાસ્ત્રી વરાહપુરાણને 8મી સદીનું અને ભાગવતપુરાણ 9મી સદીમાં રચાયેલ માને છે. ભાગવતપુરાણ ખાસ કરીને વિષ્ણુપુરાણને અનુસરે છે. તેમાં કેટલીક નવી બાબતો આ કાળમાં ઉમેરાઈ છે. ઉપરાંત લિંગપુરાણ કે શિવપુરાણના કેટલાક ખંડ સ્પષ્ટ રીતે 9મી-10મી સદીમાં ઉમેરાયા. તેવી જ રીતે ગરુડપુરાણના ચાર કાંડ 9મી સદીમાં અને તેમાં ત્રિકાળ સંધ્યા, જપ, પૂજા, વ્રતો, તીર્થો, પ્રતિષ્ઠા, મંત્ર, તંત્ર વગેરે જેવા વિષયો 10મી સદીમાં ઉમેરાયા છે. અનેક વિષયોના સંગ્રહરૂપે રચાયેલ 'અગ્નિપુરાણ'ના કાવ્યશાસ્ત્રને લગતા અધ્યાયો ૯મી સદીના છે. બ્રહ્મવૈવર્તપુરાણમાં બંગાળી વૈષ્ણવ ધર્મની અસર સ્પષ્ટ રહેલી છે. તેમાં જન્માષ્ટમી વ્રત, એકાદશી-વ્રતનું મહત્ત્વ 8મી સદીનું જ્યારે પછીના અંશ 10મી સદીના છે. તેવી જ રીતે નારદપુરાણમાંના વ્રતો વગેરે 9મી-10મી સદીમાં ઉમેરાયાં. આમ આ કાળના ધાર્મિક સાહિત્યમાં વ્રતો, તીર્થો, પૂજા, દાન, દીક્ષા વગેરેનો મહિમા જોવા મળે છે.

સ્મૃતિ રચના બંધ થઈ તેના સ્થાને ટીકા ગ્રંથો અને નિબંધોની પ્રથા ચાલી. વિશ્વરુપની 'બાલક્રીડા' (યજ્ઞવલ્કયસ્મૃતિ પર ટીકા) અને મેધાતિથિની 'મનુભાષ્ય' (મનુસ્મૃતિ પર ટીકા) આ કાળની મહત્ત્વના ટીકા ગ્રંથો છે. શૈવધર્મને લગતા સાહિત્યમાં વાસુગુપ્તનું 'શિવસૂત્રા', કલ્લટનું 'સ્પન્દસર્વસ્વ', સોમાનંદનું 'શિવદ્રષ્ટિ' અને અભિનવગુપ્તનું 'પરમાર્થસાર', 'તંત્રાલોક' મહત્ત્વના છે. બૌદ્ધ તાંત્રિક ગ્રંથોમાં 'મંજુશ્રીમૂલકલ્પ' તથા 'ગુહ્યસમાજ' લખાયાં. જૈન સાહિત્યમાં હરિભદ્રસૂરિએ કેટલાક ગ્રંથ અને ટીકા લખી. અનેક સાંપ્રદાયિક કૃતિઓ આ સમયમાં રચાઈ.

આસ્તિક દર્શનનો બચાવ કરનાર આ કાળના વાચસ્પતિ મિશ્ર મહત્ત્વના દાર્શનિક છે. સર્વ દર્શનો પરત્વે સમાનભાવ ધરાવનાર તેઓ સર્વદર્શનવલ્લભ તથા સર્વતંત્રસ્વતંત્ર કહેવાયા. તેમણે ન્યાયદર્શન વિશે 'ન્યાયસૂચિનિબંધ' અને 'ન્યાયસૂત્રોદ્ધાર' રચ્યો. ઉદ્યોતકરના 'ન્યાયવાર્તિક' પર 'તાત્પર્ય' ટીકા લખી. ઈશ્વરકૃષ્ણકૃત સાંખ્યકારિકા પર 'સાંખ્યતત્વકૌમુદી' ટીકા લખી. પતંજલિના 'યોગસૂત્ર' પરના વ્યાસભાષ્ય પર 'તત્ત્વવૈશારદી' વૃત્તિ લખી. મંડનમિશ્ર રચિત 'વિધિવિવેક' પર 'ન્યાયકણિકા' ટીકા લખી. તો ભટ્ટમીમાંસા પર 'તત્ત્વબિંદુ' ગ્રંથ લખ્યો. શાંકરભાષ્ય પર 'ભામતી' નામે વૃત્તિ લખી. મંડનમિશ્રની 'બ્રહ્મસિદ્ધિ' પર 'તત્ત્વસમીક્ષા' ટીકા લખી.

ન્યાયદર્શનમાં જયંત ભટ્ટે (કાશ્મીર ઈ.સ. 883-900) ન્યાયસૂત્રો પર 'ન્યાયમંજરી' ટીકા લખી. 10મી સદીના પ્રારંભે ભાસર્વજ્ઞે ન્યાયદર્શનની સમીક્ષા કરતો ગ્રંથ 'ન્યાયસાર' લખ્યો. ઉદયનાચાર્યે (ઈ.સ. 984) ન્યાયવાર્તિક-ટીકા પર 'પરિશુદ્ધિ' ટીકા રચી. ઉપરાંત તેમણે 'લક્ષણાવલી' અને 'કિરણાવલી' વૃત્તિઓ લખી. તો સાથે સાથે 'ન્યાયકુસુમાંજલી'માં કારિકાઓ, વૃત્તિઓ દ્વારા મીમાંસા, સાંખ્ય, વેદાંત અને બૌદ્ધ મતનું ખંડન કરી આત્માના અસ્તિત્વનું પ્રતિપાદન કર્યું. યોગદર્શન પર ભોજે રાજમાર્તંડ, વિજ્ઞાનભિક્ષુએ 'યોગવાર્તિકા' ટીકા લખી. વિજ્ઞાનભિક્ષુનો 'યોગસારસંગ્રહ' 10મા સૈકાનો છે. પ્રભાકરે શાબરભાષ્ય પર 'બૃહતી' ટીકા તો કુમારિલ ભટ્ટે તેના પર ખંડ ગ્રંથોમાં શ્લોકવાર્તિક, તંત્રવાર્તિક અને ટુપ ટીકા લખી. તેમના શિષ્ય મંડનમિશ્રે 'વિધિવિવેક' અને 'મીમાંસાનું-ક્રમણી' લખી. શંકરાચાર્યે (ઈ.સ. 788-820) વેદાંતદર્શનમાં બ્રહ્મસૂત્ર ઉપરાંત ભગવદગીતા તથા દસ ઉપનિષદો પર ભાષ્ય લખ્યાં. તેમને કેવલાદ્વૈતવાદ, માયાવાદનું પ્રતિપાદન કર્યું છે. માયાવાદ બૌદ્ધ શૂન્યવાદ અને વિજ્ઞાનવાદના સંયોજનથી વિકસ્યો હતો તેથી શંકરાચાર્ય પ્રચ્છન્ન બૌદ્ધ પણ કહેવાયા છે. તેમના ભાષ્યો પર તેમના શિષ્ય પદ્મપાદાચાર્યે બ્રહ્મસૂત્ર પર પંચવાદિકા નિબંધ લખ્યો. સર્વસમુનિએ બ્રહ્મસૂત્રભાષ્યનો સંક્ષેપ-શારીરિક પદ્ય સક્ષેપ કર્યો. દ્રાવિડ વેદાંતનો પુનરુદ્ધાર શ્રીનાથમુનિએ (ઈ.સ. 850-920) કર્યો. તેઓ વિશિષ્ટાદ્વૈતવાદના પ્રવર્તક હતા. તેમણે ન્યાયતત્ત્વ અને યોગરહસ્ય ગ્રંથ લખ્યા મનાય છે. તેમના પૌત્ર યામુનાચાર્યે સિદ્ધિત્રય, આગમપ્રમાણ્ય, પુરુષનિર્ણય, ગીતાર્થસંગ્રહ વગેરે ગ્રંથ લખ્યા. 11મી સદીમાં તેમના શિષ્ય શ્રીરામાનુજાચાર્ય વિશિષ્ટાદ્વૈતવાદના પ્રવર્તક બન્યા. આ મતમાં જગતને સત્ય માન્યું છે ને માયાવાદનું ખંડન કર્યું છે. શૈવદર્શનમાં વેદાંતના અદ્વૈતની અસર છે. કાશ્મીરમાં શૈવદર્શનમાં વસુગુપ્તનું શિવસૂત્રો, કલ્લટનું સ્પન્દસર્વસ્વ, સોમાનંદનું શિવદ્રષ્ટિ અને પ્રત્યભિજ્ઞાસૂત્ર, ઉત્પલાચાર્યનું પ્રત્યભિજ્ઞાકારિકા, અભિનવગુપ્તનું પ્રત્યભિજ્ઞા-વિમર્શિની, તંત્રલોક, પરમાર્થસાર વગેરે મહત્ત્વનાં છે.

બૌદ્ધ સાહિત્યમાં કાશ્મીરના સર્વજ્ઞમિત્રે (8મી સદી) સ્રગ્ધરાસ્તોત્ર રચ્યો. આ સમયના અનેક બૌદ્ધ ગ્રંથોમાં શૂન્યવાદી વજ્રયાનના મતનું અને સહજયાનનું નિરુપણ છે. વિજ્ઞાનવાદી વજ્રયાનનું વર્ણન લુઈ-પાના દોહા અને આચાર્ય કમ્બલના પ્રજ્ઞાપારમિતા-નવશ્લોક-પિંડાર્થમાં છે. શાંત રક્ષિતે (પાલ રાજ્ય) તત્ત્વસંગ્રહમાં યોગાચાર મતનું પ્રતિપાદન અને બૌદ્ધ દાર્શનિકોના મતોનું ખંડન કર્યું. આચાર્ય હરિભદ્રે પ્રજ્ઞાપારમિતાસૂત્ર પર વૃત્તિ લખી યોગાચાર મત સમજાવ્યો છે. જૈન સાહિત્યમાં પ્રાકૃત આગમો પર સંસ્કૃતમાં ટીકા લખનાર સર્વ પ્રથમ વિદ્વાન આચાર્ય હરિભદ્રસૂરિ છે. તેમનો અનેકાન્તવાદનું પ્રતિપાદન કરતો ગ્રંથ અનેકાન્તપતાકા છે. શાસ્ત્રવાર્તાસમુચ્ચયમાં કપિલ, બુદ્ધ વગેરેના મતોને અનેકાન્તવાદ સાથે સમન્વયનો પ્રયાસ કર્યો છે. તેમણે ષડદર્શનસમુચ્ચય, લોકતત્ત્વનિર્ણય, યોગબિંદુ, યોગદ્રષ્ટિસમુચ્ચય સંસ્કૃતમાં લખ્યા ને જૈન સાહિત્યમાં યોગ-નિરુપણને મહત્ત્વ આપ્યું. સિદ્ધર્ષિસૂરિ (ભિલ્લમાલ ઈ.સ. 905) એ પ્રસિદ્ધ રુપક ગ્રંથ ઉપમિતિભવપ્રપંચકથા સંસ્કૃતમાં લખ્યો. ઉપરાંત અન્ય કેટલાક પ્રાકૃત ગ્રંથો ચરિતોનું

*સંસ્કૃતમાં રુપાંતર થયું. રાષ્ટ્રકૂટ રાજા અમોઘવર્ષે પ્રશ્નોત્તરમાલિકા માં જૈન આચાર અંગે વર્ણન કર્યું. આમ, 10મી સદી સુધીમાં જૈન સાહિત્યમાં સંસ્કૃતમાં કૃતિઓ રચાઈ.*

**16.2.2.2 પ્રાકૃત સાહિત્ય**

*બૌદ્ધ ગ્રંથો મોટાભાગે સંસ્કૃતમાં લખાયા તેમ છતાં પ્રાકૃતમાં વૃત્તિઓ અને પ્રકરણ ગ્રંથો લખાતા રહ્યા. પ્રાકૃત લોકભાષામાંથી સાહિત્યિક ભાષા બની. વિદ્વાનોએ સંસ્કૃતમાં રચનાઓ કરી સાથે પ્રાકૃતને પણ જીવંત રાખી. ઉપતિસ્સે પ્રાકૃત ગદ્યમાં 'બોધિવંશ' લખ્યો. શ્રીલંકામાં પાલી ગ્રંથોની રચના ચાલુ રહી. હરિભદ્રસૂરિની સમરાદિત્યકથા અને 'ધૂર્તાખ્યાન' અનુક્રમે પ્રાકૃતગદ્ય અને પ્રાકૃત પદ્યમાં મળે છે. તેમણે પ્રાકૃતમાં અનેક પ્રકરણ ગ્રંથો લખ્યા. જેમાંથી 'સંબોધપ્રકરણ' મહત્ત્વનો છે. તેમના યોગને લગતા ચાર ગ્રંથોમાં 'યોગશતક' ને યોગવિંશતિ પ્રાકૃતમાં છે. ઉદ્યોતનસૂરિએ (ઈ.સ. 789) 'કુવલયમાલા' કથા મહારાષ્ટ્રી પ્રાકૃતમાં ચમ્પૂ પ્રકારે લખી. જેમાં સમકાળીન 18 પ્રાદેશિક ભાષાઓના નમૂના આપ્યા છે. શીલાંક વિમલમિતએ 'ચઉપન્નમહાપુરિસચરિય'માં 54 મહાપુરુષોનાં ચરિત પ્રાકૃત ગદ્ય-પદ્યમાં રચ્યાં. ઉપદેશમાલા પર જયસિંહસૂરિએ પ્રાકૃતમાં વૃત્તિ લખી. વિજયસિંહસૂરિએ (ઈ.સ. 919) પ્રાકૃતમાં 'ભવનસુંદરી-કથા' લખી. તો આ સમયે નંદિષેણે અજિત-શાંતિ-સ્તવ વિવિધ છંદોમાં રચી. 10મી સદીના ઉત્તરાર્ધમાં મહેશ્વરસૂરિએ 'જ્ઞાનપંચમી-કથા' રચી.*

**16.2.2.3 અપભ્રંશ સાહિત્ય**

*6ઠ્ઠી થી 12મી સદીમાં અપભ્રંશનો સાહિત્યિક ભાષા તરીકે વિકાસ થયો. મોટે ભાગે જૈન કવિઓએ મહાપુરુષોનાં ચરિત રચ્યાં. કવિ સ્વયંભૂદેવે 'પદ્મચરિત' (રામનું ચરિત) અને 'હરિવંશપુરાણ' (નેમિનાથ કૃષ્ણ પાંડવોનું ચરિત) મહાકાવ્ય રચ્યાં. પુષ્પદંતે 'મહાપુરાણ' (63 મહાપુરુષોના ચરિત), 'જસહરચરિઉ' (યશોધરનું ચરિત), 'ણાયકુમારચરિઉ' (નાગકુમારનું ચરિત) એમ ત્રણ માહાકાવ્ય રચી તેમાં ઉત્તમ કાવ્યનાં તત્ત્વો પ્રયોજ્યાં. કનકામર કવિએ (10મી સદી) 'કરકંડચિરઉ' મહાકાવ્ય તો કવિ ધનપાલે-ભવિસયત્તકહા રચી. કવિ પદ્મકીર્તિએ 'પાસનાહચરિઉ'માં પાશ્વનાથનું ચિરત નિરુપ્યું. કથા સાહિત્ય પ્રકાર વિકસ્યો જેમાં હરિષેણની (મેવાડ) 'ધમ્મ-પરિક્ખા' પ્રાકૃત કથા મહત્ત્વની છે. ગુજરાતમાં મૂલરાજ પહેલાના સમયમાં શ્રીચંદ્રમુનિએ 'કથાકોશ'માં અનેક બોધકથાઓ સંગ્રહિત કરી.*

**16.2.2.4 કન્નડ અને તામિલ સાહિત્ય**

*10 મી સદીમાં કન્નડ સાહિત્યનો ભારે વિકાસ થયો. વળી કર્ણાટકના રાજાઓએ તો આ ભાષાને રાજ્યાશ્રય આપ્યો હતો. રાષ્ટ્રકૂટ રાજા અમોઘવષ નૃપતુંગે (ઈ.સ. 814-878) 'કવિરાજમાર્ગ' ગ્રંથ લખ્યો. છંદ પરનો સૌ પ્રથમ કન્નડ ગ્રંથ 'છંદોમ્બુધિ' નાગવર્માએ (૧૦મી સદી) રચ્યો. જૈન ત્રિ-કવિરત્નોમાં પમ્પ, પોન્ન અને રન્ન થયા. પમ્પે 'આદિપુરાણ' અને 'વિક્રમાર્જુન-વિજય' (પમ્પ ભારત) મહાકાવ્યો લખ્યાં. પોન્ને 'શાંતિપુરાણ', રન્ને 'અજિતપુરાણ' અને 'સાહસ-ભીમ-વિજય' (ગદાયુદ્ધ) રચ્યું. આમ,*

*જૈન કવિઓએ મહાભારતના કથાપ્રસંગો વિશે સુંદર મહાકાવ્ય રચ્યાં. ચામુંડરાયે ‘ચામુંડરાય-પુરાણ’માં 24 તીર્થંકરોનાં ચરિત ગદ્યમાં આલેખી કન્નડ ગદ્ય સાહિત્યનો વિકાસ કર્યો.*

*અગાઉના શૈવ નાયનારોનાં સ્તવનોની અસર ચાલુ રહી. આ કાળમાં તિરુમલિકઈ તેવર, શેન્થનર, કરૂર તેવર, કન્દર, આથિથન (છોલ રાજા ગંડરાદિત્ય ઈ.સ. 953-957), પુરુષોથમ નમ્બિએ શૈવ સ્તવનો રચ્યાં. જેને નમ્બિ-આન્દાર-નમ્બિએ ‘તિરુ-ઈશઈપ્પ’માં સંગ્રહિત કર્યા. પત્તિનથારની કૃતિઓ પણ જાણીતી છે. વૈષ્ણવ આળવારોમાં તોંડરડિપ્પોડિ, તિરુપ્પાન, અને તિરુમંગઈનાં ભક્તિપૂર્ણ સ્તવનો પ્રસિદ્ધ છે. નવમાં શતકમાં આળવારોમાં આચાર્ય પરંપરા શરુ થઈ ને પહેલા આચાર્ય નાથમુની થયા. તેમણે આળવારોનાં સ્તવનો સંગ્રહિત કર્યા.*

### 16.2.3 પ્રાચીનકાળનો અંતિમ તબક્કો : (ઈ.સ. 1001 થી 1200 સુધીનું સાહિત્ય) :-

#### 16.2.3.1 સંસ્કૃત સાહિત્ય

*સંસ્કૃતમાં મૌલિક સર્જનને સ્થાને શાસ્ત્રીય નિયમો આધારિત રચનાઓનું પ્રચલન વધ્યું તો વળી, પ્રાચીન ભાષાઓમાં સંસ્કૃત, પાલિ, પ્રાકૃત અને અપભ્રંશ સાહિત્ય પુરતી સીમિત થવા લાગી.*

*કાવ્યમાં 12મી સદીમાં કનોજ ગાહડવાલ રાજા જયચંદ્રના સમયમાં શ્રીહર્ષે નૈષધચરિત મહાકાવ્ય રચ્યું. જે સંસ્કૃતના પાંચ પ્રશિષ્ટ મહાકાવ્યોમાં સ્થાન પામ્યું. કાશ્મીરમાં 11મી સદીમાં કવિ ક્ષેમેન્દ્રએ ‘ભારતમંજરી’ અને ‘રામાયણમંજરી’ પદ્યકાદંબરી અને દશાવતાર ચરિતની રચના કરી. કાશ્મીર કવિ મંખે ‘શ્રીકંઠ ચરિત’ (12મી સદી) રચ્યું. જેમાં જાન કવિઓમાં માણિક્યસૂરિએ ‘યશોધર-ચરિત’, હેમચન્દ્રે ‘ત્રિષષ્ટિશલાકાપુરુષતરિત’, ઓડેયદેવે ‘ક્ષત્રચુડામણિ’, દેવપ્રભસૂરિએ ‘પાંડવચરિત’, અમરચન્દ્રસૂરિએ ‘બાલરભારત’, પદ્માનંદ મહાકાવ્ય, વસ્તુપાલે ‘નરનારાયણાનંદ’, માણિક્યચંદ્રસૂરિએ ‘શાંતિનાથ ચરિત’ અને ‘પાર્શ્વનાથચરિત’, ધર્મકુમારે ‘શાલિભદ્રચિરત’ વગેરે મહત્ત્વના છે.*

*ઐતિહાસિક કથાવસ્તુવાળાં કાવ્યોમાં પદ્મગુપ્તે ‘નવસાહસાંકચરિત’, બિલ્હણનું ‘વિક્રમાંકદેવચરિત’ મુખ્ય છે. આચાર્ય હેમચન્દ્રે સંસ્કૃતમાં ‘દ્વયાશ્રય’માં વ્યાકરણની સાથે સોલંકી વંશનો ઈતિહાસ આપ્યો છે. ઉપરાંત બિલ્હણે ‘ચૌર-પંચાશિકા’, જયદેવ નું ‘ગીત ગોવિંદ’, ગોવર્ધનનું ‘આર્યાસપ્તશતી’ તથા ધોયીનું ‘પવનદૂત’ ઊર્મિકાવ્યો તરીકે નોંધપાત્ર છે. આ કાળમાં રચાયેલાં બોધકાવ્યમાં શંભુ રચિત ‘અન્યોક્તિમુકતાલતાશતક’, કુસુમદેવનું ‘દષ્ટાંતશતક’, નાગરાજનું ‘ભાવશતક’, ક્ષેમેન્દ્રનું ‘સમયામાતૃકા’, કલાવિલાસ, દર્પદલન, સેવ્યસેવકોપદેશ અને નર્મમાલા, સુભાષિતસંગ્રહમાં વલ્લભદેવની ‘સુભાષિતાવલી’, શ્રીધરદાસનું ‘સદુક્તિકર્ણામૃત’ મહત્ત્વનાં છે.*

*આ સમયના નાટકો પૌરાણિક કથાવાળા રચાયાં. જેમાં જયદેવ ‘પ્રસન્નરાઘવ’, ઉમાપતિએ ‘પારિજાતહરણ’, આચાર્ય હેમચંદ્રના શિષ્ય રામચંદ્રે ‘નલવિલાસ’,*

*'રઘુવિલાસ', ''દુવિલાસ', 'સત્યહરિશ્ચન્દ્ર', 'નિર્ભયભીમ', 'રાઘવાભ્યુદય', 'યાદવાભ્યુદય', કુલશેખરે 'તપતી-સંવરણ', 'સુભદ્રા-ધનંજય', પ્રહલાદનદેવનું 'પાર્થપરાક્રમ', વત્સરાજનાં (કાળંજર રાજા પરમરર્દિદેવનો મંત્રી) 'કિરાતાર્જનીય વ્યાયોગ', 'રુકમણીહરણ', 'ઈહામૃગ', 'ત્રિપુરદાહ', ડિમ અને સમુદ્રમંથન રુપક પ્રકારનાં છે.*

*અર્ધ ઐતિહાસિક કે ઐતિહાસિક વસ્તુવાલાં નાટકોમાં બિલ્હણનું 'કર્ણસુંદરી', દેવેન્દ્રનું ' ચંદ્રલેખાવિજય', વિદ્યાનાથનું 'પ્રતાપરુદ્રકલ્યાણ', કવિ કૃષ્ણમિશ્રનું 'પ્રબોધચંદ્રોદય' ગુણદોષનાં રુપક પાત્રો ધરાવતા મહત્વનાં નાટકો છે. આમ આ કાળે પ્રકરણ, વ્યાયોગ, ભાણ અને હાસ્ય એમ વિવિધ પ્રકારનાં નાટકો રચાયાં.*

*ગદ્યકથામાં અગાઉના વિદ્વાનોની ઉચ્ચ પ્રતિભા આ કાળે લુપ્ત થઈ. કવિ સોઢ્ઢલની ઉદયસુંદરી કથા, ઓડેયદેવની 'ગદ્યચિંતામણી' અને વિદ્યાચક્રવર્તીની 'ગદ્યકર્ણામૃત' ગદ્યકથા આ કાળે રચાઈ. 10મી સદીથી વિકસેલ ચમ્પૂ સાહિત્ય પ્રકારમાં આ કાળે ભોજ-લક્ષ્મણની 'ભારતચમ્પૂતિલક' તથા અભિનવ કાલિદાસની 'ભાગવતચમ્પૂ' અને અભિનવ-ભારતચમ્પૂ મુખ્ય છે.*

*11મી સદીમાં કાશ્મીરમાં રચાયેલ બે પદ્ય રચનાઓમાં પહેલી ક્ષેમેન્દ્રની બૃહત્કથામંજરી અને બીજી સોમદેવની કથાસરિત્સાગર મળે છે. લોકપ્રિય કથાઓમાં વેતાલપંચવિંશતિકા, શુકસપ્તતિ અને સિંહાસનદ્વાત્રિંશિકાના રુપાંતર સ્વરુપે મળે છે. આચાર્ય હેમચંદ્રનું પરિશિષ્ટપર્વ અને પ્રભાચંદ્રના પ્રભાવકચરિતમાં પુરોગામી સૂરિઓ, રાજાઓનાં ચરિત નિરુપાયાં છે. પ્રાચીન પંચતંત્રના રુપાંતર રુપે તંત્રાખ્યાયિકા, પૂર્ણભદ્રનું પંચાખ્યાયિકા મુખ્ય છે. વસ્તુપાલના સમયે નરચંદ્રસૂરિએ જૈન ધર્મકથાનો સંગ્રહ 'કથારત્નાકર' તૈયાર કર્યો.*

*અષ્ટાધ્યાયી, મહાભાષ્ય, કાશિકા ઉપરાંત જૈનેન્દ્રવ્યાકરણ કાતન્ત્ર વ્યાકરણ, શાકટાયન વ્યાકરણ વગેરે જેવા પુરોગામી વ્યાકરણ ગ્રંથો પર આ કાળે વૃત્તિઓ લખાઈ. 'સારસ્વત-વ્યાકરણ'નામથી સંક્ષેપ વ્યાકરણ રચાયું. હેમચન્દ્રે સિદ્ધરાજની પ્રેરણાથી 'સિદ્ધહેમશબ્દાનુશાસન' વ્યાકરણ ગ્રંથ લખ્યો. તેમાંનું પ્રાકૃત વ્યાકરણ આજે પણ જૈન અભ્યાસીઓમાં લોકપ્રિય છે.*

*યાદવપ્રકાશે 'વૈજયંતી' શબ્દકોશ લખ્યો. ભોજે 'નામ-મલિકા' ગ્રંથ સંગ્રહરુપે રચ્યો. પુરુષોત્તમે અમરકોશની પુરવણી રુપે 'ત્રિકાંડ-શેષ' લખ્યો. મહેશ્વરના વિશ્વપ્રકાશ તથા મંખના અનેકાર્થકોશમાં વ્યંજનો પ્રમાણે શબ્દો આપવામાં આવ્યા છે. કેશવસ્વામીનો 'નાનાર્થાર્ણવ- સંક્ષેપ' પણ એ પ્રકારનો કોશ છે. હેમચન્દ્રે અભિધાન-ચિન્તામણી લખ્યો. તેમનો 'દેશીનામમાલા' દેશી શબ્દકોશ સ્વરુપે અને 'નિઘંટુકોશ' ત્રણ ભાગમાં રચ્યો. જેમાં પ્રથમ બે ભાગ ઔષધિ, વનસ્પતિ અને ત્રીજો ભાગ રત્નોને લગતો છે.*

*ક્ષેમેન્દ્રનો 'સુવૃત્તિતલ', કેદારનો 'વૃત્ત-રત્નાકર' છંદશાસ્ત્ર પરના મહત્ત્વના ગ્રંથ છે. હેમચન્દ્રે 'છંદોનુશાસન'માં સંસ્કૃત-પ્રાકૃત અને અપભ્રંશ છંદો વર્ણવ્યા છે. જયકીર્તિએ પણ 12મી સદીમાં 'છંદોનુશાસન' ગ્રંથ રચ્યો. ઉપરાંત 'કવિદર્પણ' પ્રાકૃત-સંસ્કૃતમાં છે.*

ગુજરાતના અમરચંદ્રસૂરિએ 'છંદોરત્નાવલિ'માં છંદના નામ, લક્ષણ દ્રષ્ટાંત સાથે આપ્યા છે.

આ સમયમાં કાવ્યશાસ્ત્રમાં સારો વિકાસ થયો. તેમાં રાજાનક મહિમભટ્ટનો 'વ્યક્તિવિવેક' મહત્ત્વનો છે. અગ્નિપુરાણનો અલંકાપર્વ આ કાળે લખાયો. ભોજકૃત 'સરસ્વતીકંઠાભરણ' માં શૃંગારરસનું મહત્ત્વ દર્શાવ્યું છે. ક્ષેમેન્દ્ર રચિત 'ઔચિત્યવિચારચર્ચા'માં રસનું મહત્ત્વ દર્શાવ્યું છે. મમ્મટ રચિત 'કાવ્યપ્રકાશ' સંસ્કૃત કાવ્યશાસ્ત્રનો મહત્ત્વનો ગ્રંથ છે. તેમાં કાવ્યશાસ્ત્રના સઘળા વિષયોનું વિસદ વિવરણ છે. માણિક્યચંદ્રે અને જયંતભટ્ટે મમ્મટના કાવ્યપ્રકાશ પર ટીકા લખી છે. કાશ્મીરના રુચ્યકે 'અલંકારસર્વસ્વ', આચાર્ય હેમચન્દ્રે 'કાવ્યાનુશાસન' માં કાવ્યશાસ્ત્રના વિભિન્ન વિષયો ઉપરાંત ધ્વનિસંપ્રદાયની હિમાયત કરી છે. કાશ્મીરમાં શોભાકરણનો 'અલંકારરત્નાકર' પ્રસિદ્ધ હતો. 'વાગ્ભટ્ટલંકાર' અને એકાવલી પણ કાવ્યને લગતા ગ્રંથ છે. મહામાત્ય વસ્તુપાલની વિનંતીથી ઈ.સ. 1226માં નરેન્દ્રપ્રભુસૂરિએ 'અલંકાર મહોદધિ'ની રચના કરી. જેમાં મમ્મટ અને હેમચંદ્રની કૃતિઓની અસર છે. નવોદિત કવિઓને માર્ગદર્શક એવી કૃતિમાં ક્ષેમેન્દ્રએ 'ઔચિત્યવિચારચર્ચા' તથા 'કવિકંઠાભરણ' રચી. ગુજરાતમાં જયમંગલની 'કવિશિક્ષા', વિનયચંદ્રસૂરિની 'કાવ્યશિક્ષા', અમરચંદ્રની 'કવિશિક્ષા' મુખ્ય છે. હેમચંદ્રના શિષ્ય રામચંદ્ર-ગુણચંદ્રે 'નાટ્યદર્પણ' નામે નાટ્યશાસ્ત્રનો વિરલગ્રંથ લખ્યો. 12મી સદીમાં ભાસ્કરાચાર્યએ સિદ્ધાંતશિરોમણી ગણિત વિશે ગ્રંથ લખ્યો. જેમાંના લીલાવતી અને બીજગણિત અધ્યાય ગણિત અંગે અને ગ્રહગણિત અને ગોલ અધ્યાય ખગોળવિદ્યા માટે ખૂબ મહત્ત્વના છે. જ્યોતિષ ગ્રંથોમાં કુમારપાળના સમકાળીન દુર્લભરાજ અને તેના પુત્ર જગદેવે 'સામુદ્રિકતિલક' લખ્યો. જગદેવે ચિંતામણિ તથા અજયપાલના સમયમાં નરહરિએ' નરપતિજયચર્ચા-સ્વરાદેય રચી તેમાં ફલાદેશના પ્રકારો વર્ણવ્યા છે.

ચક્રપાણિદત્ત, સુરેશ્રવર, ભોજ, સાંર્ગધર વગેરેએ આ કાળમાં આયુર્વેદને લગતા ગ્રંથો લખ્યા. જેમાં ચક્રપાણિનું ચિકિત્સાસંગ્રહ અને સાંર્ગધરનું સંહિતા તથા રસાર્ણવ ખાસ મહત્ત્વના છે.

સંગીત-મકરંદ, પ્રતાપ ચક્રવર્તીએ 'સંગીતચૂડામણિ', પાર્શ્વદેવે 'સંગીતસમયસાર' આ કાળમાં રચ્યા. સોમેશ્વરના 'માનસોલ્લાસ' માં ગીત વાદ્યોનું વર્ણન છે.

શિલ્પકલા વિશે અગ્નિપુરાણના અમુક અધ્યાયોમાં વર્ણન છે. આ સમયે સયમત અને માનસાર, સમરાંગણસૂત્રધાર તથા અપરાજિતપૃચ્છા વગેરે શિલ્પશાસ્ત્ર અંગે લખાયા. આગમગ્રંથોમાં આ વિશે આલેખન થયું.

12મી સદીમાં જ્યોતિરીશ્વરે 'પંચસાયક' અને કોક્કોકે 'રતિરહસ્ય' લખ્યા.

આ કાળે ખાસ કરીને ધર્મશાસ્ત્રમાં નિબંધો લખાયા. જેમાં લક્ષ્મીધરનો 'ક્રિયાકલ્પતરુ' પ્રસિદ્ધ છે. તેમાં દાન, પૂજા, તીર્થ, વ્રત વગેરે વિવિધ વિષયનું વર્ણન છે. વિજ્ઞાનેશ્વરનું 'મીતાક્ષરા', અપરાર્કનું 'યાજ્ઞવલ્કયસ્મૃતિટીકા' તથા જીમૂતવાહને

*'દાયભાગ', વ્યવહારમાતૃકા, 'કાળવિવેક' લખ્યાં. અનિરુદ્ધે 'હારલતા'માં સૂતકનો, 'પિતૃદયિત'માં શ્રાધનું આલેખન કર્યું. બલ્લાસેનના 'દાનસાગર' માં દાન તથા 'અદ્દભુતસાગર'માં અપશુકન-શુકન અંગે વર્ણન કર્યું છે. દેવણભટ્ટે 'સ્મૃતિચંદ્રિકા' રચી.*

*ન્યાય વિષયક ગ્રંથોમાં ગંગેશનું 'તત્ત્વચિંતામણિ' મહત્ત્વનું છે. જૈન વિદ્વાનોએ ન્યાયશાસ્ત્ર વિકસાવ્યું. શિવાદિત્યે ન્યાય અને વૈશેષિક મતોનું સમાધાન કરતો ગ્રંથ 'સપ્તપદાર્થી' ભોજે યોગશાસ્ત્ર અંગે 'રાજમાર્તણ્ડ', શ્રીહર્ષે 'ખંડનખંડખાદ્ય' રચ્યો. વેદાંત દર્શનમાં ભક્તિને મહત્ત્વ આપતા નવા મત પ્રચલિત થયા.*

### 16.2.3.2 પાલિ, પ્રાકૃત અને અપભ્રંશસાહિત્ય

*શ્રીલંકા વગેરે દેશોમાં પાલિભાષામાં રચનાઓ ચાલુ રહી. ત્રિપિટક ગ્રંથો પર પાલિમાં વૃત્તિઓ લખાઈ. વ્યાકરણમાં કચ્ચાયન મત સંબંધિત કેટલાક ગ્રંથ લખાયા. થેર મોગ્ગલ્લાને સદ્દલકખણ મત પ્રસાર્યો. અમરકોશની પરિપાટી પર અભિધાનપ્પદીપિકા કોશ લખાયો.*

*જૈન મહારાષ્ટ્રી પ્રાકૃતમાં સારો વિકાસ થયો. કથામાં ધનેશ્વરે 'સુરસુંદરી', ગુણચંદ્રે મહાવીર ચરિત, વર્ધમાને 'આદિનાથ ચરિત' લખ્યાં. ગુજરાતમાં હેમચન્દ્રે 'દ્વયાશ્રય'માં કુમારપાલનું ચરિત નિરુપ્યું સાથે પ્રાકૃત વ્યાકરણ ઉપરાંત શૌરસેની, માગધી, પૈશાચી, અપભ્રંશનું પણ સદ્રષ્ટાંત નિરુપણ કર્યું. સોમપ્રભે રચેલ કુમારપાલપ્રતિબોધ ગદ્ય-પદ્યમાં છે. જૈન તીર્થંકરો, રાજાઓનાં વ્યક્તિચરિત્રો અને સ્તોત્ર પ્રાકૃતમાં રચાયાં છે. બોધાત્મક પ્રકરણગ્રંથો પણ પ્રાકૃતમાં રચાયા. હેમચન્દ્રે સિદ્ધહેમશબ્દાનુશાસનમાં અને ક્રમદીશ્વરે 'સંક્ષિપ્તસાર'માં પ્રાકૃત વ્યાકરણ અધ્યાય આપ્યા છે. ઉપરાંત ત્રિવિક્રમનું 'પ્રાકૃત શબ્દાનુશાસન' અને પુરુષોત્તમનું 'પ્રાકૃતાનુશાસન' પ્રાકૃત વ્યારકણને લગતાં છે. મોટાભાગે જૈન વિદ્વાનોએ અપભ્રંશ કૃતિઓ રચી. જેમાં પદ્મકીર્તિએ 'પાર્શ્વપુરાણ' હરિભટે... 'નેમિનાથચરિઉ' લક્ષ્મણદેવે 'નેમિનાથ-ચરિઉ' વગેરે તીર્થંકરોનાં ચરિત છે. સિંહ રચિત 'પજ્જુણ્ણકહા' પણ નોંધપાત્ર છે. શ્રીચંદ્રે 'કથાકેશ' નામે ધર્મકથા સંગ્રહ કર્યો. શ્રીધર રચિત 'સુકુમાલ-ચરિઉ', નયનંદિ રચિત 'સુદર્શન-ચરિત' એ નામના શ્રાવકનાં ચરિત છે. ઉપરાંત અનેક બોધદાયક જૈન સાહિત્યકૃતિઓ પણ રચાઈ.* 12*મી સદીમાં અબ્દુલ રહમાને 'સંદેશ-રાસક' મેઘદૂત અને ઋતુસંહારની પરિપાટી પર અપભ્રંશમાં રચી.*

### 16.2.3.3 અર્વાચીન ભાષાઓ

*અપભ્રંશમાંથી અર્વાચીન ભાષાઓ આ કાળમાં વિકાસ પામી. શૌરસેનીમાંથી હિંદી અને રાજસ્થાની ગુજરાતી નિર્માણ પામી. જૂની ગુજરાતી ભાષા મારવાડી ને માળવીની અસરવાળી છે. જૂની ગુજરાતીમાં અપભ્રંશમાં સંધિ-બંધ અને રાસાબંધ કાવ્યપ્રકાર વિકસ્યા. રાસાબંધ જૂની ગુજરાતીમાં પ્રચલનમાં રહ્યો. જૂની ગુજરાતીનું સાહિત્ય મોટાભાગે જૈન ધર્મ અંગે અને પદ્યમાં છે. જૈન મંદિરોમાં પણ રાસ ગવાતા. જેમકે શાલિભદ્રનો 'ભરતેશ્વર-બાહુબલિ રાસ'* (1858).

*જૂની મરાઠીમાં સૌથી પ્રાચીન કૃતિ મુકુન્દરાજની 'વિવેકસિંધુ'* (1190) *છે.*

*જૂની હિંદી પણ અપભ્રંશને મળતી આવે છે. કેટલાક વિદ્વાનો સ્વયંભૂ અને પુષ્પદંતની અપભ્રંશ રચનાઓને જૂની હિંદીની કૃતિઓ માને છે. જ્યોતિરીશ્વરના વર્ણરત્નાકરમાં હિંદી ભાષાના આદિકાળની મૈથિલી ભાષાનું સ્વરુપ મળે છે.* 10*મી થી* 14*મી સદી સુધીમાં હિંદી સાહિત્યનું આદિસ્વરુપ ઘડાયું ને તેમાં દોહા, ચોપાઈ, સવૈયા, છપ્પા, કુંડલિયા વગેરે માત્રામેળ છંદ પ્રયુક્ત થયા.*

*બિહાર, બંગાળ, આસામ અને ઓરિસ્સાની વર્તમાન ભાષાઓ માગધી પ્રાકૃત અને માગધી અપભ્રંશમાંથી ઘડાઈ. જેમાં બંગાળી, આસામી ભાષામાં કેટલુંક નોંધપાત્ર સાહિત્ય* 11*મી સદીમાં રચાયું. ચર્યાપદો સૌથી જૂની બંગાળીનો નમૂનો છે.*

### 16.2.4 સલ્તનકાળીન સાહિત્ય (ઈ.સ. 1201 થી 1526)

### 16.2.4.1 સંસ્કૃત સાહિત્ય

*આજની પ્રાદેશિક ભાષાઓ વાસ્તવમાં આ કાળમાં અલગ અસ્તિત્વવાળી સમૃદ્ધ ભાષાઓ બની. સંસ્કૃતને સ્થાને પ્રાદેશિક ભાષાઓમાં સાહિત્ય ખૂબ લખાયું. તેથી આ કાળને ભાષાયુગ કહે છે. મુસ્લિમ શાસનની સંસ્કૃત સાહિત્ય પર કોઈ અસર થઈ નહી. જો કે ગુણવત્તાની દ્રષ્ટીએ ઓટ આવી હતી. ખાસ કરીને પાઠશાળામાં ઉપયોગી થાય તેવા ગ્રંથો વ્યાપક પ્રમાણમાં લખાયા. દક્ષિણ ભારતમાં સંસ્કૃત સાહિત્યમાં વધુ ખેડાણ થયું. પૌરાણિક અને ઐતિહાસિક કથાપ્રસંગોની પરંપરાગત મહાકાવ્ય સર્જન શૈલી આ કાળે ચાલુ રહી. કૃષ્ણાનંદે પુરીમાં 'સહૃદયાનંદ' મહાકાવ્ય લખ્યું. કાશ્મીરના કવિ જયરથે 'હરચરિત ચિંતામણી', સોમેશ્વરે 'સુરથોત્સવ', જૈન કવિ અભયદેવે 'જયંત વિજય', અમરસિંહે 'સુકૃત સંકીર્તન', બાલચંદ્રસૂરિએ 'વસંતવિલાસ' વગેરે* 13*મી સદીમાં લખાયેલાં મુખ્ય સંસ્કૃત મહાકાવ્યો છે.* 14*મી સદીના પ્રારંભે ચૌહાણ નરેશ હમ્મીરની પ્રશસ્તિમાં નયચંદ્રે 'હમ્મીર મહાકાવ્ય' રચ્યું.* 13*મી સદીના અંતમાં વારંગલના કાકાતીય રાજા પ્રતાપરુદ્રદેવની નિશ્રામાં કવિ અગત્સ્યે આશરે* 74 *રચનાઓ સંસ્કૃતમાં કરી. જેમાંથી 'બાલાભારત' મહાકાવ્ય પ્રસિદ્ધ છે. વિજયનગરના રાજકુમાર કમ્પનની વિદુષી પત્ની ગંગાદેવીએ 'મથુરાવિજય' રચ્યું.* 15*મી સદીમાં વામણ ભટ્ટ બાણે બે મહાકાવ્યો 'રઘુનાથચરિત' તથા 'નલાભ્યુદાય' રચ્યાં.*

*ઐતિહાસિક કાવ્યોમાં જલ્હણની કૃતિઓમાં 'સોમપાલવિજય' માં રાજા સોમપાલનો ઈતિહાસ આલેખ્યો છે. ઉપરાંત સોમેશ્વરે કીર્તિકૌમુદી, ઉદયપ્રભસૂરિએ 'ધર્માભ્યુદય' અને મેરુતુંગે લખેલ 'પ્રબંધ ચિંતામણિ' મુખ્ય કાવ્યો છે.*

*જૈન કવિ ચરિત્રસુંદરસૂરીએ શીલદૂત, અવધૂત રામ યોગીનું 'સિદ્ધદૂત', વિષ્ણુદાસે 'મનોદૂત', અજ્ઞાત કવિએ રચેલ 'ચેતાદૂત', વેદાંતદેશિકે રચાયેલ 'હંસા-સંદેશ' ઊર્મિકાવ્યોમાં વગેરે છે. વેદાંતદેશિકે* 25 *સ્તોત્રો રચી સ્તોત્ર કાવ્ય પ્રકારને સમૃદ્ધ બનાવ્યો. જલ્હણે 'મુગ્ધોપદેશ', શિલ્હણે 'શાંતિશતક', સોમપ્રભે 'શૃંગાર વૈરાગ્ય તરંગિણી' સોમેશ્વરે 'રામશતક' વગેરે ઉપદેશપ્રધાન કાવ્યો રચ્યાં. વેદાંતદેશિકે ભર્તુહરિની પરિપાટી પર 'સુભાષિતનીતિ' અને વૈરાગ્યશતક આ સમયમાં રચ્યાં. સોમેશ્વરનું*

*'અભિલષિતાર્થચિંતામણિ' આ પ્રકારનો સુભાષિત સંગ્રહ છે. જલ્હણે 'સૂક્તિ મુક્તાવલિ' દક્ષિણ ભારતમાં સાયણે 'સુભાષિત સુધાનિધિ', પંડિત પેડ્ડીભટ્ટે સૂક્તિ-વારિધ વગેરેમાં સુભાષિતોનું સંકલન છે.*

13*મી સદીમાં લખાયેલ પૌરાણિક કથાવસ્તુ પરનાં નાટકોમાં સોમેશ્વરે 'ઉલ્લાઘરાઘવ', વિજયપાલે 'દ્રૌપદી-સ્વયંવર', રવિવર્માએ 'પ્રદ્યુમ્નાભુદય' વિસલદેવે 'હરકેલી', બાલચંદ્રે 'કરુણાવજ્રયુદ્ધ' રામભદ્રે 'પ્રબુદ્ધરૌહિણેય', સુભટે 'દુતાંગદ' વગેરે ખ્યાતનામ છે. ઐતિહાસિક કે અર્ધઐતિહાસિક કથા નાટકોમાં યશશ્ચંદ્રે 'મુદ્રિત કુમુદચંદ્ર', જયસિંહસૂરિએ 'હમ્મીરમદમર્દન' કવિ મદને 'પારિજાતમંજરી', સોમદેવે 'લલિત-વિગ્રહરાજ', જયપાલે 'મોહરાજ પરાજય' આ કાળે લખ્યાં. ૧૪મી સદીમાં વિશ્વનાથે 'સૌગંધિકાહરણ' વિરુપાક્ષે 'નારાયણવિલાસ', નેપાળ કવિ મણિકે 'ભરતાનંદ' કવિ ઉદંડે 'મલ્લિકામારુત' અને વેદાંતદેશિકે 'સંકલ્પસૂર્યોદય' સંસ્કૃત નાટકો લખ્યાં.* 15*મી સદીનાં નાટકોમાં દક્ષિણ ભારતમાં પંડિત વામને 'પાર્વતી પરિણય', બ્રહ્મસૂરિએ 'જ્યોતિ-પ્રભાવ-કલ્યાણ', ગંગાધરે લખેલ 'ગંગાપ્રતાપવિલાસ' મુખ્ય સર્જનો છે.*

*આ સમયમાં અનંત ભટ્ટે 'ભારત ચમ્પૂ' નામે પ્રસિદ્ધ ચમ્પૂ ગ્રંથ લખ્યો. કથા સાહિત્યમાં પંચતંત્ર પરથી નારાયણ પંડિતે 'હિતોપદેશ' રચ્યો. નરચંદ્રસૂરિએ 'કથા-રત્નાકર'માં જૈન કથાઓ સંગ્રહિત કરી. કાવ્યશાસ્ત્રમાં જયદેવે જાણીતો 'ચંદ્રાલોક' ગ્રંથ લખ્યો. વિશ્વનાથે દ્રશ્ય-શ્રાવ્ય કાવ્યનો 'સાહિત્ય-દર્પણ' ગ્રંથ રચ્યો. શારદાતનયનો 'ભાવ-પ્રકાશ', શિંગભૂપાલનો 'રસાર્ણવ સુધાકર', સાગરનંદીનો 'નાટક લક્ષણ રત્નકોશ' તથા ભાનુદત્તનો 'રસમંજરી' વગેરે કાવ્યનાં વિવિધ અંગોને લગતા ગ્રંથ છે. ગુજરાતમાં વસ્તુપાલના સાહિત્યમંડળના અરિસિંહ અને અમરચંદ્રનો 'કાવ્ય કલ્પલતા' કવિ-શિક્ષાને લાગતો ગ્રંથ છે.*

*બોપદેવે વ્યાકરણમાં નવો ચીલો પાડતો 'મુગ્ધબોધ' ગ્રંથ રચ્યો. કોશગ્રંથોમાં ઈરુગ દંડાધિનાથ ભાસ્કરે 'નાનાર્થ-રત્નમાલા', વામન ભટ્ટ બાણે 'શબ્દ ચંદ્રિકા' અને 'શબ્દ રત્નાકર', કવિ કેશવે 'નાનાર્થર્ણવસક્ષેપ' તથા કવિ મેદિનીએ 'એકાર્થશબ્દકોશ' સલ્તનકાળમાં લખ્યા. છંદશાસ્ત્રમાં ઓરિસ્સાના ગંગાદાસનું 'છંદોમંજરી' વિખ્યાત છે. સંગીતને લગતા ગ્રંથોમાં સારંગદેવનો 'સંગીતરત્નાકર' અને કવિ લોચન રચિત 'રાગ-તરંગિણી' પ્રસિદ્ધ છે.*

*આ કાળે જ્યોતિષશાસ્ત્રમાં જૈનાચાર્યોએ ખેડાણ કર્યું. જેમાં પદ્મપ્રભસૂરિએ 'ભુવનદીપક', ઉદયપ્રભસૂરિએ 'આરંભસિદ્ધિ' ,નયનચંદ્રસૂરિએ 'જ્યોતિસાર', મહેન્દ્રસૂરિએ 'યંત્રરાજ' ,આચાર્ય કેશવે 'ગણિત દીપિકા' રચ્યાં. કેશવના* 13 *વર્ષીય પુત્ર ગણેશે 'ગ્રહલાઘવ' નામે પ્રસિદ્ધ જ્યોતિષ ગ્રંથ લખ્યો. ગણિત ગ્રંથોમાં નારાયણ પંડિતે ઈ.સ.* 1356*માં 'ગણિતકૌમુદી' રચ્યો. જેની તુલના 'લીલાવતી ગણિત' સાથે કરવામાં આવે છે. ઉપરાંત* 15*મી સદીમાં પ્રખર ગણિતશાસ્ત્રી રામ વાજપેયે 'શુલ્વવાર્તિક', ક્રમદીપિકા, 'કુંડાકૃતિ', 'સમયસાર' વગેરે ગણિત વિશે લખ્યા. આયુર્વેદ ગ્રંથોમાં ડલ્હણકૃત 'નિંબધ સંગ્રહ' સુશ્રુત સંહિતાને સમજવા મહત્ત્વનો છે. બંગચેને 'ચિકિત્સા-*

*સાર સંગ્રહ રચ્યો. બોપદેવે સારંગધર પદ્ધતિ પર તથા હેમાદ્રિએ 'અષ્ટાંગ હૃદય' પર ટીકાઓ લખી. માધવ નિદાન પર વિજય રક્ષિતે 'મધુકોશ' અને શ્રીકંઠે 'આર્તક દર્પણ' નામે પ્રખ્યાત ગ્રંથો લખ્યા. નરહરિએ 'રાજનિઘંટુ' તથા મદનપાલનો 'મદન-વિનોદનિઘંટુ' કોશગ્રંથો લખાયા. 13મી સદીમાં કામસૂત્ર પરની વૃત્તિ 'જયમંગલા' રચાઈ.*

*ધર્મશાસ્ત્રમાં વ્યાખ્યાઓ, ટીકાઓ અને કેટલાક મૌલિક ગ્રંથો લખાયા. જેમાં દેવણભટ્ટની 'સ્મૃતિ ચંદ્રિકા', વરદરાજનો 'સ્મૃતિ સંગ્રહ', વ્યવહાર નિર્ણય, હેમાદ્રિનો 'મદન પારિજાત', ચંડેશ્વરનો 'સ્મૃતિ રત્નાકર', માધવનો 'કાળમાધવીય' અને વાચસ્પતિનો 'ચિંતામણિ' પ્રસિદ્ધ છે.*

*દર્શનશાસ્ત્રોમાં આ કાળે વેદાંત દર્શન વધુ લોકપ્રિય બન્યું. માધ્વાચાર્યે દ્વૈતવાદનું સમર્થન કરતા 37 જેટલા ગ્રંથો લખ્યા. તેમનું બ્રહ્મસૂત્ર પરનું પૂર્ણપ્રજ્ઞ-ભાષ્ય પ્રખ્યાત છે. વલ્લભાચાર્યે શુદ્ધાદ્વૈત દર્શન પ્રવર્તાવવા માટે બ્રહ્મસૂત્ર પર 'અણુભાષ્ય' તથા અન્ય ગ્રંથો લખ્યા. વેદાંતદેશિકે રામાનુજના 'શ્રીભાષ્ય' પર 'તત્ત્વટીકા' તથા 'ગીતા-ભાષ્ય' પર 'તાત્પર્ય ચંદ્રિકા' ઉપરાંત અન્ય અનેક ગ્રંથો લખી વિશિષ્ટદ્વૈત મતને દ્રઢ બનાવ્યો. સાયણના ભાઈ માધવે વિદ્વતાપૂર્ણ વિવેચન ગ્રંથોમાં મીમાંસાદર્શન પર જૈમિનીન્યાય માલાવિસ્તર અને વેદાંતદર્શન પર 'જીવનમુક્તિવિવેક' તથા 'પંચદશી' જેવી પ્રસિદ્ધ કૃતિઓ રચી. કપિલે 'સાંખ્ય-પ્રવચન-સૂત્ર', વિજ્ઞાનભિક્ષુએ 'સાંખ્યસાર', યોગસાર-સંગ્રહ, વિજ્ઞાનામૃત વગેરે આ સમયે લખ્યાં.*

### 16.2.4.2 પ્રાદેશિક ભાષાઓનું સાહિત્ય

*ભક્તિ આંદોલનના પ્રવર્તકોએ પ્રાદેશિક ભાષાઓ થકી પોતાના સિદ્ધાંતો પ્રસાર્યા. જેથી આ ભાષાઓનો ખૂબ વિકાસ થયો. આ કાળનું સાહિત્ય મહાકાવ્યો, ઊર્મિકાવ્યો, ઐતિહાસિક પ્રસંગો અને વર્ણનાત્મક એમ બહુવિધ પ્રકારે સાહિત્ય સર્જન થયું. ઊર્મિકાવ્યમાં ફારસી શૈલી અપનાવાઈ. પદ્ય કરતાં ગદ્યમાં જૂજ ખેડાણ થયું. ગુજરાતી, રાજસ્થાની તેમાં અપવાદરુપ કહી શકાય.*

*આ કાળે પશ્ચિમી હિંદી અને પૂર્વી હિંદી (અવધી) એવા બે વિભાગ હતા. મુખ્યત્વે ભક્તિ આંદોલનના સંતો રામાનંદ, કબીર અને ગુરુ નાનકે પોતાના પદોમાં ખડીબોલીનો વિશેષ ઉપયોગ કર્યો. પ્રારંભિક હિંદી સાહિત્યમાં 'પૃથ્વીરાજ રાસો', 'વીસલદેવરાસો', 'ખામણરાસો', 'આલ્હ-ઉદલ' વીરકાવ્યો મુખ્ય છે. કેટલાક અમીર ખુસરોને જૂની પશ્ચિમી હિંદીનો પ્રથમ લેખક ગણે છે. તેની 'ખાલિકબારી' માં ફારસી-અરબી-હિંદી શબ્દકોશ છે. ખડીબોલીનાં સૌ પ્રથમ દ્રષ્ટાંત ખુસરોની કૃતિમાં મળે છે. તેના સમકાળીન ગોપાલ નાયકેના 'ધ્રુપદ' વ્રજભાષામાં આજ પર્યંત પ્રચલિત છે. સૂફી ગેસૂદરાઝે 'મિરાત-ઉલ-આશિકીન' દખ્ખણી હિંદીમાં રચ્યો. હિંદી સાહિત્યમાં કબીરનું પ્રદાન નોંધપાત્ર છે.તેમની વાણી 'બીજક'માં સંગ્રહિત છે. કબીરે ખડીબોલી, અવધી, વ્રજ વગેરે ભાષાના મિશ્રણરુપે પ્રયોજી હોઈ તેને 'ખીચડી ભાષા' કે 'સાધુક્કડી' પણ કહે છે. રૈદાસનાં મધુર પદો પણ લોકપ્રિય થયાં. ગુરુ નાનકે પોતાનાં ભજનોમાં હિંદી અને*

પંજાબીનું મિશ્રણ કર્યું. હિંદી સાહિત્યમાં મૈથિલી કવિ વિદ્યાપતિનાં પદો પણ નોંધપાત્ર છે. મીરાંબાઈએ રાજસ્થાની, હિંદી અને ગુજરાતીમાં, સૂરદાસે વ્રજભાષામાં 'સુરસાગર' અને તુલસીદાસે અવધીમાં 'રામચરિતમાસન' ની રચના કરી.

પૂર્વી હિંદી (કોસલી કે અવધી) માં સૂફી સાહિત્ય વધુ સર્જાયું. આ ભાષાનો જૂનામાં જુનો નમૂનો 12મા સૈકામાં દામોદર પંડિતના 'ઉક્તિવ્યક્તિ પ્રકરણ'માં જોવા મળે છે. વળી, સૂફી કવિ મોલાના દાઊદે આ ભાષામાં 'ચંદાયન' ઊર્મિકાવ્ય રચ્યું. જે આ ભાષાનું પ્રાચીનતમ સાહિત્ય છે.

ગુજરાતીમાં મોટાભાગે જૈન સંતોએ સાહિત્ય રચ્યું. 14મી સદીમાં ગુજરાતમાં મુસ્લિમ શાસન સ્થપાતાં લોકાશ્રયે લોકભાષામાં સંતો, કવિઓએ સાહિત્યની રચના કરી. જેથી ધર્મબોધ કરાવે તેવા સાહિત્યમાં રાસ, ફાગુ, પ્રબંધ અને વાર્તા જેવા પ્રકારો આ કાળે વિકસ્યા. કવિ ધમ્મે 'જંબુસ્વામીચરિત્ર' (1210), વિજયસેનસૂરિએ 'રેવંતગિરિ રાસુ' (1232) પાલ્હણનો 'આબુ-રાસ' (1233) 13મી સદીમાં રચ્યાં. 14મી સદીમાં વિનયચંદ્રસૂરિએ રચેલ 'નેમિનાથ-ચતુષ્પદિકા' બારમાસી કાવ્ય છે. જિનપદ્મસૂરિનું 'સિરિથુલિ ભદ્રફાગુ', રાજશેખરસૂરિનું 'નેમિનાથ ફાગુ' એ ફાગુ કાવ્યો છે. સંગ્રામસિંહ રચિત- 'બાલશિક્ષા' વ્યાકરણ ગ્રંથ તથા તરુણપ્રભે ઈ.સ. 1355 આસપાસ 'બાલાવબોધ' માં જૂની ગુજરાતી ગદ્ય કથાઓ સંપાદિત કરી. અજ્ઞાત કવિની 'વસંત-વિલાસ' રચના સર્વોત્તમ છે. નરસિંહ મહેતા (ઈ.સ. 1415-1481)ના સમયથી ગુજરાતી સાહિત્યનો નવો યુગ શરુ થયો. અહીંથી ગુજરાતી સાહિત્યમાં ભક્તિનાં પગરણ થયાં. જ્ઞાન અને ભક્તિનાં પદો ઉપરાંત 'રાસ સહસ્ત્રપદી', 'પ્રભાતિયાં', 'સુરત સંગ્રામ', 'હિંડોળા', 'દાણલીલા', 'હારમાળા', 'સુદામા ચરિત્ર', 'ગોવિંદગમન', 'શૃંગારમાળા' વગેરે તેમની પ્રસિદ્ધ રચનાઓ છે. નરસિંહ મહેતાના સમકાળીન ભાલણે આખ્યાનોમાં 'દશમસ્કંધ', 'નળાખ્યાન', 'ધ્રુવાખ્યાન', 'ચંડી-આખ્યાન', 'દુર્વાસાઆખ્યાન', 'કૃષ્ણ-વિષ્ટિ' ઉપરાંત કાદંબરી નું ભાષાંતર વગેરે મુખ્ય છે. અન્ય કૃતિઓમાં શ્રીધર વ્યાસનો 'રણમલ્લ છંદ', વીરસિંહનું 'ઉષાહરણ' નોંધપાત્ર છે. પદ્મનાભે 16મી સદીના પ્રારંભે 'કાન્હડદે પ્રબંધ' રચ્યો મનાય છે. વલ્લભ મેવાડાના ગરબા આજ પર્યંત ગુજરાતમાં લોકપ્રિય છે.

મરાઠીમાં ધાર્મિક સાહિત્ત્યન્માં જ્ઞાનદેવે 'જ્ઞાનેશ્વરી' ગીતા પરની ટીકા લખી. ઉપરાંત તેમના 'અભંગો' નો સંગ્રહ જાણીતો છે. મહાનુભાવ પંથના સ્થાપક ચક્રધરની વાણીને તેમના શિષ્યોએ સંકલિત કર્યા. કોસો બાસે આ સંપ્રદાયના સિદ્ધાંતો 'ચક્રધર-સિદ્ધાંત-સૂત્ર' અને 'દ્રષ્ટાંતપાથ'માં આલેખ્યા છે. તો માઈમ ભટ્ટે 'લીલાચરિત'માં ચક્રધર સ્વામીનું જીવનચરિત્ર આપ્યું છે. ભાસ્કરભટ્ટે 'ઉદ્ધવગીતા' ટીકા તથા કવયિત્રી મહાદાઈસે લખેલાં 'ઢળવે' ગીતો પ્રસિદ્ધ છે. નામદેવે વિઠ્ઠલને લગતું પુષ્કળ મરાઠી સાહિત્ય રચ્યું. તેમની કાવ્યાત્મક શૈલી આગળ જતાં સંત તુકારામે અપનાવી વિકાસ કર્યો. નામદેવનાં અંતેવાસી જનાબાઈએ પણ અભંગોની રચના કરી.

બંગાળીમાં 14મી સદીમાં બૌદ્ધ ચર્યાપદોની પરિપાટી પર બ્રાહ્મણોએ પણ ચર્યાપદો રચ્યાં. 15મી સદીના પૂર્વાર્ધમાં બંગાળીના મહાન કવિ કૃત્તિવાસ ઓઝાએ

*રામાયણનું બંગાળીમાં ભાષાંતર કર્યું. માલાધર બસુએ 'શ્રી કૃષ્ણવિજય' રચ્યું. બંગાળીમાં આ કાળે 'મંગલ' કાવ્યો રચાયાં. જેમાં લખિન્દર બેહુલાની કથા તથા વિપ્રદાસ રચિત 'મનસાવિજય' પ્રસિદ્ધ છે. બડુ ચંડીદાસે 'શ્રીકૃષ્ણકીર્તન' કાવ્ય રચ્યું. બંગાળના સુલતાનોની પ્રેરણાથી કવીન્દ્રે મહાભારતનું બંગાળીમાં ભાષાંતર કર્યું. જે 'પાંડવ વિજય કથા'થી ઓળખાયું. ચૈતન્યે બંગાળીમાં લખેલું સાહિત્ય ઉપલબ્ધ નથી. તેમછતાં તેમના પ્રભાવમાં પૌરાણિક કથાઓનો બંગાળીમાં અભ્યાસ વધ્યો હતો. 13મી સદીના ઉત્તરાર્ધમાં અસમી સાહિત્યમાં હેમ સરસ્વતીએ 'પ્રહલાદ-ચરિત' અને કવિ હરિહર વિપ્રએ 'બ્રભુવાહનરયુદ્ધ' તથા 'લવકુશયુદ્ધ' ઉત્તમ કાવ્યો રચ્યાં. અસમીના મહાકવિ માધવ કંદલિ 14મી સદીમાં થયા. તેમણે રામાયણને અસમીમાં ઉતાર્યું. દુર્ગારામ કાયસ્થે 58 પદોનું નાનુ કથા કાવ્ય 'ગીત-રામાયણ' 15મી સદીમાં રચ્યું. શંકરદેવે 'એક-શરણ-ધર્મ'ને લગતું સાહિત્ય રચ્યું. તેમણે લખેલા 27 ગ્રંથોમાં 'કીર્તનઘોષા' શ્રેષ્ઠ છે. ઉપરાંત તેમણે 'રુકિમણી-હરણ', 'અંકિયાનાટ', 'રામવિજય', 'કાલિયાદમન', 'પારિજાતહરણ', 'પત્ની પ્રસાદ' નાટકો રચ્યાં.*

*ઉડિયા ભાષામાં 11મી સદીમાં જગન્નાથપુરીના મંદિર તાડપત્રીય ગ્રંથોમાં ગદ્ય જોવા મળે છે. આ ભાષાની પ્રાચીન કૃતિ વત્સદાસની 'કલશ-ચૌતીસા'ને માનવામાં આવે છે. નારાયણાનંદ અવધૂત સ્વામીએ 'રુદ્રસુધા-નિધિ' ઊર્મિકાવ્ય રચ્યું. શારળાદાસનાં 'ચંડીપુરાણ', 'વિલંકારામાયણ' અને 'મહાભારત' ઉડિયા મહાકાવ્ય છે. 14મી સદીમાં ઓરિસામાં વૈષ્ણવ-ભક્તિને લગતી કૃતિઓમાં માર્કંડદાસ કેશવે 'કેશવકોઈલિ' નામે ઉત્તમ કાવ્ય રચ્યું. 16મી સદીના કવિ જગન્નાથદાસે 'અર્થ-કોઈલિ' રચ્યું. તે પણ કૃષ્ણભક્તિમય લોકપ્રિય ગ્રંથ છે. અર્જુનદાસે 'રામ-બિભા' ઊર્મિકાવ્ય 15મી સદીમાં રચ્યું. ચૈતન્ય મહાપ્રભુ 16મી સદીમાં ઓરિસામાં વસતાં તેમના અનુયાયીઓએ ઘણી રચનાઓ કરી. તેમના સખાઓમાં બલરામદાસે લખેલ 'રામાયણ' તથા જગન્નાથદાસે લખેલ 'ઉડિયા ભાગવત' પ્રસિદ્ધ છે.*

*ઈ.સ. 1325માં જ્યોતિરીશ્વર ઠાકુરે વર્ણરત્નાકર રચ્યો. જે મૈથિલીનો પ્રાચીન ગ્રંથ છે. મૈથિલી ભાષામાં પ્રસિદ્ધ કવિ વિદ્યાપતિ ઠાકુરે ૧૪મી ૧૫મી સદીમાં રચેલ 'પુરુષ-પરીક્ષા' અને 'કીર્તિલતા' પ્રસિદ્ધ છે. તેમની રચનાઓમાં રાધા-કૃષ્ણનાં પ્રણયને લગતાં ઊર્મિકાવ્યો છે.*

*તમિળ ભાષામાં 13મી સદીના ઉત્તરાર્ધમાં મેયકંડદેવે 'શિવજ્ઞાન બોધમ', અરુબનંદિ શિવાચાર્યે 'શિવજ્ઞાન-સિદ્ધિવર' તથા ઉમાપતિ શિવાચાર્યે 'શિવપ્રકાશમ' શૈવ મતને લગતા પ્રસિદ્ધ ગ્રંથો રચ્યા. 14મી સદીમાં મહાકવિ વિલ્લિપુત્તુરરે તમિળ 'ભારતમ' રચ્યું. જે ઘણું લોકપ્રિય બન્યું. અરુણગિરિએ રચેલ 'તિરુપ્પુગઝ' ભક્તિ-સંગીતને લગતો ગ્રંથ છે. કવિ શિવાચારિયર કૃત 'કંદ-પુરાણમાં' શૈવોમાં પ્રસિદ્ધ છે. તમિળ કવિ કાળમેકમે અનેક કાવ્યો રચ્યાં. વેદાંતદેશીકે 'રહસ્યમંત્રસાર' લખ્યો. જે 'મણિપ્રવાલ' તરીકે જાણીતો છે.*

*કન્નડ ભાષામાં 13મી સદીમાં કવિ હરિહરે અને રાઘવાંકે કાવ્યો રચ્યાં. કવિ હરિહરે 'રગળે' માં 108 જીવનચરિત્રો નિરુપ્યાં છે. કવિ મલ્લિકાર્જુને 'સુક્તિ-સુધાર્ણવ'માં કન્નડ કવિઓનાં પ્રમુખ પદ્યોનું સંકલન કર્યું છે. જૈન કવિ જન્ને 'યશોધરાચરિત' કવિ મધુરે તીર્થંકર ધર્મનાથ પર પુરાણ રચ્યું. વીર શૈવ કવિ ભીમે 'બસવપુરાણ' માં આચાર્ય બસવને ચમત્કારિક પુરુષ તરીકે વર્ણવ્યા છે. 'પ્રભુલિંગ-લિલે' સંત અલ્લમ પ્રભુના જીવન પર રચાયું છે. વૈષ્ણવ સાહિત્યમાં નારનપ્પાએ 'મહાભારત'ને કન્નડમાં ઉતાર્યું. જે 'ગદુગિનભારત' તરીકે પ્રસિદ્ધ છે. આ અધૂરું કાર્ય કવિ તિમ્મન્ને પૂર્ણ કર્યું. 15મી સદીના અંતમાં નરહરિએ 'તોરવે રામાયણ' અને ચારુ વિઠ્ઠલનાથે 'ભાગવત પુરાણ' પૂર્ણ કર્યું.*

*તેલુગુ મહાભારત નન્નયે રચવાનું શરુ કરેલું તે આ કાળે તિક્કનાર્ય અને એર્રાપ્રેગડેએ પૂર્ણ કર્યું. મહાભારતના વિરાટપર્વથી શાંતિપર્વ સુધીના પર્વોનો અનુવાદ મહાકવિ તિક્કને કર્યો. નન્નયનું અધૂરું અરણ્યપર્વથી બાકીના પર્વ એર્રાપ્રેગડેએ પૂર્ણ કરી સમગ્ર તેલુગુ મહાભારત સંપૂર્ણ કર્યું. 13મી સદીમાં રંગનાથે અને હુલક્કી ભાસ્કર તથા અન્યોએ બે અલગ સંસ્કરણમાં તેલુગુ રામાયણ લખ્યાં. તેલુગુના મહાકવિ શ્રીનાથે 'સાલિવાહન સપ્તસતિ', 'નૈષધ-ચરિત'ને તેલુગુમાં ઉતાર્યા. ઉપરાંત 'ભીમેશ્વર પુરાણમ'માં શૈવ તીર્થોનું મહાત્મ્ય તો 'હરવિલાસ'માં શિવકથાઓ આપી છે. ૧૫મી સદીનો કવિ પોતને 'આંધ્ર મહાભાગવત' સંસ્કૃત ભાગવત પરથી ઉતાર્યું છે. કવિ પિનવીર ભદ્રે 'શૃંગાર-શકુંતલા' અને જૈમિનિભારત રચ્યાં. કથા કાવ્યોમાં જક્કને 'વિક્રમાર્કચરિત', અનંતામાત્યે 'ભોજરાજીય', 'ગૌરને' નવનાધ ચરિત્ર અને નિશાંક કોમ્મને 'શિવલીલા વિલાસ' રચ્યાં.*

*તમિળથી મલયાલમ ભાષા 15મી સદીથી અલગ પડી અસ્તિત્વમાં આવી. પ્રારંભમાં રામ અને કૃષ્ણની લીલાઓ પર ધાર્મિક પદો (પટ્ટુ) રચાયાં. 14મી સદીનું ઉન્નુનીલી સંદેશમ સંદેશ કાવ્ય નોંધપાત્ર છે. આ ભાષામાં વ્યવસ્થિત સાહિત્ય 16મી સદીમાં રચાવા લાગ્યું.*

### 16.2.4.3 અરબી અને ફારસી સાહિત્ય

*દિલ્હી સલ્તનતની રાજભાષા ફારસીમાં આ કાળે અનેક કૃતિઓ રચાઈ. કેટલાક અરબી ગ્રંથો પણ લખાયા. ઈતિહાસ લેખનકલા ભારતમાં મુસલમાનો લાવ્યા. આ કાળે આરબ, તુર્ક અને યુરોપિયન પ્રવાસીઓ આવ્યા ને પ્રવાસ ગ્રંથો લખ્યા. ઈતિહાસને લગતી કૃતિઓમાં અતિશયોક્તિ હોવા છતાં અગત્યતા ધરાવે છે. મુસ્લિમ આક્રંતાઓ બર્બર જ હતા તે ખ્યાલ ખોટો છે. તેમાંથી ઘણા સુલતાનો સાહિત્યપ્રેમી પણ હતા. તેથી જ ઈ.સ. 1200 થી 1500 સુધીમાં સાહિત્યિક પ્રવૃત્તિ ચાલુ રહી.*

*ઈલ્તુત્મિશ અને ફિરોઝશાહ તુઘલકે અરબી ભાષાના વિદ્વાનોને આશ્રય આપ્યો હતો. તેથી તેમના સમયમાં કેટલીક અરબી કૃતિઓ તૈયાર થઈ. જે વ્યાકરણને લગતી હતી. ઈલ્નતાજની 'જવાહિરુલ કુરાન', કાજી સિરાજુદ્દીન અલ હિન્દીની 'કિતાબુલ*

તસવ્વુફ', સંત અમીર સૈયદની 'મનાઝિલુસ-સાલિકીન', કાઝી શિહાબુદ્દીનની 'અલઈર્શાદ' મુખ્ય ગણાવી શકાય. 15મી સદીમાં પણ કેટલાક લેખકોએ અરબીમાં રચનાઓ કરી અરબી સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું હતું.

12મી સદીમાં ફારસી ભાષાનો ભારતમાં પ્રવેશ થયો. તેમાં પ્રથમ ભારતીય કવિ મસૂદ-સદ-સલમાન લાહોરમાં સ્થાયી થયા હતા. સલ્તનતની સ્થાપના પછી ફારસી ભાષાને પ્રોત્સાહન મળ્યું. રાજ્યાશ્રય મળ્યો. અમીર ખુશરો આ કાળનો પ્રસિદ્ધ સાહિત્યકાર હતો. તે કવિ, ગાયક, યોદ્ધો, સાહિત્યકાર વગેરે બહુમુખી પ્રતિભા ધરાવતો હતો. ફારસીમાં તેણે પુષ્કળ કૃતિઓ રચી. તેની ફારસી કાવ્યોની પંક્તિઓનો આંકડો પાંચ લાખ થવા જાય છે. તેથી તેને 'તૂતી-એ-હિંદ' કહેવામાં આવે છે. જેમાં 'ખઝાઈલ્કૂતૂહ', 'દેવલરાની-વ-ખિઝરખાન', 'કીરાતુસ્સાદ', 'ધુર્તુલ્કમાલ', 'નૂહસિપિહ', 'મીફ્તાહ', 'લ્ફૂતૂહમતલ-ઉલ-અનવર' અને 'તુઘુલકના'મા વગેરે મુખ્ય છે. ખુસરોના સમકાળીન અમીર હસન દેહલવીએ ફતિયા, દીવાન અને નિઝામુદ્દીન ઓલિયાનું જીવનચરિત્ર લખ્યું હતું. 'બદર-એ-ચાચે' (બદરુદ્દીન) શાહનામા મહાકાવ્ય ઉપરાંત મુહમ્મદ તુઘલ કની પ્રશસ્તિ રુપે અનેક કસીદાઓ લખ્યા. ફિરોઝ તુઘલ કે કૂતુહાતે ફિરોજશાહી કૃતિ રચી. તેના આઈન-ઉલ-મૂલ્ક મુલતાની નામના અધિકારીએ 'ઐનુલ મુલ્કી' અને 'મુન્શત-એ-માહુર' ગ્રંથો ફારસીમાં લખ્યા. સિંકદર લોદી પોતે કવિ હતો અને 'ગુલરુખ' ઉપનામ ધરાવતો.

આ કાળે ફારસીમાં અનેક તવારીખ ગ્રંથો લખાયા. જોકે તેમનાં લખાણ તટસ્થ નથી. કૂફીએ 'ચચનામા' નો ફારસીમાં અનુવાદ કર્યો. મીર મહંમદ માસૂમે 'તારીખ-એ-માસૂમી' માં મુહમ્મદ બીન કાસિમથી અકબર સુધીનો સિંધનો ઈતિહાસ આપ્યો છે. હસન નિઝામીએ 'તાજ-ઉલ-માસિર' ઈતિહાસ ગ્રંથ ફારસીમાં લખ્યો. જેમાં ઘોરીના સમયનું ભારત, કુતુબુદ્દીન ઐબક અને ઈલ્તુત્મિશના શાસનનો અતિશયોક્તિપૂર્ણ ઈતિહાસ આપ્યો છે. ઈરાકના શેખ અબુલહસને ઈ.સ. 1230માં લખેલ 'અલ્કામિલફી-તવારીખ' માં મહંમદ ઘોરીના આક્રમણોની વિગતો આપી છે. સલ્તનતના દરબારી વિદ્વાન મિન્હાજ-ઉસ-સિરાજે 'તબકાત-એ-નાસિરી'માં દિલ્હી સલ્તનતની સ્થાપના, વિકાસ અને પતનનો રાજકીય ઈતિહાસ આલેખ્યો છે. ડૉ. ઈશ્વરીયપ્રસાદ નોંધે છે કે ''તબકાત-એ-નાસિરીના લેખક મિન્હાજ-ઉસ-સિરાજની ગદ્ય-શૈલી સ્પષ્ટ તથા ઓજસપૂર્ણ સમાસ-શૈલી આ સમયની અન્ય રચનાઓમાં જોવા મળતી નથી.' અમીર ખુસરોએ ઈતિહાસ ગ્રંથ 'ખાઝાઈલ્ફૂતૂહ' (તારીખ-એ-અલાઈ) રચ્યો. જેમાં અલાઉદ્દીન ખિલજીનો ઈતિહાસ વધુ છે તથા આશ્રયદાતાને ખુશ કરવાનો ઉપક્રમ અને અતિશયોક્તિ દેખા દે છે. તેમ છતાં તારીખ અને ઘટનાઓની બાબતે યથાર્થ છે. 'દેવલરાની-વ-ખિઝરખાન' (આશિકા) તેનું મહાકાવ્ય છે. જેમાં ઘણી ઐતિહાસિક બાબતો નોંધી છે. ઉપરાંત 'કીરાતુસાદ' કાવ્યમાં મોગોલ આક્રમણો તથા સુલતાન કૈકુબાદનો ઈતિહાસ આપ્યો છે. 'ઘુર્તુલ્કમાલ'માં ચાર કાવ્યોનો સંગ્રહ છે. 'નૂહસિપિહ' કાવ્ય સંગ્રહમાં મુબારકશાહનો વૃત્તાંત છે. ઝિયાઉદ્દીન બરનીએ 'તારીખ-એ-ફિરોજશાહી'માં બલબનથી ફિરોજ તુઘલ ક સુધીના આઠ

સુલતાનોનો ઈતિહાસ આપ્યો છે. ઈતિહાસમાં સત્યનો આગ્રહ કરનાર સલ્તનતનો તે પ્રથમ ઈતિહાસકાર છે. તેની અન્ય કૃતિ 'ફતવાએ જહાંદારી' પ્રસિદ્ધ છે. અજ્ઞાત લેખકની 'સીરતે ફિરોજશાહી'માં ફિરોજશાહના સમયની નહેરો તથા સુલતાનના સુધારાઓનું વર્ણન કર્યું છે. ઉપરાંત ફિરોજ તુઘલ કના મિત્ર શમ્સ-ઈ-સિરાઝ અફીફે પણ 'તારીખ-એ-ફિરોજશાહી' ગ્રંથ કાવ્યમય ભાષામાં લખ્યો. તેમાં ઈ.સ. 1388 સુધીનો ઈતિહાસ આપ્યો છે. યાહ્યા સરિહંદીએ તારીખ-એ-મુબરકશાહીમાં ઘોરીવંશથી મુબારકશાહ સૈયદ સુધીનો ઈતિહસ આલેખ્યો છે. 'તુઝૂક-ઈ-તિમુરી' તૈમુરની આત્મકથા છે. ઈસામીની 'ફુતૂહ-ઉસ-સલાતીન'માં ઈ.સ. 1351 સુધીનો ઈતિહાસ સમાવ્યો છે. તેમાં દક્ષિણ ભારતનો ઈતિહાસ નોંધપાત્ર છે. શેખ રિઝફૂલ્લાહ મુશ્તાહીએ 'વાકીયાત-એ-મુશ્તાકી'માં બહલોલ લોદીના શાસનકાળનો વૃત્તાંત આલેખ્યો છે. ઉપરાંત ગુજરાત, માળવાનો ઈતિહાસ અને ઈ.સ. 1491 થી 1581 સુધીની સામાજિક તથા સાંસ્કૃતિક ઈતિહાસ એ આ કૃતિની આધારભૂત અને નોંધપાત્ર વિશિષ્ટતા છે. 'તારીખ-એ-દાઉદી', 'તારીખ-એ-સલાતીને અફઘાની' લોદીવંશ માટેની કૃતિઓ છે.

શેખ જમાલુદ્દીન હાંસવીએ ઈલ્તુત્મિશના મૃત્યુ સમયે રચેલ 'દીવાને અમાલુદ્દીન'માં શોકગીતો છે. મલિક મહંમદ જાયસીએ પદ્માવત કાવ્ય રચ્યું. એનુલમુલ્કે 'ઈન્શાયે માહરુ'માં ફિરોજ તુઘલ કના સમયના 133 પત્રો આપ્યા છે. મોરોક્કો પ્રવાસી ઈબ્નબતુતાનો 'રીહલા' પ્રવાસ ગ્રંથ રચાયો. ઈરાની પ્રવાસી અબ્દુર્રઝાકે 'મત્લઉસસાદૈન'માં વિજયનગર, તૈમુરના આક્રમણ, દખ્ખણના પ્રજાજીવન, સંસ્કૃતિ તથા પૂર્વ મધ્યકાળીન ઈતિહાસ માટે અગત્યનો છે. સલ્તનતકાળમાં યુરોપિયન પ્રવાસીઓમાં માર્કોપોલો (વેનિસ), નિકોલો કોન્ટી (વેનિસ), બારબોઝા (પોર્ટુગલ), ડોમિંગોસ પાએઝના ગ્રંથ ભારતીય ઈતિહાસ સંદર્ભે અગત્યના છે.

- **તમારી જાતે ચકાસો (ક)**

**1. સાંચા જોડકાં જોડો.**

| A | B |
|---|---|
| (1) માઘ | (1) કિરાતાર્જુનીય |
| (2) અમર | (2) નાટક રત્નકોશ |
| (3) સાગરનંદી | (3) રતિ રહસ્ય |
| (4) ભારવિ | (4) અમરકોશ |
| (5) બિલ્હન | (5) શિશુપાલવધ |
| (6) હેમચંદ્રચાર્ય | (6) બૃહત્કથામંજરી |
| (7) મમ્મટ | (7) વિક્રમાંકદેવચરિત |
| (8) ક્ષેમેન્દ્ર | (8) સિદ્ધહેમશબ્દાનુશાસન |
| (9) કોક્ક | (9) કાવ્યપ્રકાશ |
| (10) અમીર ખુસરા | (10) ખાઝાઈલ્ફૂતૂહ |

2. અનુગુપ્તકાલીન સંસ્કૃત સાહિત્ય વિશે પાંચ વાક્યો લખો.

3. પ્રતિહાર-રાષ્ટ્રકૂટ કાળીન સંસ્કૃત કાવ્યો અને નાટકો વિશે જણાવો.

4. પ્રાચીન કાળના અંતિમ તબક્કામાં ક્યાં-ક્યાં મહાકાવ્યો રચાયાં.

5. સલ્તનતકાલીન પ્રાદેશિક ભાષાઓના સાહિત્ય વિશે ટૂંકમાં જણાવો.

## 16.3 શિક્ષણ (ઈ.સ. 650 થી 1526)

### 16.3.1 અનુગુપ્તકાલીન શિક્ષણ (ઈ.સ. 650 થી 750)

*આ સમયમાં પણ ગુપ્તકાળીન શિક્ષણ વ્યવસ્થા ચાલુ રહી. જૂના સ્મૃતિ ગ્રંથોમાંથી પ્રાથમિક શિક્ષણની માહિતી મળતી નથી. બાળક પાંચેક વર્ષે વેદારંભ સંસ્કારથી વિદ્યારંભ કરતો. બાળપોથી અને ગણિતનું જ્ઞાન અપાતું. ત્યારપછી વેદનો અભ્યાસ શરુ કરાતો. ઔપચારિક અને અનૌપચારિક એમ બે પ્રકારે શિક્ષણ અપાતું. વ્યક્તિને કુટુંમ્બ, પુરોહિત, પંડિત, સંત-સન્યાસી અને દૈનિક જીવનમાં આવતા ઉત્સવો-પ્રસંગો દ્વારા અનૌપચારિક શિક્ષણ પ્રાપ્ત થતું. જ્યારે ઔપચારિક શિક્ષણ મંદિર, મઠો, ગુરુગૃહ, ગુરુકુલો, દેશીપાઠશાળાઓ વગેરે દ્વારા મળતું. ગુરુ મોટેભાગે જ્ઞાની, સદાચારી, પવિત્ર અને ઉચ્ચ ચારિત્ર્યવાન અને શિષ્યના કલ્યાણમાં રાચતા. શિષ્યો ગુરુ પ્રત્યે ઉચ્ચ માન-સન્માન અને આદર્શ ધરાવી ગુરુની સેવા દ્વારા વિદ્યાભ્યાસના અનુગ્રહી રહેતા. રાજાઓ અને ધનવાનો શિક્ષણ અને તેના કેન્દ્રોના નિભાવ માટે અનુદાન આપતા. જમીનદાનની પદ્ધતિમાંથી બદલાયેલી સામાજિક-આર્થિક પરિસ્થિતિને કારણે 'લહિયા' કે 'કાયસ્થ' જ્ઞાતિ (જમીનખતના ખરડા તૈયાર કરનાર) નો પાદુર્ભાવ છઠ્ઠી થી આઠમી સદી દરમિયાન થયો. તેથી લિપિ અને ગણિતના શિક્ષણનું મહત્વ વધ્યુ હતું. બૌદ્ધ ધર્મે સાર્વજનિક શિક્ષણ સંસ્થાઓ સ્થાપી હતી. ગુપ્ત શાસક કુમારગુપ્ત પ્રથમ દ્વારા સ્થાપિત નાલંદા વિશ્વવિદ્યાલય (ઈ.સ. 450) પછીની સદીઓમાં હર્ષ અને પાલશાસકોએ સંરક્ષણ આપ્યું. 9મી થી 12મી સદી સુધી નાલંદા આંતરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત વિશ્વવિદ્યાલય હતું. તેનું વિશાળ ગ્રંથાલય રત્નરંજક, રત્નોદધિ, રત્નસાગર એવા ત્રણ વિશાળ વિભાગોમાં વહેંચાયેલું હતું. વલ્લભી (ઈ.સ. 700) એ બૌદ્ધ ધર્મની ખ્યાતી પ્રાપ્ત વિદ્યાપીઠો આ સમયમાં પણ ચાલુ હતી. હિંદુઓએ પણ તેનું અનુસરણ કરી મંદિરોમાં શિક્ષણ આપવાનું શરું કર્યું હતું. જે આગળ જતાં મઠોમાં પરિવર્તિત થઈ ગયાં. શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, માધવાચાર્ય વગેરેના મઠ વિખ્યાત બન્યા હતા. વેદો, વેદાંગ ઉપરાંત સંસ્કૃત સાહિત્ય, દર્શન, જ્યોતિષ, વ્યાકરણ અને ચિકિત્સાશાસ્ત્ર વગેરે વિષયોનું અધ્યયન-અધ્યાપન થતું. નાલંદા, વલભી ઓદંતપુર, મિથિલા, કાશી, પ્રયાગ, અયોધ્યા, આનંદપુર (વડનગર), વગેરે ઉચ્ચ શિક્ષણનાં કેન્દ્રો હતાં.*

*બ્રાહ્મણોમાં અનેકાનેક જાતિઓ ઉદભવી. તેમાંના કેટલાકે પોતાની કર્મકાંડની સેવાઓનું વ્યવસાયીકરણ કર્યું. હિંદુઓ અને જૈનોની દેશી પાઠશાળાઓમાં શિષ્યોને મંગલાચરણથી વિદ્યાભ્યાસનો પ્રારંભ લિપિ અને માતૃકા (કક્કો) ઉચ્ચારણથી, જ્ઞાનેન્દ્રીયોથી શીખવવામાં આવતું. ઈત્સિંગના (ઈ.સ. 671 થી 695) આગમન સમયે વિદ્યાપીઠોમાં વ્યાકરણની પાઠ-વિધિ પ્રચલિત હતી. તેણે નાલંદા વિશ્વવિદ્યાલય તથા બૌદ્ધ ધર્મ અને સંસ્કૃત સાહિત્ય અંગે પોતાના ગ્રંથમાં પ્રકાશ પાડ્યો છે. ગુપ્તોત્તરકાળમાં વિદુષી અને કવયિત્રીઓ પણ થઈ. જેમાં શીલભટ્ટારિકા ઉલ્લેખનીય છે. તેમછતાં વ્યવસ્થિત*

*શિક્ષણ લેવીની સ્ત્રીઓને મનાઈ હતી. સ્ત્રી અને મિલકતને એક સમાન ગણવામાં આવતાં હતાં.*

### 16.3.2 પ્રતિહાર-રાષ્ટ્રકૂલકાલીન શિક્ષણ (ઈ.સ. 751 થી 1000)

*આ કાળે પણ શિક્ષણની પ્રાચીન પરંપરા મોટે ભાગે ચાલુ રહી. વિદ્યાર્થી મનપસંદ વિષય ભણી શકતો. પ્રત્યેક ગામ, કસ્બા અને નગરોમાં શિક્ષણ માટેની વ્યવસ્થા હતી. રાજાઓ, શ્રીમંતો વિદ્વાનોને આશ્રય આપતા, અનુદાન દેતા. શિક્ષણમાં રાજકીય કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ ન હતો. મેધાતિથિ જણાવે છે કે, "લગ્ન કર્યા પછી પણ વિદ્યાર્થીએ પરદેશમાં જઈ શાસ્ત્રો અને અન્ય વિદ્યામાં નિપુણતા મેળવવી જોઈએ." કુટ્ટનીમત્તમાં જણાવ્યું છે કે, "જે પરદેશમાં જઈ અન્ય દેશોની ભાષા, રીતભાત, પહેરવેશ વગેરેનું જ્ઞાન મેળવતો નથી તે શિંગડા વગરના બળદ જેવો છે."*

*ગુરુગૃહ, પાટશાળાઓમાં પ્રાથમિક શિક્ષણ અપાતું. વળી, પ્રાદેશિક ભાષાઓના વિકાસે હવે પ્રાદેશિક ભાષામાં પ્રાથમિક શિક્ષણ અપાતું. વાચંન, લેખન, લેખાં, નામું, પ્રાદેશિક ભાષા, સંસ્કૃત ઉપરાંત પૌરાણિક કથાઓ અને મહાકાવ્યોની વાર્તા દ્વારા નીતિ અંગેનું શિક્ષણ પ્રાથમિક શિક્ષણમાં ભણાવાતું. ખેડૂત અને વેપારી વર્ગના વિદ્યાર્થીઓને ગણિતનો અભ્યાસ કરાવાતો. શબ્દરુપાવલી, ધાતુરુપાવલી, અમરકોશ અને લઘુસિદ્ધાંત, કૌમુદી, કેટલાક સુભાષિતો વિદ્યાર્થીઓ પાસે કંઠસ્થ કરાવાતા. ગુરુ વિદ્યાર્થીને શારીરિક શિક્ષા પણ કરતા.*

*વિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયોમાં પૂર્વકાલીન ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા ચાલુ રહી. શિક્ષણના માધ્યમ તરીકે સંસ્કૃત ઉપરાંત પ્રાદેશિક ભાષાઓનો ઉપયોગ થવા લાગ્યો હતો. ક્ષત્રિય અને વૈશ્ય વર્ગ માટે વૈદિક શિક્ષણ પ્રતિબંધિત હોવાથી આ શિક્ષણને ધક્કો પહોંચ્યો. બ્રાહ્મણોમાં બે, ત્રણ કે ચાર વેદનો અભ્યાસ કરનાર દ્વિવેદી, ત્રિવેદી અને ચતુર્વેદી તરીકે ઓળખાતા.*

*ઉચ્ચ વ્યાકરણ, પુરાણો, જ્યોતિષ, ખગોળ અને સ્મૃતિઓનો અભ્યાસ ખુબ લોકપ્રિય હતો. દક્ષિણ ભારતમાં તો વ્યાકરણ માટે અલગ વિદ્યાલયો હતાં તેવું અલબેરુની નોંધે છે. સંસ્કૃત ભાષાસાહિત્યમાં કાવ્યશાસ્ત્ર અને છંદશાસ્ત્રનું ગહન જ્ઞાન અપાતું. કાલિદાસ, ભવભૂતિ, ભર્તૃહરિ, બાણ વગેરેની રચનાઓનો અભ્યાસ કરી તેમનું અનુસરણ કરવા પ્રયત્ન કરતા. અલંકારોના અભ્યાસમાં વિદ્યાર્થીઓ વધુ ધ્યાન આપતા. વાદ વિવાદ સંદર્ભે તર્ક અને દર્શનશાસ્ત્ર ખૂબ અગત્યના વિષયો હોઈ એ કઠીન વિષયો પણ વિદ્યાર્થીઓ પસંદ કરતા.*

*હિંદુ ધર્મમાં વેદાંત, સાંખ્ય, યોગ, ન્યાય અને મીમાંસાના અભ્યાસનું મહત્ત્વ હતું. હિંદુ, બૌદ્ધ અને જૈન ધર્મમાં વાદ-વિવાદો ચાલ્યા કરતા. દર્શનશાસ્ત્રના અભ્યાસ પૂર્વે તર્કમાં પારંગત બનવું પડતું. દર્શન અને વિરોધી દર્શનોના અભ્યાસથી વિદ્યાર્થીની દ્રષ્ટિ વિશાળ બને તથા વિદ્વાન બને તેવું વાતાવરણ વિશ્વવિદ્યાલયોમાં સર્જાતું.*

બૌદ્ધ વિશ્વવિદ્યાલયોમાં સંસ્કૃત, ધર્મશાસ્ત્ર, ખગોળ, જ્યોતિષ, વૈદક, રાજનીતિ જેવા વિવિધ વિષયોનું અધ્યયન-અધ્યાપન થતું. દર્શનના વિદ્યાર્થીઓ હેતુવિદ્યા, અભિધર્મશાસ્ત્ર, ન્યાયાનુસારશાસ્ત્રના બૌદ્ધ ગ્રંથો પસંદ કરતા. ભિખ્ખુ વિદ્યાર્થીઓને ધર્મ અને દર્શનને લગતા જ વિષયોનો અભ્યાસ કરાવાતો. તેમને ધાર્મિકેત્તર વિષયો શીખવાતા નહિ. બૌદ્ધ અને જૈન વિદ્યાલયોમાં ધાર્મિક તથા દર્શનનું શિક્ષણ અપાતું. 8મી સદીમાં કાશ્મીરના સર્વજ્ઞમિત્ર નાલંદાના આચાર્ય થયા હતા. ચુસ્ત જ્ઞાતિપ્રથાને કારણે વ્યવસાયિક અને કલાના શિક્ષણથી બ્રાહ્મણો દૂર રહ્યા. ક્ષત્રિયોને સૈન્ય તાલીમ, વૈશ્યોને વેપાર-વાણિજ્યનું શિક્ષણ તથા શૂદ્રો માટે વિવિધ કળા-કારીગરીનું શિક્ષણ તથા તાલીમ આપતાં કેન્દ્ર હતાં. વ્યાવસાયિક શિક્ષણના વિદ્યાર્થીઓને સંસ્કૃતનું સામાન્ય જ્ઞાન અપાતું. તો ઈજનેરી અને સ્થાપત્યવિદ્યાના વિદ્યાર્થીઓને વાસ્તુ તથા ગણિતનું શિક્ષણ અપાતું.

હિંદુ, બૌદ્ધ અને જૈન ધર્મના અધ્યેતા-અધ્યાપકો પોતાના ધર્મના લેખકોની કૃતિઓને જ અભ્યાસમાં પ્રાધાન્ય આપતા. પ્રત્યેક વિદ્યાકેન્દ્રોમાં પોતાના સ્વતંત્ર ગ્રંથાલયો હતાં. બૌદ્ધ અને જૈન મઠોમાં જ્ઞાન ભંડારો હતા. અનેક રાજાઓએ પોતાના રાજ્યમાં જ્ઞાન ભંડારો ઊભા કર્યા હતા. કુમારપાલે રાજ્યમાં 21 ગ્રંથાલયો સ્થાપવા અનુદાન કર્યા હતા.

આ કાળમાં શિક્ષણની પૂરોગામી મૌખિક પદ્ધતિ અપનાવી હતી. જે માત્ર ગોખણપટ્ટી ન હતી. ગ્રંથો કંઠસ્થ કરવામાં આવતા તથા વિદ્યાર્થીઓ કંઠસ્થ ગ્રંથ કે શ્લોકનો અર્થ પણ સમજાવી શકતા. બિલ્હણ લખે છે તે પ્રમાણે "દરકે લેખકની મહેચ્છા એ હતી કે પોતાના ગ્રંથ વિદ્વાનોનું કંઠાભરણ બને."

નાની વયમાં લગ્નપ્રથાને કારણે સ્ત્રીઓ મોટાભાગે શિક્ષણથી વંચિત રહેતી. અપવાદરુપે ધનવાન. સંસ્કારી તથા રાજપિરવારોમાં સ્ત્રી શિક્ષણ પ્રત્યે થોડું લક્ષ્ય અપાતું. વૈદિક સાહિત્ય સ્ત્રીઓ ભણી શકતી નહી. તેમને અન્ય સાહિત્યિક શિક્ષણ, સંસ્કૃત, પ્રાકૃત ગ્રંથોનું અધ્યયન કરવાની છૂટ હતી. ઉપરાંત ગૃહ ઉપયોગી કલાઓનું જ્ઞાન અપાતું. આ કાળે ક્યાંક વિદુષી સ્ત્રીઓ દેખા દે છે. તેમ છતાં સ્ત્રી-શિક્ષણ નજીવું હતું.

કાશ્મીર અને વારાણસી આ કાળનાં મહત્ત્વના વિદ્યાકેન્દ્રો હતાં. શિક્ષણકેન્દ્ર તરીકે વારાણસી પ્રાચીન સમયથી અગત્ય ધરાવતું હતું. ત્યાં વિદ્યાલયોને સ્થાને વિદ્વાન બ્રાહ્મણો વ્યક્તિગત રીતે પોતાના ઘરે શિક્ષણ આપતા. સમસ્ત દેશમાંથી અહીં વિદ્યાર્થીઓ દર્શન, ધર્મશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, વ્યાકરણ વગેરે જેવા વિષયોના ઉચ્ચ અભ્યાસાર્થે આવતા કાશ્મીર પણ 11મી સદીમાં બ્રાહ્મણોના ત્યાં સ્થળાંતર અને વસવાટને લઈને પ્રખ્યાત વિદ્યાકેન્દ્ર બન્યું હતું. અહીં વિદ્યાર્થીઓને ગુરુ પોતાને ત્યાં રાખી નિઃશુલ્ક શિક્ષણ આપતા.

બંગાળના રાજા લક્ષ્મણસેનની રાજધાની નદિયા હિંદુ શિક્ષણનું કેન્દ્ર બન્યું હતું. હલાયુધ, જયદેવ, ધોયી વગેરે જેવા વિદ્વાનોએ શિક્ષણની પ્રવૃત્તિને વેગવાન બનાવી હતી. માળવામાં પાટનગર ધારાનગરીમાં પરમાર શાસક રાજા ભોજે 'સરસ્વતી કંઠાભરણ સંસ્કૃત વિદ્યાપીઠ' સ્થાપી હતી. અજમેરમાં તેના જેવું વિદ્યાલય ચૌહાણ નરેશ વિગ્રહરાજ ચોથાએ બંધાવ્યું હતું. સોલંકી શાસકોની રાજધાની અણહિલપુર પાટણમાં અસંખ્ય શાળાઓ અને મઠો હતા. અહીં જૈન ધર્મના આગમ ગ્રંથો, રાસાયણશાસ્ત્ર, રાજનીતિ,

ધર્મશાસ્ત્ર ઉપરાંત વૈદિક ગ્રંથોનો, ઉપનિષદો અને વ્યાકરણનો ઊંડો અભ્યાસ થતો. આમ, રાજાઓએ વિદ્યાલયોને રાજ્યાશ્રય આપી વિદ્યા પ્રવૃત્તિને ઉત્તેજન આપ્યું હતું.

દક્ષિણ ભારતમાં હિંદુ મંદિરો સાથે શિક્ષણકેન્દ્રો સંલગ્ન હતાં. બિજાપુરમાં સલોતગી ગામ વૈદિક અભ્યાસનું કેન્દ્ર હતું. અહીના ત્રયીપુરુષના મંદિરમાં ચાલતા સંસ્કૃત વિદ્યાલયમાં સમગ્ર દેશમાંથી વિદ્યાર્થીઓ તેની ખ્યાતીથી આકર્ષાઈને અભ્યાસ માટે આવતા. આ મંદિર-વિદ્યાલયને રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણ ત્રીજાએ ભૂમિદાન દીધાં હતાં. ઉપરાંત શુભ પ્રસંગોએ ગામમાંથી દાન મળતું. દક્ષિણ આરકોટ જિલ્લાના એણ્ણાયિરમ ગામમાં પણ આવું મંદિર વિદ્યાલય હતું. આ બંને વિદ્યાલયો અનુદાનથી ચાલતા અને વિદ્યાર્થીઓને મફત રહેવા-જમવા અને શિક્ષણ પ્રાપ્ત કરવાની સુવિધા અપાતા. વિવિધ વિષયો માટે અનામત જગ્યા રાખવામાં આવતી. ચિંગલેપુર જિલ્લામાં તિરુમુક્કુદલ ગામે વેંકટેશ પેરુમલ મંદિર એક વિદ્યાલય, છાત્રાલય અને દવાખાનું ચલાવતું. આંધ્રપ્રદેશમાં નગૈ ગામે મોટું મંદિર વિદ્યાલય હતું. તેના ગ્રંથાલયમાં 6 ગ્રંથપાલો હતાં. ઉપરાંત દક્ષિણ ભારતમાં નાનાં અસંખ્ય મંદિર-વિદ્યાલયો ચાલતાં અને તેની વિશિષ્ટતા એ હતી કે તે મંદિરના સંચાલકો ચલાવતા. વિદ્વાનો, સંતો, બ્રાહ્મણોને ભૂમિદાન કે ગામના મહેસૂલનું હસ્તાંતરણ આપી વસાવાતા તેવા ગામોને અગ્રહાર ગામ કહેતા. આવાં ગામો વિદ્યાનાં કેન્દ્રો બન્યાં હતાં. કર્ણાટક અને મૈસૂરમાં આવાં ગામો હતાં. બંગાળ, બિહાર અને ઉત્તરપ્રદેશમાં સંસ્કૃત વિદ્યાલયો અનુદાનથી ચાલતાં. બૌદ્ધ શિક્ષણ ક્ષેત્રે વિક્રમશીલ વિશ્વવિદ્યાલયે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. પાલવંશના શાસકોએ અનુદાન દ્વારા અસંખ્ય વિહારો અને મંદિરો બંધાવ્યા હતાં. વિક્રમશીલમાં અભ્યાસને અંતે પદવી કે ઉપાધિઓ અપાતી. દીપાંકર શ્રી જ્ઞાનના માર્ગદર્શન હેઠળ અનેક વિદ્વાનોએ સંસ્કૃત ગ્રંથો લખ્યા હતા. અનુદાનના અભાવે નાલંદા વિદ્યાપીઠ પડતીની અવસ્થાએ પહોંચી હતી. તેમ છતાં ત્યાં સાહિત્યિક પ્રવૃત્તિઓ ચાલુ રહી. ઈ.સ. 1203 માં બખ્તિયાર ખીલજીએ તેનો નાશ કર્યો.

બંગાળના રાજા રામપાલે (ઈ.સ. 1084-1130) રાજધાની રામાવતીમાં જગદલ નામે બૌદ્ધ વિદ્યાપીઠ બંધાવી હતી. તે તંત્રશિક્ષણનું કેન્દ્ર હતી. પ્રાચીન ઓદંતપુરી બૌદ્ધ શિક્ષણના કેન્દ્ર તરીકે ચાલુ રહી. આચાર્ય દીપાંકરે ત્યાં અભ્યાસ કર્યો હતો. ઉપરાંત કાશ્મીર અને સારનાથના બૌદ્ધ વિહારોમાં બૌદ્ધ શિક્ષણ અપાતું. આમ, આ સમયમાં સમસ્ત ભારતમાં ઉચ્ચ શિક્ષણની અનેક સંસ્થાઓમાં મફત અને ગુણવત્તાયુક્ત શિક્ષણની વ્યવસ્થાએ ગરીબ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ સુલભ બનાવ્યું હતું. તો સાથે નિમ્ન વર્ગ માટે કોઈ વ્યવસ્થા નજરે પડતી નથી.

### 16.3.3 પ્રાચીન કાળના અંતિમ તબક્કાનું શિક્ષણ (ઈ.સ. 1001 થી 1200)

સલ્તનતકાળમાં હિંદુ શિક્ષણને ધક્કો પહોંચ્યો. સલ્તનતની સ્થાપના પહેલાં ભારતીય શિક્ષણે વિશ્વ ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. બૌદ્ધ શિક્ષણ તેની પરાકાષ્ઠાએ હતું. બ્રાહ્મણ શિક્ષણકેન્દ્રો પણ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આખા દેશમાં કાર્યરત હતાં. જેમાં દેશ-

દેશાવરથી વિદ્યાર્થીઓ આવી અભ્યાસ કરતા. અભ્યાસની સાથે રહેવા-જમવાની સુંદર વ્યવસ્થા હતી. મુસ્લિમોના આક્રમણથી આવા શિક્ષણ કેન્દ્રોનો નાશ થયો. હિંદુ શિક્ષણકેન્દ્રોને મળતો રાજ્યાશ્રય બંધ થયો અને ઈસ્લામિક શાસનને કારણે હિંદુ શિક્ષણ સ્વરુપ બદલાયું. નિર્ભય અને ખુલ્લી રીતે ચાલતાં હિંદુ વિદ્યાલયો હવે ગુરુગૃહે, મંદિર-વિદ્યાલય અને અનુદાનિત વિદ્યાલયો એમ ત્રણ પ્રકારે શિક્ષણ અપાવું શરુ થયું.

કાશી, પ્રયાગ, નદિયા, પટણા વગેરે નગરોમાં પ્રસિદ્ધ વિદ્વાનોના માર્ગદર્શન હેઠળ વિદ્યાલયો સ્થપાયાં. આ વિદ્યાલયોમાં વાચંન, લેખન, ગણન, ધર્મ અને નીતિને લગતું પ્રાથમિક શિક્ષણ અપાતું. ઉચ્ચ અભ્યાસનાં વિદ્યાલયોમાં સંસ્કૃત, સાહિત્ય, વ્યાકરણ, ન્યાય, વેદાંત, વેદ, પુરાણ, ઉપનિષદ વગેરે ભણાવાતું. અભ્યાસને અંતે અંતિમ પરીક્ષા લેખિત અને મૌખિક બંને રીતે લેવાતી. પરીક્ષામાં શાસ્ત્રર્થ અનિવાર્ય હતો. પરીક્ષાને અંતે યોગ્ય વિદ્યાર્થીઓને ઉપાધ્યાય, મહોપાધ્યાય, મહા-મહોપાધ્યાય, સર્વભૌમ વગેરે જેવી પદવીઓ અપાતી. વિદ્યાર્થીઓ મફત શિક્ષણ મેળવતા તથા તેમનો સઘળો ખર્ચ રાજાઓ, શ્રીમંતો અને ઉદ્યોગપતિઓ ઉપાડતા. ગુરુનો દરજ્જો ઉચ્ચો ગણાતો. આનંદ, જ્ઞાન, બુદ્ધિ વિકાસ, ઉચ્ચ દરજ્જો મેળવવા, દ્રવ્યોપાર્જન અને મોક્ષ પ્રાપ્તિ એ હિંદુ શિક્ષણના ઉચ્ચ ઉદ્દેશ્યો હતા. આ સંક્રાંતિ કાળમાં પણ હિંદુ શિક્ષણની ગુણવત્તા ભક્તિ-આંદોલન, સંસ્કૃત સાહિત્ય અને પ્રાદેશિક ભાષાઓમાં થયેલા સાહિત્યિક વિકાસમાં જોઈ શકાય છે.

આ કાળમાં નદિયા  હિંદુ શિક્ષણમાં ન્યાયશિક્ષણ માટે, કાશી વ્યાકરણ-વેદાંત માટે અને વિજયનગર વેદ, પુરાણ અને વેદાંત માટે પ્રખ્યાત હતાં. ઉપરાંત પટણા, પ્રયાગ, હરિદ્વાર, મથુરા, તિરહુત, ઉજ્જૈન અને ધાર વગેરે પ્રસિદ્ધ વિદ્યાકેન્દ્રો બન્યાં હતાં. જેમાં સંસ્કૃત સાહિત્યનું ગહન શિક્ષણ અપાતું. જોકે હિંદુ શિક્ષણનો લાભ બ્રાહ્મણો અને ઉચ્ચ વર્ણને મળતો. નિર્ધન અને નિમ્ન વર્ણના લોકો માટે શિક્ષણની વ્યવસ્થા ન હતી. જેથી તેમનામાં અંધશ્રદ્ધા અને વહેમો વધી પડ્યા હતા. હિંદુ સ્ત્રી-શિક્ષણની વ્યવસ્થા ન હતી. બૌદ્ધ વિદ્યાપીઠો નષ્ટ થઈ હતી. 9મી થી 12મી સદીમાં દક્ષિણ ભારતમાં શિક્ષણ કેન્દ્રોમાં ઈન્નાઈરમ, ત્રિભુવની. તિરુવદુતુરઈ, તિરુવરિયુર વગેરે મુખ્ય હતાં. શિક્ષણનું માધ્યમ સંસ્કૃત હતું. જેથી ભાષા શિખવામાં સમય વધુ વેડફાતો.

### 16.3.4 સલ્તનતકાળીન શિક્ષણ (ઇ.સ. 1201 થી 1526)

અરબસ્તાન, ઈરાન અને અન્ય મુસ્લિમ દેશોની ઈસ્લામી શિક્ષણ પદ્ધતિનો સલ્તનકાળમાં ભારતમાં પ્રવેશ થયો. 12મી સદીમાં લાહોર મુસ્લિમ શિક્ષણનું કેન્દ્ર બન્યું. 13મી સદીમાં મંગોલોના આક્રમણથી મધ્ય એશિયાના મુસ્લિમ વિદ્વાનો ભારતમાં આવી સ્થાયી થયા. મુસ્લિમ વિદ્યાલયો 'મકતબ' અને 'મદરેસા' તરીકે ઓળખાતી. મુસ્લિમ બાળકોને મકતબમાં પ્રાથમિક શિક્ષણ અપાતું. આ મકતબો મસ્જિદ સાથે સંલગ્ન હતી. સુલતાનો મકતબો બંધાવતા અને મૌલવીઓ શિક્ષણ આપતા. 4 વર્ષ 4 માસ અને 4 દિવસની વયે બાળકને મકતબમાં પ્રવેશ મળતો. વિદ્યારંભને 'બિસ્મિલ્લાહ' કહેતા. કુરાન

અને હદીસના ભાગ કંઠસ્થ કરવા લિપિ જ્ઞાન, સામાન્ય ગણિત વગેરે શિખવાતું અરબી તથા ફારસી માટે વ્યાકરણ શિખવવામાં આવતું. પહેલાં વાંચન પછી લેખન શીખવાતું. મદરેસા ઉચ્ચ શિક્ષણનું કેન્દ્ર હતું. મકતબનો અભ્યાસ પૂર્ણ કાર્યા પછી મદરેસામાં પ્રવેશ મળતો. તેના નિભાવ માટે સુલતાનો જાગીરો આપતા. અહીં વ્યવહારિક અને ધાર્મિક બંનેનું શિક્ષણ આપવામાં આવતું. વ્યવહારિકમાં અરબી વ્યાકરણ, ગદ્ય, સાહિત્ય, તર્ક, દર્શન, કાયદો, જ્યોતિષ, ગણિત, ઈતિહાસ, ભૂગોળ, ચિકિત્સા, વિવિધ કલાઓનું શિક્ષણ અપાતું. ધાર્મિક શિક્ષણમાં કુરાન, તેની આયાતોનું અર્થઘટન, પયગમ્બરના જીવન આદર્શો, ઈસ્લામી કાયદા વગેરેનું શિક્ષણ અપાતું. અરબી ભાષા શિક્ષણનું માધ્યમ હતી. વ્યાખ્યાન પદ્ધતિ ઉપયોગમાં લેવાતી. વિદ્યાર્થી ગમતો વિષય ભણી શકતો. શાસ્ત્રાર્થ પણ થતા. વિદ્યાર્થીઓને કઠીન સમસ્યા ઉકેલવા અપાતી. દરેક મદરેસામાં ગ્રંથાલય હતા. અભ્યાસને અંતે પ્રમાણપત્ર અપાતા. તેજસ્વી વિદ્યાર્થીઓને સુલતાનો, અમીરો શિષ્યવૃત્તિ અને પારિતોષિક આપતા. મદરેસા સંલગ્ન છાત્રાલયો પણ હતા. મુસ્લિમોને સાચા મુસ્લિમ બનાવવા, ધર્માંતરથી આવેલા નવા-મુસ્લિમોને ઈસ્લામ ધર્મનું શિક્ષણ આપવું. ધાર્મિક વ્યક્તિઓ તૈયાર કરવા અને આજીવિકા પ્રાપ્તિ એ મુસ્લિમ શિક્ષણના ઉદ્દેશ્યો હતા. રાજ્યનાં મહત્ત્વનાં પદો કે સરકારી નોકરી માટે શિક્ષણ જરુરી હોવાથી મુસ્લિમ યુવાનો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા પ્રવૃત્ત રહેતા.

સ્ત્રીઓના શિક્ષણની વ્યવસ્થા ન હતી. છોકરીઓને મકતબ સુધીનું શિક્ષણ અપાતું. સાધારણ વાંચન, લેખન સિવાય અન્ય જ્ઞાન અપાતું નહીં. કુલીન કુટુંમ્બમાં છોકરીઓ નિરક્ષર રહેતી. તેમને ઘરમાં જ ધર્મ અને ગૃહ વિજ્ઞાનનું થોડુંક જ્ઞાન અપાતું. રાજધાની હોવાથી તથા સુલતાનોની કૃપાથી દિલ્હી મુસ્લિમ શિક્ષણકેન્દ્ર તરીકે વિકસ્યું. સુલતાન ઈલ્તુત્મિશે પુત્ર નાસિરુદ્દીનના નામે સીરિયા મદરેસા સ્થાપી હતી. જે દિલ્હીની પ્રથમ મદરેસા હતી. પછીના સમયે અનેક મદરેસાઓ સ્થપાઈ. ફિરોઝ તુઘલકે તેના ગુલામો માટે શિક્ષણની વ્યવસ્થા કરી હતી. દિલ્હી ઈસ્લામ ધર્મ, દર્શન, ભૌતિકશાસ્ત્રની સઘળી શાખાઓ, ભૂગોળ, જ્યોતિષ, ગણિત, કાયદો, ચિકિત્સાના શિક્ષણ માટે પ્રસિદ્ધ હતું. શાહી ગ્રંથાલયનો લાભ શિક્ષકો અને વિદ્યાર્થીઓને મળતો. આથી દિલ્હીમાં અનેક ખ્યાતનામ લેખકો, વિદ્વાનો, દાર્શનિકો, કવિઓ, ઈતિહાસકારો થયા. જેમણે સાહિત્ય અને વિવિધ કૃતિઓની રચના કરી. આવું જ એક શિક્ષણ કેન્દ્ર ઊભું કરવાના ઉદ્દેશ્યથી સિકંદર લોદીએ આગ્રાની સ્થાપના કરી ત્યાં શરુઆતથી જ અનેક મદરેસાઓ સ્થાપી હતી. કલા-કૌશલના શિક્ષણ ક્ષેત્રે 'શિરાજે-હિંદ' તરીકે જૌનપુર ખ્યાતિ પામ્યું હતું. મહમુદ ગાવાને બહમની રાજ્યમાં બીડરને વિદ્યાનું કેન્દ્ર બનાવી ત્યાં વિશાળ મદ્રેસા મૂલ્યવાન ગ્રંથાલય ઊભું કર્યું. ઉપરાંત અજમેર, સિયાલકોટ, લાહોર, મુલતાન, અલાહાબાદ, અહમદનગર, બીજાપુર, ગોલકોંડા, ગુલબર્ગ, અહમદાબાદ, પાટણ વગરે શહેરો મુસ્લિમ શિક્ષણનાં મહત્ત્વનાં કેન્દ્રો હતાં.

- **તમારી જાતે ચકાસો (ખ)**

1. *સાચો વિકલ્પ પસંદ કરી તેની સામે ની નિશાની કરો.*

   (1) 9*મી થી* 12*મી સદીમાં કઈ વિદ્યાપીઠ આંતરરાષ્ટ્રીય ખ્યાતી ધરાવતી હતી ?*

   *(અ) તક્ષશિલા (બ) નાલંદા (ક) પ્રયાગ (ડ) દિલ્હી*

   (2) 7*મી સદીના ઉત્તરાર્ધમાં કયો ચીની પ્રવાસી ભારત આવ્યો હતો?*

   *(અ) હ્યુએન ત્સાંગ (બ) ફાહિયાન (ક) ઇત્સિંગ (ડ) માર્કોપોલો*

   (3) *ધારાનગરીમાં 'સરસ્વતી કંઠાભરણ સંસ્કૃત વિદ્યાપીઠ' કોણે બંધાવી હતી ?*

   *(અ) રાજા હર્ષે (બ) સિદ્ધરાજ (ક) વિગ્રહરાજ (ડ) રાજા ભોજ*

   (4) *બૌદ્ધ વિદ્યાપીઠ જગદલ કોણે બંધાવી હતી ?*

   *(અ) રામપાલે (બ) અજયપાલે (ક) ગોપાલે (ડ) કુમારપાલે*

   (5) *મકતબમાં કયું શિક્ષણ અપાતું ?*

   *(અ) કૃષિ શિક્ષણ (બ) ઉચ્ચ શિક્ષણ (ક) ટેકનિકલ શિક્ષણ (ડ) પ્રાથમિક શિક્ષણ*

2. *અનુગુપ્તકાળીન* (*ઈ.સ.* 650-750)*ની શિક્ષણ વ્યવસ્થા વિશે ટૂંકમાં જણાવો.*

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

3. *પ્રતિહાર-રાષ્ટ્રકૂટકાલીન દક્ષિણ ભારતની હિંદુ શિક્ષણ વ્યવસ્થા વિશે ટૂંકમાં સમજૂતી આપો.*

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

4. પ્રાચીનકાળના અંતિમ તબક્કાના ઉચ્ચ શિક્ષણ વિશે પાંચ વાક્યો લખો.

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

5. સલ્તનતકાલીન મુસ્લિમ શિક્ષણ ટૂંકમાં જણાવો.

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

## 16.4 વિજ્ઞાન (ઈ.સ. 650 થી 1526)

### 16.4.1 અનુગુપ્તકાળ (ઈ.સ. 650 થી 750)

પ્રાચીન ભારતે આયુર્વેદ, જ્યોતિષ, ગણિત, ખગોળ, રસાયણ, વાસ્તુશાસ્ત્ર વગેરેમાં નોંધપાત્ર પ્રગતિ કરી હતી. આયુર્વેદ (ચિકિત્સાવિદ્યા)- નાં આઠ અંગ વિકસ્યાં હતાં. સર વિલિયમ હંટરે ભારતીય વૈદકશાસ્ત્ર વિષે નોંધ્યું છે કે, 'ભારતનું વૈદકશાસ્ત્ર ચિકિત્સાના સર્વ ક્ષેત્રને આવરી લે છે. તે શરીરનું બંધારણ, અંગોપાંગ, સ્નાયુઓ અને રક્તવાહિનીઓ તથા તંતુઓનું વર્ણન કરે છે.' અગાઉની ચરક અને સુશ્રુતચિકિત્સા ઉપરાંત આ સમયમાં બે કૃતિઓનો ઉમેરો થયો. આ કાળે બે વાગ્ભટ થયા. મોટા વાગ્ભટ 7મી સદીના પ્રારંભે થયા. તેમણે ગદ્ય-પદ્ય મિશ્રિત 'અષ્ટાંગહૃદય' અને બીજા વાગ્ભટ 8મી સદીના પ્રારંભે થયા. તેમણે અષ્ટાંગહૃદયસંહિતા રચી. જેમાં તત્કાળીન ચિકિત્સાવિદ્યાનું નવેસરથી નિરુપણ કરી આઠ અંગોનું હાર્દ સમજાવ્યું છે. આ બંને લોકપ્રિય બન્યા હતા. 7મી સદીમાં થયેલા માધવે 'માધવનિદાન' (રુગ્વિનિશ્ચય)માં પુરોગામી ચરકસંહિતા, સુશ્રુતસંહિતા અને અષ્ટાંગહૃદય વગેરેની ચિકિત્સા ઉપરાંત તેમાં ઉલ્લેખ ન હોય તેવા રોગોના નિદાન અંગેના પોતાના અનુભવો સંકલિત કર્યા છે. જેથી અન્ય ગ્રંથોની જેમ આ ગ્રંથ પણ લોકપ્રિય બન્યો. આમ, શૈલ્ય ચિકિત્સા ક્ષેત્રે પ્રગતિ

સધાઇ હતી. ઉપરાંત દવાઓ બનાવવાની રીતો, દવાનું વર્ગીકરણ, ઔષધના ઉપયોગ અંગેની સૂચનાઓ, રોગના લક્ષણ, રોગમાં પાળવાની પરેજી વગેરેની માહિતી આ ગ્રંથોમાંથી મળે છે. બાળરોગ, સ્ત્રી-રોગ, તૂટેલાં હાડકાંની ચિકિત્સા અને વાઢકાપ પેઢું, મૂત્રાશય, શરીર, આંખ, નાક, કાનમાં ઘૂસેલાં બહારી પદાર્થો કાઢવા વગેરેનાં ઓપરેશનો પણ કરવામાં આવતાં. વાઢકાપ માટેના હથિયારો બનાવવામાં આવતાં. સાતમી સદીમાં લોહ અને સોમલનો ઔષધ તરીકે ઉપયોગ થતો હતો. નાલંદા વિશ્વવિદ્યાપીઠમાં રસાયણવિદ્યાના અભ્યાસ તથા સંશોધન અર્થે અલગ રસાયણશાળા હતી. વિદ્યાર્થીઓને મીણનાં પૂતળા કે મૃત શરીરની શૈલ્ય ચિકિત્સા દ્વારા પ્રત્યક્ષ જ્ઞાન અપાતું.

બ્રહ્મસિદ્ધાંતમાં બ્રહ્મગુપ્તે જ્યોતિષ અને અન્ય વિષયો ઉપરાંત ગણિતની ચર્ચા કરી છે. શૂન્યનું મહત્ત્વ ધન અને ઋણ સંખ્યાઓ ઉપરાંત ગણિતના નિયમો, વર્ગમૂળ કાઢવાની રીત, રેખિક સમીકરણો અને કેટલાક વર્ગ સમીકરણોના ઉકેલની રીતો, સંખ્યા, બ્રહ્મગુપ્ત પ્રમેય વગેરે તેમાં આપ્યાં છે. ભાસ્કર પ્રથમે (ઈ.સ. 600 થી 680) 'આર્યભટીયભાષ્ય' નામે ટીકા લખી જે સંસ્કૃત ગદ્યની 'ગણિત અને ખગોળશાસ્ત્ર'ની પ્રથમ કૃતિ છે.

ખગોળશાસ્ત્ર સૌથી જૂનું શાસ્ત્ર છે. તેનો વ્યવસ્થિત અભ્યાસ થતો. ગ્રહોની ગતિ, નક્ષત્રો, અવકાશી પદાર્થો વગેરેના અભ્યાસ પરથી ખગોળ અને જ્યોતિષશાસ્ત્રનો વિકાસ થયો. ગ્રહોની સ્થિત પરથી ગ્રહફળ અને જ્યોતિષ ફલિત કરવામાં આવતું હતું. આ કાળે જ્યોતિષમાં બ્રહ્મગુપ્તનો બ્રહ્મસિદ્ધાંત પશ્ચિમ ભારતમાં સદીઓ સુધી લોકપ્રિય રહ્યો. તેમણે આ ગ્રંથમાં ગુરુત્વાકર્ષણના નિયમો આપ્યા છે. તેમનો બીજો ગ્રંથ 'ખંડખાદ્ય' (ઈ.સ. 665 -66) પણ મહત્ત્વનો છે. પ્રાચીન ભારતીય ગણિતશાસ્ત્રીઓએ જે યોગદાન આપ્યું છે તે પ્રત્યે આપણે ગૌરવ લઈ શકીએ તેમ છે. ફ્રાંસના વૈજ્ઞાનિક પિયેર સિમોન લાપ્લાસ આ અંગે નોંધે છે કે, 'ભારતે સંખ્યા ગણતરીની જે દશાંશ પદ્ધતિ આપી છે, તેની મહત્ત્વની બાબત એ છે કે જો તેના અન્ય ગુણોની ઉપેક્ષા પણ કરવામાં આવે તો પણ તેની સરળતાનો અસ્વીકાર કરી શકાય તેમ નથી.'

### 16.4.2 પ્રતિહાર-રાષ્ટ્રકૂટકાળ (ઈ.સ. 751 થી 1000)

અગાઉના સમયમાં વૈદકશાસ્ત્રમાં જે વિકાસ થયો તેનો વ્યવહારિક ઉપયોગ આ સમયે ચાલુ રહ્યો. આ કાળે આયુર્વેદને લગતો 'ધનવંતરિનિઘંટુ કોશ' એ પ્રાચીન સામગ્રી પરથી રચાયેલ. જે આઠમી સદીથી પ્રાચીન નથી. જેમાં ઔષધોપયોગી વનસ્પતિને લગતી માહિતી કોશ સ્વરુપે આપી છે. મનુષ્ય રોગો અને પ્રાણીઓના રોગોમાં વનસ્પતિ ઔષધોનો ઉપયોગ કરવામાં આવતો. 10મી સદી આસપાસ વૃંદ રચિત 'સિદ્ધિયોગ' (વૃંદ માધવ) ચિકિત્સાની ઘણી માહિતી માધવનિદાનમાંથી લીધી છે. અગાઉ પારાનો ઔષધ તરીકે ઉપયોગ થતો. પારાનો ઔષધો બનાવવામાં ઉપયોગ વધ્યો. ચિરયૌવન, દીર્ઘ આયુષ્ય, અજેયતા વગેરે પ્રાપ્ત કરવા પારાની ઔષધ બનાવટની વિદ્યા અંગે સૌ પ્રથમ નાગાર્જુને 'રસરત્નાકર' ગ્રંથ રચ્યો. તેમના સમય અંગે વિદ્વાનોમાં ભારે મતભેદ છે. આ સમયની ગણિતની જૂજ કૃતિઓ મળે છે. શ્રીધરની 'ગણિતસાર' (ત્રિશતી) મુખ્ય છે.

*મહાવીર રાષ્ટ્રકૂટ રાજા અમોઘવર્ષ પહેલાના સમયમાં (ઈ.સ. 814-878) 'ગણિતસારસંગ્રહ' અને મનુએ 'બૃહમાનસ' ગ્રંથ લખ્યો.*

*આ સમયમાં પણ જ્યોતિષના ગ્રહગણિત, મુર્હૂતવિદ્યા, ફલાદેશ જેવા અંગો વિશે કૃતિઓ રચાઈ. જ્યોતિષશાસ્ત્રની સર્વ શાખાઓ પર કનોજના બલભદ્રે પુસ્તક લખ્યાં. કાશ્મીરમાં વટેશ્વર નામે જ્યોતિષાચાર્યે આ વિદ્યામાં ખેડાણ કર્યું. ઈ.સ. 950 આસપાસ આર્યભટ્ટ બીજો થયો જે જ્યોતિષના પ્રખર વિદ્વાન હતો. તેમણે આર્યભટના સિદ્ધાંતમાં સુધારાવધારા કરી 'આર્યસિદ્ધાંત' લખ્યો. 10મી સદીમાં પૃથુસ્વામી, ભટ્ટોત્પલ અને વિજયનંદી જેવા જ્યોતિષીઓ થયા. ભટ્ટોત્પલે પૂરોગામી જ્યોતિષગ્રંથોનું ગહન અભ્યાસ કરી તે ગ્રંથો પર ટીકાઓ લખી. જેમાં વરાહમિહિરની બૃહત્સંહિતા પરની ટીકા અગત્યની છે. વિજયનંદીએ કરણતિલક જ્યોતિષ વિશે ગ્રંથ લખ્યો. જ્યોતિષની સાથે વાસ્તુશાસ્ત્રમાં પણ વિકાસ થતો રહ્યો.*

**16.4.3 પ્રાચીન કાળનો અંતિમ તબક્કો (ઈ.સ. 1001 થી 1200)**

*આ સમયમાં બંગાળમાં 10મી સદીથી ધાતુ પ્રતિમાઓ ઘડાઈ હતી. 10મી સદીથી દક્ષિણ ભારતમાં ધાતુશિલ્પની કલાનો વિશેષ વિકાસ થયો. ચોલ શાસકોના સમયમાં વિપુલ પ્રમાણમાં ધાતુશિલ્પો બનતાં હતાં. શિલ્પ ખાસ કરીને કાંસા અને પિત્તળનાં બનતાં. 11મી – 12મી સદીથી નટરાજની ધાતુપ્રતિમાઓ પ્રચલિત બની. નટરાજનું શિલ્પ (મદ્રાસના સંગ્રહાલયમાં)કલાની દ્રષ્ટીએ આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ પામ્યું છે. ઉપરાંત શિવ, પાર્વતી, શૈવસંતો, વિષ્ણુ, લક્ષ્મી, કૃષ્ણ, રામ, વૈષ્ણવ અલવારો અને રાજવી દાતાઓની પ્રતિમાઓ પણ મુખ્ય ગણાવી શકાય. ધાતુશિલ્પની એ શૈલી સદીઓ સુધી ચાલુ રહી. પાષણ શિલ્પ કલાનું ઓજસ ઓસર્યું પરંતુ ધાતુ પ્રતિમાઓનું ઓજસ તથા કૌશલ ટકી રહ્યું.*

*હાથીદાંત, મોતી, રત્નો, સોના-ચાદીનો ધાતુઓ અને આભૂષણોમાં ઉપયોગ થતો. પથ્થર ઘડવાનું અને પોલિશ કરવાનું કામ પ્રાચીન સમયથી ચાલતું હતું. ધારાનગરીમાં બનેલો 'જયસ્તંભ' લોખંડ-પોલાદનો ઉત્તમ નમૂનો છે. તાંબા-પિત્તળનાં વાસણો, મૂર્તિઓ બનતી. મીઠું, ખાંડ અને તેલ તથા સુગંધિત દ્રવ્યો ઉત્પન્ન કરતાં. ધાતુના સોના, ચાંદી, તાંબાના સિક્કા પ્રચલનમાં હતા. ઋતુ પ્રમાણે પાક લેવાતા. જમીન માપવા માટે હળ, નળ અને હસ્ત જેવાં માપનો ઉપયોગ થતો. પાણી માટે વાવ સ્થાપત્ય વિકાસ પામ્યું. જાહેર અને ખાનગી સ્થાપત્યમાં એન્જિનિયરો અને સલાટ-શિલ્પીઓ હતા. નગરો યોજનાપૂર્વક બનાવાતાં. જગ્યાની પસંદગી, વાસ્તુના વિવિધ આકારો, રચના, વિસ્તાર, દેવમંદિર, શયન ખંડ, ભોજન કક્ષ, અશ્વશાળા, કિલ્લા,એમ વ્યવસ્થિત વાસ્તુશાસ્ત્ર વિકસ્યું. આજે વાસ્તુશાસ્ત્રનું અગત્ય ખૂબ વધ્યું છે. ભાસ્કરાચાર્યે (12મી સદી) ગણિતને લગતો 'સિદ્ધાંતશિરોમણી' ગ્રંથ લખ્યો. તેમાં 'લીલાવતી' અને 'બીજગણિત' ના અધ્યાય ખૂબ મહત્ત્વના છે. જ્યારે તેના ગ્રહગણિત તથા ગોલ નામના અધ્યાય ખગોળને લગતા છે.*

*કુમારપાલના સમકાળીન દુર્લભરાજ અને જગદેવ પિતાપુત્રે 'સામુદ્રિકતિલક' તથા જગદેવે 'ચિંતામણિ' નરહરિએ 'નરપતિજયચર્ચા-સ્વરાદેય' ગ્રંથ ફલાદેશ વિશે છે. વસ્તુપાલના સમકાળીન ઉદયપ્રભસૂરિએ 'આરંભસિદ્ધિ અને નરચંદ્રસૂરિએ 'જ્યોતિ-સાર' અને ભોજદેવનો 'રાજમૃગાંક' ગ્રંથ જ્યોતિષ વિશેનો ગ્રંથ છે. આમ, આ સમયમાં જ્યોતિષનો સારો વિકાસ થયો.*

*આ કાળમાં ચિકિત્સાવિદ્યાને લગતા ગ્રંથો ચક્રપાણિદત્ત, સુરેશ્વર, વંગસેન, ભોજ સાંર્ગધર વગેરે એ ચિકિત્સા વિદ્યાને લગતાં ગ્રંથો લખ્યા. જેમાં ચિકિત્સા, ઔષધો, ખોરાક, વૃક્ષ-આયુર્વેદ, અશ્વ-ચિકિત્સા, પારો, અફીણ, લોહ વગેરે વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં ચક્રપાણિનું ચિકિત્સાસગ્રહ અને સાંર્ગધરનું સંહિતા તથા રસાર્ણવ ઉલ્લેખનીય છે. મયમત, માનસાર, સમરાંગણસૂત્રધાર, પરાજિતપૃચ્છા તથા દક્ષિણ ભારતના કેટલાક જૈન આગમોમાં વાસ્તુવિદ્યા અને શિલ્પવિદ્યા વિશે વર્ણનો છે.*

*આ કાળે યુદ્ધ, વેપાર-વણજ વગેરેમાં ઘોડા, ઊંટ, હાથી, બળદ, ગાય વગેરે જેવા પ્રાણીઓ ખૂબ પરિવહન માટે અગત્ય ધરાવતા હોઈ મનુષ્ય ચિકિત્સાની સાથે સાથે પશુઓના વિવિધ રોગાની ચિકિત્સા, જાતવાન પશુઓની ઓળખ માટેનું વિજ્ઞાન વિકસ્યું હતું.*

### 16.4.4 સલ્તનતકાળ (ઈ.સ. 1200 થી 1526)

*જ્યોતિષ ક્ષેત્રે મૌલિક કૃતિઓ, વ્યાખ્યાઓ અને ટીકાઓ લખાઈ. જેમાં પદ્મપ્રભસૂરિએ 'ભૂવનદીપક', મહેન્દ્રસૂરિએ 'યંત્રરાજ', આચાર્ય કેશવેની 'ગણિત દીપિકા' નોંધપાત્ર છે. કેશવના તેર વર્ષીય પુત્ર ગણેશે વિદ્વતાપૂર્ણ ગ્રંથ 'ગ્રહલાઘવ' લખ્યો. જ્યોતિષ અને વાસ્તુશાસ્ત્ર અભિન્ન છે. તેથી આ કાળે પણ વાસ્તુશાસ્ત્રનો વિકાસ થયો. 15મી સદીમાં રાણા કુંભાએ પુરોગામી વાસ્તુશાસ્ત્રના ગ્રંથો અને પ્રાપ્ત પુસ્તકોમાં સુધારા કરાવી વાસ્તુશાસ્ત્રનો પુનરોદ્ધાર કરાવ્યો.*

*ગણિતશાસ્ત્રમાં નારાયણ પંડિતે ઈ.સ. 1336માં 'ગણિત-કૌમુદી' નામે મહત્ત્વનો ગ્રંથ લખ્યો. તેમાં સંખ્યા ઉકેલની નવીન પદ્ધિત 'માયાવર્ગ' અને તેના પ્રકારો જણાવ્યા છે. 15મી સદીના પ્રકાંડ ગણિતશાસ્ત્રી રામ વાજપેયએ 'શુલ્વવાર્તિક', ક્રમદીપિકા, 'કુંડાકૃતિ', 'સાંખ્યાયનગૃહપદ્ધતિ' તથા 'સમયસાર સંગ્રહ' જેવા ઉત્કૃષ્ટ ગ્રંથો રચ્યા. મૌલિક ચિકિત્સા ગ્રંથ પણ આ સમયે લખાયા. જેમાં ડલ્હણે સુશ્રુતસંહિતા પર નિબંધસંગ્રહ નામે ટીકા લખી. જે સુશ્રુતના આયુર્વેદને સમજવા માટે અગત્યની છે. આવી રચનાઓમાં સાંગઁધર સંહિતા પર બોપદેવે તથા અષ્ટાંગહૃદય પર હેમાદ્રીની કૃતિઓ મહત્ત્વની છે. શિવદાસની તત્ત્વબોધ નામે અષ્ટાંગહૃદય પરની વ્યાખ્યા પ્રસિદ્ધ છે. કોશગ્રંથોમાં નરહરિનો 'રાજનિઘંટુ' તથા મદનપાલનો 'મદન-વિનોદ-નિઘંટુ' આ કાળની ઉલ્લેખનીય કૃતિઓ છે. ફિરોઝ તુઘલ ક અને સિકંદર લોદીના સમયમાં સંસ્કૃત ચિકિત્સા ગ્રંથોનો ફારસીમાં અનુવાદ કરવામાં આવ્યો. જે અનુક્રમે 'દલાયલ-એ-ફિરોજશાહી' અને 'તિબ્બે સિંકદરી' નામે ઓળખાય છે. ઉપરાંત દિલ્હી અને અન્ય પ્રાદેશિક રાજ્યોમાં પણ સમયાંતરે સંસ્કૃત ગ્રંથોનું ફારસી ભાષામાં ભાષાંતર થયું.*

કૃષિ ક્ષેત્રે લોઢાના હળનો ઉપયોગ, વાવણી-લણણીની વિવિધ તકનિકો, સિંચાઈમાં કૂવા પદ્ધતિ અને તેને સંલગ્ન પાણી કાઢવાની પદ્ધતિ કોસ અને રેંટનો સલ્તનતકાળથી બહોળો ઉપયોગ થવા લાગ્યો. ઉપરાંત કાપડ ઉદ્યોગની તકનિકમાં કપાસને લોઢવાની પીંજવાની અને કાંતવાની પદ્ધતિ ઉપયોગમાં લેવાતી. પ્રો. ઈરફાન હબીબના મતે ચરખાનું 12મી-13મી સદીમાં પગરણ થયું. ઈ.સ. 1350માં લખાયેલ ઈસામીના 'ફૂતૂહ-ઉસ-સલાતીન'માં ચરખાનો પ્રથમ ઉલ્લેખ છે. આ યંત્રમાં 'શક્તિ સંચાલન' અને ગતિપાલક ચક્રનો સિદ્ધાંત વપરાયો છે. ચરખાથી કાંતવાની ઝડપ વધી ને સુતરાઉ કાપડનું ઉત્પાદન વધ્યું. ખાડાસાળ અને પગસાળનો 'મિફ્તાહ-ઉલ-ફૂઝાલા' ગ્રંથમાં ઉલ્લેખ છે. રંગકામ-છાપકામ પણ વિકસ્યું હતું. ટીપ્પા (બીબાંઢાળ) છાપકામ, ઈમારત બાંધવામાં ચૂનાના પથ્થરોનો ઉપયોગ, સ્થાપત્યમાં કમાન, ઘુમ્મટ, ઘોડાની નાળનો ઉપયોગ, હોકાયંત્ર, કલાઈ, કાગળ, કાચ નિર્માણની તકનિકી સલ્તનત કાળમાં મુસલમાનો લાવ્યા અને વિકસાવી. સિક્કાઓ પાડવાની વૈજ્ઞાનિક તકનિકીમાં સુધારો થતાં સિક્કા લીસા અને સુરેખ બનવા લાગ્યા.

- **તમારી જાતે ચકાસો (ગ)**

1. **ખાલી જગ્યા પૂરો.**
   (1) માધવનિદાન બીજા ........................... નામે ઓળખાય છે.
   (2) સંસ્કૃત ગદ્યની ગણિત અને ખગોળશાસ્ત્રની પ્રથમ કૃતિ ......................... છે.
   (3) નાગાર્જુને આયુર્વેદને લગતો ................ ગ્રંથ રચ્યો.
   (4) વિજયનંદીનો કરણતિલક .............. વિષયનો ગ્રંથ છે.
   (5) ગણિત કૌમુદી ગ્રંથ ........... લખ્યો.
   (6) ચરખાનો સૌ-પ્રથમ ઉલ્લેખ ...................... ગ્રંથમાં જોવા મળે છે.
   (7) સ્થાપત્યમાં ચૂના પથ્થર, કમાન, ઘુમ્મટ વગેરેનો ઉપયોગ ..................... કાળમાં શરુ થયો.
2. અનુગુપ્ત કાળે (ઈ.સ. 650 થી 750) વિજ્ઞાન ક્ષેત્રે સાધેલી પ્રગતિ વિશે પાંચ વાક્યો લખો.

   ______________________________________________
   ______________________________________________
   ______________________________________________
   ______________________________________________
   ______________________________________________
   ______________________________________________
   ______________________________________________

3. પ્રતિહાર-રાષ્ટ્રકૂટકાળમાં આયુર્વેદ વિશે કયા-કયા ગ્રંથો લખાયા હતા ?

   ______________________________________________
   ______________________________________________

4. *પ્રાચીનકાળના અંતિમ તબક્કામાં ધાતુવિદ્યા ક્ષેત્રે થયેલ પ્રગતિ વિશે ટૂંકમાં જણાવો.*

5. *સલ્તનકાળમાં કૃષિ અને સ્થાપત્ય ક્ષેત્રની વૈજ્ઞાનિક તકનિકી વિશે પાંચ વાક્યો લખો.*

## 16.5 સારાંશ

*ઈ.સ. 650 થી 1526 સુધીમાં સંસ્કૃતમાં પુષ્કળ સાહિત્ય લખાયું. ઉપરાંત હર્ષવર્ધન પછીના કાળમાં શૌરસેની, મહારાષ્ટ્રી અને માગધી જેવી પ્રાકૃત ભાષાઓનું પ્રચલન ચાલ્યું. આ કાળના સાહિત્યમાં મૌલિકતાને સ્થાને કૃત્રિમતા પ્રવેશી. ભારવિ, માઘ, ભવભૂતિ, ભર્તૃહરી વગેરે જેવા ઉત્તમ કવિઓએ પ્રશંસનીય કૃતિઓ આપી. ભટ્ટીએ તો મહાકાવ્યમાં બેવડા હેતુથી કૃતિ લખી નવી ભાત પાડી. કાવ્ય, કથા, નાટકો, આખ્યાયિકા, દર્શનગ્રંથો વગેરેમાં સારું ખેડાણ થયું. પ્રતિહાર-રાષ્ટ્રકૂટકાળમાં સંસ્કૃત સાહિત્યની પ્રતિભા ઝાંખી પડી. ચમ્પૂ સાહિત્ય પ્રકાર આ કાળે વિકસ્યો, કન્નડ અને તામિલ ભાષામાં સાહિત્ય રચાયું. કાવ્યશાસ્ત્રનાં વિવિધ અંગો વિકસ્યાં, આયુર્વેદ, જ્યોતિષ, ગણિત-ખગોળ વિશે ગ્રંથો રચાયા. કેટલાક પુરાણો પણ રચાયાં. સ્મૃતિને સ્થાને ટીકાઓ લખાઈ, બૌદ્ધ સાહિત્યમાં શૂન્યવાદી મત અને સહજ યાનનું નિરુપણ થયું. અપભ્રંશનો સાહિત્યિક ભાષા તરીકે વિકાસ થયો. પ્રાચીનકાળના અંતિમ તબક્કામાં*

*સંસ્કૃત મૌલિકને સ્થાને શાસ્ત્રીય નિયમો આધારિત રચનાઓ પ્રચલિત બની. આ સમયે પણ સાહિત્યમાં વિભિન્ન સ્વરુપોમાં ખેડાણ થયું. કાવ્યશાસ્ત્ર સારું ખીલ્યું. અર્વાચીન ભાષાઓનું સાહિત્ય રચવાનો પ્રારંભ થયો. સલ્તનકાળમાં આ પ્રાદેશિક ભાષાઓ અલગ અસ્તિત્વવાળી બની અને સમૃદ્ધ બની. આ ભાષાઓમાં અનેક સાહિત્યિક કૃતિઓ રચાઈ. રાસ, ફાગુ, પ્રબંધ જેવા પ્રકારો વિકસ્યા. ઉપરાંત પૌરાણિક, ઐતિહાસિક અને અર્ધ ઐતિહાસિક કથાઓ પરની કૃતિઓનું સર્જન ચાલુ રહ્યું. અરબી અને ફારસી ભાષાઓમાં ગણનાપાત્ર સાહિત્ય રચાયું. શિક્ષણની ગુપ્તકાલીન પરંપાર ચાલુ રહી. નાલંદા, વલભી, વિક્રમશીલા, ઉદંતપુરી, જગદલ વગેરે જેવી વિદ્યાપીઠો ઉપરાંત ગામડાં અને નગરોમાં શિક્ષણ માટે વિદ્યાપીઠો કે શાળાઓ રાજ્યાશ્રય કે અનુદાનથી કાર્યરત હતી. જેમાં પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણની સુંદર વ્યવસ્થા હતી. મુસ્લિમ શાસન સ્થપાતાં તેમણે પણ મકતબ અને મદરેસાઓ દ્વારા શિક્ષણનો પ્રબંધ કર્યો. વિજ્ઞાનમાં આયુર્વેદ, જ્યોતિષ, ગણિત, વાસ્તુ, કૃષિ, ધાતુશાસ્ત્ર વગેરેમાં નોંધપાત્ર પ્રગતિ સધાઈ હતી. જે માટે આપણે ગૌરવ લઈ શકીએ છીએ.*

## 16.6 શબ્દાવલી

| | |
|---|---|
| *ચમ્પૂ-* | *ગદ્ય અને પદ્ય મિશ્રિત* |
| *ભાણ-* | *એક અંકી નાટક પ્રકાર જેમાં રંગભૂમિ પર એક જ પાત્ર આકાશભાષિત અનુપસ્થિત પાત્રોની ઉક્તિઓ પણ રજુ કરે.* |
| *ગ્રહફળ-* | *ગ્રહોની સ્થિતિ પરથી અનુમાનિત જ્યોતિષફળ* |
| *ગેયનાટકો-* | *ગાઈને ભજવી શકાય તેવાં નાટકો* |
| *અગ્રહાર-* | *એક પ્રકારનું કરમુક્ત ભૂમિદાન, જે બ્રાહ્મણોને મળતું.* |

## 16.7 તમારી જાતે ચકાસોના જવાબો

**તમારી જાતે ચકાસો.(ખ)ના જવાબો.**

1.(1) -b(2)- c(3) -d(4)- a (5)- d

- **તમારી જાતે ચકાસો (ગ) ના જવાબો.**

1.

A. *રુગ્વિનિશ્ચય*

B. *આર્યભટીયભાષ્યા*

C. *રસરત્નાકર*

D. *જ્યોતિષ*

E. *નારાયણ પંડિત*

F. *કુતુહ-ઉસ-સલાતીન*

G. *સલ્તનતકાળ.*

- **સ્વાધ્યાય (સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)**

*પ્ર -1. અનુગુપ્તકાળીના (ઈ.સ.650 થી 750)સાહિત્યની છણાવટ કરો.*

*પ્ર -2. પ્રતિહાર – રાષ્ટ્રકૂટ કાળીન સંસ્કૃત સાહિત્યનો વિકાસ આલાખો.*

*પ્ર -3. સલ્તનતકાળને ભાષાયુગ કહે છે.આ વિધાનની યથાર્થતા તપાસો.*

*પ્ર-4. પ્રતિહાર-રાષ્ટકૂટકાલીન શિક્ષણ વ્યવસ્થા પર વિસ્તૃત નોંધ તૈયાર કરો.*

*પ્ર -5. સલ્તનત કાળીન શિક્ષણની સવિસ્તાર ચર્ચા કરો.*

*પ્ર -6. ઈ.સ.650 થી 1200 સુધીમાં વિજ્ઞાન ક્ષેત્રે થયેલા વિકાસની રૂપરેખા આપો.*

*પ્ર -7. સલ્તનતકાળમાં વિજ્ઞાન ક્ષેત્રે સધાયેલ પ્રગતિ સમજાવો.*

**પ્ર-8. ટૂંકનોંધ લખો.**

1. *અરબી-ફારસી સાહિત્ય .*
2. *પ્રતિહાર-રાષ્ટ્રકૂટકાલીન પાલી.પ્રાકૃત અને માગધી રચનાઓ.*
3. *અનુગુપ્તકાળીન સંસ્કૃત કાવ્યો,નાટકો.*

## 16.8 સંદર્ભ સૂચિ


1. *ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, પ્રાચીન ભારત,ભાગ*-1,2, *યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.અમદાવાદ* (1984).
2. *ડૉ. પ્રવીણચંદ્ર પરીખ,ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ , યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.અમદાવાદ* (1974).
3. *ડૉ. આર.સી.મજુમદાર,એજ ઓફ ઈમ્પિરિયલ કનોજ,ભારતીય વિદ્યાભવન,મુંબઈ.*
4. *ઈશ્વરી પ્રસાદ,પ્રાચીન ભારતીય સંસ્કૃતિ,કલા,રાજનીતિ,ધર્મ એવમ દર્શન,મીનૂ પબ્લિકેશન મ્યોર રોડ,ઈલાહાબાગ્દ.*(1986).
5. *ધનપતિ પાંડેય, પ્રાચીન ભારતકા રાજનૈતિક ઔર સાંસ્કૃતિક ઈતિહાસ,બનારસ સાહિત્ય પબ્લિશર્સ,*(1998).

| એકમ 17 | ઈ.સ. 650 થી ઈ.સ.1526 સુધીનું ભારત, કલા અને સ્થાપત્ય |
|---|---|

**રૂપરેખાઃ**

**17.0 ઉદ્દેશો**

**17.1 પ્રસ્તાવના.**

**17.2 કલા.(ઈ.સ. 650 થી ઈ.સ.1526)**

**17.2.1 અનુગુપ્તકાલીન કલા.(ઈ.સ.650 થી ઈ.સ.750)**

**17.2.2 પ્રતિહાર-રાષ્ટ્રકૂટ કાલીન કલા.(ઈ.સ.751 થી ઈ.સ.1000)**

**17.2.3 પ્રાચીનકાલના અંતિમ તબક્કાની કલા.(ઈ.સ.1001થી ઈ.સ.1200)**

**17.2.3.1 ચિત્રકળા.**

**17.2.3.2 સંગીત.**

**17.2.4 સલ્તનત કાલીન કલા.(ઈ.સ.1201 થી ઈ.સ. 1526)**

**17.2.4.1 શિલ્પકલા.**

**17.2.4.2 ચિત્રકળા.**

**17.2.4.3 સંગીત.**

- **તમારી જાતે ચકાસો.(અ)અને (બ).**

**17.3 સ્થાપત્ય.(ઈ.સ.650 થી ઈ.સ. 1526)**

**17.3.1 અનુગુપ્તકાલીન સ્થાપત્ય.(ઈ.સ.650 થી 750)**

**17.3.2 પ્રતિહાર-રાષ્ટ્રકૂટ કાલીન સ્થાપત્ય.(ઈ.સ.751 થી ઈ.સ.1000)**

**17.3.3 પ્રાચીનકાલના અંતિમ તબક્કાનું સ્થાપત્ય. (ઈ.સ.1001 થી ઈ.સ.1200)**

**17.3.4 સલ્તનતકાલીન સ્થાપત્ય.(ઈ.સ.1201 થી ઈ.સ.1526)**

- **તમારી જાતે ચકાસો.(ક)અને (ખ).**

**17.4 સારાંશ.**

**17.5 શબ્દાવલી.**

**17.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**17.7 સ્વાધ્યા (સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)**

**17.8 સંદર્ભ સૂચિ**

## 17.0 ઉદ્દેશો

*આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે નીચેની બાબતોથી અવગત થશો.*

- *ઈ.સ.650 થી ઈ.સ.1526 સુધીના ભારતીય કલાના વિવિધ સ્વરૂપોમાં વિકાસ તથા આવેલ પરિવર્તનો વિશે જાણશો.*
- *ઈ.સ.650 થી ઈ.સ.1526 સુધીમાં સ્થાપત્ય ક્ષેત્રે સધાયેલ પ્રગતિ, આવેલ પરિવર્તન, અવનતી અનેસ્થાપત્યનીવિવિધ શૈલી તથા વિશિષ્ટતાઓથી માહિતગાર થશો.*
- *કલા-સ્થાપત્યના વિકાસમાં રાજ્યતંત્ર અને ધર્મે ભજવેલ ભાગ વિશે પણ સમજશો.*

## 17.1 પ્રસ્તાવના

*ચક્રવર્તી હર્ષના પછીના સમયમાં અનુગુપ્ત ભારતમાં કોઈ પ્રભાવક કેન્દ્રીય સત્તા પ્રવર્તી નહિ. નાનાં-મોટાં રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં. તેમ છતાં અનુગુપ્તકાલની કલા અને સ્થાપત્યમાં ગુપ્તકાલીન વિકાસ ચાલુ રહ્યો. તો કેટલાંક બાહ્ય જટીલ તત્ત્વો ઉમેરાયાં. વિવિધ પ્રાદેશિક રાજ્યોએ આપેલ ધર્માકાર્યને  કારણે મંદિર સ્થાપત્યકલા, બોદ્ધ સ્થાપત્યકલા અને જૈન સ્થાપત્ય વિકસ્યું. તેમ છતાં બોદ્ધ ધર્મના હ્રાસ સાથે તેની સાથે સંલગ્ન કલા-સ્થાપત્ય પર પણ તેની અસર જોવા મળી. ખાસ કરીને શૈલાશ્રયો, મંદિર નિર્માણમાં શૈલ અને ઇંટેરી એમ બે પ્રકારનાં સ્થાપત્યો વિકાસ પામ્યાં. પૂર્વ સલ્તનતસમયમાં લલિતકલાની બાબતમાં સારો વિકાસ સધાયો. ખાસ કરીને ધર્મને લગતાં મંદિરો અને મૂર્તિઓ વિપુલ માત્રામાં રચાયાં. વિભિન્ન રાજવંશે કલાને પોષણ આપતાં સ્થાપત્ય અને શિલ્પકલાની વિવિધ શૈલીઓ વિકાસ પામી. જોકે ગુપ્તકાલ અને અનુગુપ્તકાલની ઓજસતા,નાવિન્ય, સ્વાભાવિકતાની માત્રા તે પછીના સમયમાં ઘટી. એકંદરે વૈવિધ્ય અને લાલિત્યમાં વધારો થયો. ૧૦મી સદી પૂર્વે મંદિર સ્થાપત્યમાં ઉત્તર ભારતમાં નાગરશૈલી, દક્ષિણ ભારતમાં દ્રાવિડ શૈલી. પૂર્વ સલ્તનતસમયમાં ઓરિસ્સા શૈલી,મધ્યપ્રદેશમાં ખજુરાહો, ગુજરાતમાં ચૌલુક્ય, મૈસુરમાં ચાલુક્ય અને તેમાંથી ઉદ્દભવેલ હોયસળ શૈલી, દૂર દક્ષિણમાં ચોળ તથા પાંડય શૈલીઓનો વિકાસ થયો. અજંટા, બાઘ, બાદામી, ચિત્તન્નવાસલ, ઈલોરા જેવાં વિવિધ સ્થળે ચિત્રકળાનો સારો વિકાસ થયો. તેણે સર્જેલ ભારતીય ચિત્રકલાની પરંપરા પછીના સમયમાં પણ ચાલુ રહી. સલ્તનતકાલીન કલા-સ્થાપત્યમાં હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિનો સમન્વય સધાયો અને ભારતીય મુસ્લિમ સ્થાપત્ય શૈલી અસ્તિત્વમાં આવી. કાશ્મીર, માળવા, બહમની, અહમદનગર, બીજાપુર, ગોવળકોંડામાં ઈરાની શૈલીની ચિત્રકલાને પ્રોત્સાહન મળ્યું હતું. ભિત્તિચિત્રોની કલા લુપ્ત થવા લાગી તો તાડપત્ર અને જૈન લઘુચિત્રોનું પ્રચલન ચાલ્યું. સંગીતકલામાં પણ સલ્તનતસમયમાં હિંદુ-મુસ્લિમ તત્ત્વોનો સમન્વય સધાયો. સૂફી સાધનામાં સંગીત અનિવાર્ય બન્યું. જૌનપુરના શર્કી સુલતાનોએ સંગીતના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો. ગ્વાલિયર નરેશ માનસિંહે ધ્રુપદ રાગ પ્રસાર્યો. મેવાડાના રાણા કુંભા સ્વયં સંગીતજ્ઞ હતા. વિજયનગરના રાજાઓએ પણ સંગીતકલાને પોષી હતી.'સંગીત રત્નાકર'*

*તો ભારતીય સંગીતની પરાકાષ્ટા દર્શાવે છે. આમ, ઈ.સ.650 થી ઈ.સ.1526 સુધીના કલા સ્થાપત્યના વિકાસનો અહી આપણે વિગતે અભ્યાસ કરીશું.*

## 17.2 કલા.(ઈ.સ. 650 થી ઈ.સ.1526)

### 17.2.1 અનુગુપ્તકાલીન કલા.(ઈ.સ.650 થી ઈ.સ.750)

*અનુગુપ્તસમયમાં ગુપ્તકાલીન કલાઓનો કેટલોક વિકાસ થયો તો કેટલાક અંશે પડતી પણ થઈ. તેમ છતાં તે જળવાઈ રહી.આ કાલની કલાઓમાં શિલ્પકલા પ્રમુખ સ્થાન ધરાવે છે. જેમાં હિંદુ દેવ-દેવીઓ, બુદ્ધો, બોધિસત્ત્વો તીર્થંકરો, યક્ષ-યક્ષિણીઓ, રાજારાણી વગેરેની મોટા કદની આકૃતિઓ ઉપરાંત ભૌમિતિક અને ફૂલવેલની આકૃતિઓ તેની સાથે પ્રયોજાતી. ઉપરાંત પ્રાણીઓમાં સિંહ,હાથી, હરણ વગેરેનું પ્રયોજન ઓછું થયું.પણ તેના આકાર, કદમાં વિશાળતા જોવા મળે છે.*

*બૌદ્ધધર્મને લગતાં શિલ્પોમાં વિપુલતા તથા વૈવિધ્ય જોવા મળે છે. બૌદ્ધ સ્તુપો, મઠોમાં શાક્યસિંહની પ્રતિમા કંડારવામાં આવતી. જે પદ્માસનમાં વ્યાખ્યાન આપતી સ્થિતિમાં તથા તેમની આસપાસ બોધિસત્ત્વોનાં શિલ્પો રહેતાં.. અન્ય બોધિસત્ત્વોમાં મૈત્રેય અને મંજુશ્રી જેવા બૌદ્ધ અવતારોનાં શિલ્પો પણ કોતરાતાં. તારા, પ્રજ્ઞાપારમિતા, ભ્રુકુટી,ચુંદા જેવી દેવીઓની પ્રતિમાઓનાં શિલ્પો પણ બનાવાતાં. બુધ્ધ મૂર્તિ મોટાભાગે સાદી જ્યારે બોધિસત્ત્વો, દેવો-દેવીઓના નિર્માણમાં શિલ્પકાર પોતાની કલાનું કૌવત પ્રદર્શિત કરતા. વળી ભગવાન બુધ્ધના જીવનપ્રસંગો, પૂર્વભવોના પ્રસંગો, જાતક-કથાઓના પ્રસંગોનાં શિલ્પોમાં પણ શિલ્પકાર પોતાની ભરપૂર કલા સુંદરતા પ્રદર્શિત કરતા.કેટલાંક સ્થાને નાગ-નાગણીઓ, ગંધર્વયુગલો, દ્વારાપાળો, શિલ્પપટ્ટીઓ, પશુ-પંખીઓ,ફૂલવેલ,ભૌમિતિક આકૃતિઓ જેવી સુશોભાનાત્મક તત્ત્વોનો વિકાસ આ સમયે જોઈ શકાય છે. મોટા કદવાળી શિલ્પકૃતિઓ ઈલોરાની બૌદ્ધ ગુફાઓમાં આ સમયના નિર્માણ પામી. તેમાં ગુપ્તકાલીન શિલ્પોની ઓજસતા નથી. અજંતા, ઈલોરાની શૈવ ગુફાઓમાં વિષ્ણુ તથા શક્તિનાં વિભિન્ન સ્વરૂપોમાં શિલ્પીની કલાત્મકતા દેખા દે છે. એમાં લિંગોદ્ભવ શિવનું સ્વરૂપ નોંધપાત્ર છે. અહીનાં શિલ્પોમાં શિવનાં સૌમ્ય અને રૌદ્ર એમ બંને સ્વરૂપો નિરુપાયાં છે.*

*વિષ્ણુનાં વિવિધ સ્વરૂપોમાં તેમના વરાહ, ત્રિવિક્રમ, નરસિંહ તથા શ્રીકૃષ્ણના અવતારોનાં શિલ્પો ઈલોરામાં કંડારાયેલાં છે. ઉપરાંત શિવાલયોમાં ગણપતિ,બ્રહ્મા, પાર્વતી, મહિષાસુરમર્દિની, લક્ષ્મી, સરસ્વતી, વિષ્ણુ જેવા વિવિધ દેવ-દેવીઓનાં કલાત્મક શિલ્પો છે. રામાયણના પ્રસંગોનાં શિલ્પો કૈલાસ મંદિરમાં કંડારેલાં છે. શૃંગાર ભાવને લગતાં મિથુન શિલ્પો પણ જોવા મળે છે.*

*ઈલોરામાં જૈન ધર્મનાં દિગંબર સંપ્રદાયની ગુફાઓમાંનાં શિલ્પો શૈવ અને બૌદ્ધ શિલ્પકલા જેવા જ છે. તેમ છતાં ભરચક શિલ્પોને લીધે પ્રમાણભંગનો દોષ નજરે પડે છે. જૈન તીર્થંકરો, યક્ષ-યક્ષિણીઓ પ્રમુખ સ્થાન ધરાવે છે. તીર્થંકરોની પ્રતિમાઓ પદ્માસનમાં તથા ધ્યાનસ્થ મુદ્રામાં છે. બંને બાજુ ચામરધારીઓ, વસ્ત્રાભૂષણો, વાદ્યકાર ગંધર્વોથી અલંકૃત*

*છે. દીવાલો પર પાર્શ્વનાથ, ગોમ્મટેશ્વર અને તેમની આજુબાજુ હરણ,સાપ,ઉંદર, વીંછી, કૂતરો જેવાં પશુ, જીવજંતુઓ અંકિત છે. ઔરંગાબાદની શિલ્પકૃતિઓ ઈલોરાને મળતી છે. તો ઐહોળીની શિલ્પકૃતિઓ મધ્યમ પ્રકારની છે.*

*બાદામી અને પટ્ટદકલનાં મંદિરોમાં મામલ્લપુરમ અને કોંજીવરમના શિલ્પોનો પ્રભાવ છે.પલ્લવ રાજ્યની શિલ્પકૃતિઓ પણ મધ્યમ પ્રકારની છે. સારનાથ અને નાલંદાની અનુગુપ્તકાલીન શિલ્પકૃતિઓમાં ગુપ્તકાલની ઉત્કૃષ્ટતાનો અભાવ જોઈ શકાય છે. આમ, સુશોભનાત્મક રેખાંકનોમાં દક્ષિણ ભારતમાં ઉત્તરભારતની સરખામણીએ ઊણપ વર્તાય છે. આ સમયના પણ શિલ્પકલાનો વિકાસ થયો. પરંતુ પુરોગામી ગુપ્તકાલની શિલ્પકલાનું માધુર્ય અને ઉત્કૃષ્ટતા જોવા મળતી નથી.*

*અજંટાની બોદ્ધ ગુફાઓમાંની ગુફા નં.૧૬ અને ૧૭માંની ભગવાન બુધ્ધના જીવનના વિવિધ પ્રસંગો,જાતકકથાઓના પ્રસંગો તથા અવદાન કથાઓના પ્રસંગોનાં ચિત્રો આ સમયના છે. ગુફા નં.૨૧નાં ઘણાં ચિત્રો નષ્ટ પામ્યાં છે. ગુફા નં.૨૨માં સાત બુદ્ધો અને ભવિષ્યના બુધ્ધ મૈત્રેયની આકૃતિઓ અને તેની ઉપર તેમના બોધિસત્ત્વોનું નામ પણ આપવામાં આવ્યું છે. ગુફા નં.૧ અને ૨માં ચિત્રો વિશ્વના ઉત્કૃષ્ટ ચિત્રોમાં સ્થાન પામ્યાં છે. આ ગુફા ચિત્રોમાં માયાદેવીનું સ્વપ્ન,ગૌતમનો જન્મ,મારવિજય,(જુઓ ચિત્ર.૧) શ્રાવસ્તીનો ચમત્કાર, સુંદરીના પતિ નંદને દીક્ષાદાન, પૂર્ણ અવદાન, શિબિ-જાતક, શંખપાલ જાતક, મહાજન જાતક જેવાં સ્વપ્ન ફલાદેશ, બુધ્ધ જીવન પ્રસંગો, અવદાન કથાઓ, જાતક કથાઓને લગતાં સુંદર દર્શનીય ચિત્રો ચિત્રિત છે.*



**ચિત્ર.૧. મારવિજયનું ચિત્ર, ગુફા નં.૭, અજંટા.**

*ઉપરાંત તેને સુશોભિત કરવા છત પર કલાત્મક વર્તુળોમાં ફૂલવેલ,ભૌમિતિક આકૃતિઓ, પંખીઓ,ફળો વગેરે રૂપાંકનોનો ઉપયોગ થયેલો છે. જેમાં ચિત્રકારની કલા-કુશળતા મહોરી ઊઠી છે. ચિત્રકારોએ અજંટાનાં બોદ્ધ ચિત્રોમાં રંગોનું ગજબનું સાયુજ્ય સાધ્યું છે. નોંધપાત્ર બાબત એ છે કે, આ સમયના શિલ્પો અને ચિત્રો વચ્ચે એકરૂપતા જોવા મળે છે. આ કાલની ચિત્રકલામાં ગુપ્તકાલીન ચિત્રકલાનું અનુસરણ થયેલું છે.ઈલોરામાં બોદ્ધ,જૈન અને શૈવ ત્રણેય ધર્મમાં શૈલગૃહોમાં ચિત્રો પ્રાપ્ત થાય છે. જે મોટા ભાગે નષ્ટ થયાં છે. કૈલાસ મંદિરમાં રંગમહેલની ચોકીની છત પર ચિત્રો જળવાયાં છે. જેમાં શાર્દુલ પર સવાર*

*દેવનું ચિત્ર નોંધપાત્ર છે. પાટડા પરનું ચિત્રિત યુદ્ધ-દ્રશ્ય, તેની જમણી બાજુ શિવતાંડવનું દ્રશ્ય ચિત્રિત છે. ગુફા નં.૨૯ની નજીકની ગણેશ ગુફોઓમાં ચિત્રો મળે છે. જૈન ગુફાઓની છત પર ગંધર્વો, અપ્સરાઓની સુંદર આકૃતિઓ નજરે પડે છે. આમ, ઈલોરાનાં ચિત્રો અજંટાના ચિત્રો કરતાં ઊતરતી કક્ષાનાં છે. ઔરંગાબાદની ગુફાઓમાં લઘુ રૂપાંકનોથી ચિત્રિત છે. બાઘની ગફા નં.૪માં અસંખ્ય બોદ્ધ ચિત્રો હતાં. જે લુપ્ત થયાં છે. તેમાં અજંટાની ચિત્રશૈલીની અસર છે. બદામીની ગુફાઓમાં ત્રીજી ગુફામાં શિવ-પાર્વતીના વિવાહનું ચિત્ર નોંધપાત્ર છે. અહીં આ સમયના ચિત્રોમાં સમકાલીન ચિત્રકલાનાં લક્ષણો છે. તેમ છતાં અજંટાનાં ચિત્રોની સરખામણીએ અલગ ચિત્રશૈલી બાદામીમાં છે.*

*દક્ષિણમાં પલ્લવ રાજ્યનાં મંદિરોમાં ચિત્રકલાની અલગ શૈલી વિકાસ પામી હતી. ચિત્રમાં ગતિમય રેખાઓ, મનુષ્યોની વિશાલ આંખો અને કોણદાર હિલચાલો વગેરે પલ્લવ ચિત્રશૈલીની વિશિષ્ટતાઓ છે. શિવાલયનાં શૈલ જિનાલયની છતો, સ્તંભોનાં ચિત્રોમાં અપ્સરાઓ, રાજરાણી, જીવસૃષ્ટિ સભર સરોવર, પશુઓ, પંખીઓ, મનુષ્યો, પર્ણ-પુષ્પો, ભૌમિતિક આકૃતિઓ,વસ્ત્રપટ, દેવો ગંધર્વો વગેરેનાં ચિત્રો ચિત્રિત છે. પલ્લવોની રાજધાની કાંચીપુરમના કૈલાસ મંદિરમાં તથા વૈકુંઠ પેરુમલ મંદિરમાં કેટલાંક ચિત્રો શેષ છે.અહીનાં ચિત્રો પણ સમકાલીન શિલ્પો સાથે સમાનતા ધરાવે છે. તિરુમલઈપુરમનાં શૈવ ગુફાનાં ચિત્રો લુપ્ત થયાં છે. આમ, અનુગુપ્તકાલની કલાઓમાં ગુપ્તકાલીન અસર છે. તો થોડાક પ્રમાણમાં અનુસરણ, અવસરણ છે. સાથે સમયના વિશિષ્ટ તત્ત્વો પણ વિકસ્યાં. આમ, ડૉ. વી.એ. સ્મિથ અને ડૉ. નીલકંઠશાસ્ત્રીએ કહ્યું છે તેમ, "દક્ષિણ ભારતમાં કલા-સ્થાપત્યનો પ્રારંભ પલ્લવયુગથી થાય છે.મામલ્લપુરમનાં રથમંદિરો, કાંચીનું કૈલાસનાથ તથા વૈંકટપેરુમલનું મંદિર કલા-સ્થાપત્યના શ્રેષ્ઠ નમૂના છે." આમ, શિલ્પ અને ચિત્ર એ બે કલાઓનો વિકાસ આ સમયમાં પણ ચાલુ રહ્યો.*

### 17.2.2 પ્રતિહાર-રાષ્ટ્રકૂટ કાલીન કલા.(ઈ.સ.751 થી ઈ.સ.1000)

*આ સમયમાં શિલ્પકલા અને ચિત્રકલામાં કેટલાંક નવાં તત્ત્વો ઘડાયા અને તેનો વિકાસ થયો. જે પછીના સમયમાં પણ ચાલુ રહ્યો. જેમાં ચિત્રકલામાં હસ્તપ્રતોમાં પ્રયુક્ત લઘુચિત્રોની વિવિધ શૈલીનો વિકાસ ખાસ ઉલ્લેખનીય છે. આ સમયમાં જે નવી કલાનો વિકાસ થયો તેનો જ અત્રે અભ્યાસ કરીશું.*

*આ સમયની કલા મુખ્યત્વે ધર્મ સાથે સાથે સંકળાયેલ છે. ડૉ. આર.સી.મજુમદાર યોગ્યજ કહે છે કે, "પ્રાચીન ભારતમાં કલા મુખ્યત્વે ધર્મની દાસી રહી છે. તેણે સાધારણ પ્રચલિત ધાર્મિક મતો તથા વિશ્વાસ તેમજ આધ્યાત્મિક ભાવનાઓ અને તરંગોને વ્યક્ત કર્યા છે. તેને યોગ્ય રીતે સમજવા અને તેની પ્રશંસા કરવા માટે કોઈને પણ ધાર્મિક વિકાસના વિવિધ સ્વરૂપોનું પૂર્ણ જ્ઞાન હોવું ઘટે."શિલ્પકલામાં વિવિધ પ્રાદેશિક શૈલીઓ વિકાસ પામી. શિલ્પકલા અને ચિત્રકલામાં આડી-ઊભી રેખાઓ, વિકર્ણો અને અંદર તરફ વળતા વળાંકોનું લક્ષણ વધ્યું. ખાસ કરીને આ લક્ષણ પશ્ચિમ ભારતમાં વધુ વપરાયેલું જોવા મળે*

છે. જ્યારે પૂર્વ અને દક્ષિણ ભારતમાં શિલ્પકલામાં ગુપ્તકાલીન લક્ષણો ચાલુ રહ્યાં. ગુપ્તકાલ અને અનુગુપ્તકાલીન શિલ્પકલામાં જે મૌલિકતા હતી તેનું સ્થાન હવે શાસ્ત્રીય નિયમોને આધીન મૂર્તિવિધાનકલા વિકસ્યું. દેવ-દેવીઓનાં શિલ્પો ઉપરાંત માનવજીવનના વિવિધ પ્રસંગો, પૌરાણિક કથા, આખ્યાન પ્રસંગોનાં શિલ્પો, નૃત્ય, યુદ્ધ, સૈન્ય, પશુ-પંખીઓ, પ્રાણીઓ, ફૂલવેલ અને ભૌમિતિક આકારો વગેરે તમામ વિષયો શિલ્પકલામાં પ્રયોજાયાં છે. જેમાં શિલ્પકલાના નિયમોનું પાલન નજરે પડે છે. તેમ છતાં દક્ષિણ ભારત અને ઓરિસા વગેરેમાં શિલ્પકલાનાં નવાં તત્ત્વો દેખા દે છે.

ઉત્તર ભારતમાં કાશ્મીર, પંજાબ અને ઉત્તરપ્રદેશમાં આ સમયની શિલ્પકૃતિઓ જૂજ પ્રમાણમાં મળે છે. પૂર્વ ભારતમાં બંગાળ, બિહારમાં પાષણ અને ધાતુનાં શિલ્પો મળે છે. જેમાં ગુપ્તકાલીન શિલ્પકલાની અસર વરતાય છે. તેમાં શાસ્ત્રોક્ત લક્ષણો ઉપરાંત મૌલિકતા પણ નજરે પડે છે. સમયાંતરે બંગાળ-બિહારમાં શિલ્પકલાની પ્રશિષ્ટ કલાશૈલી 11મી સદી સુધીમાં સમગ્ર પૂર્વ ભારતમાં ફેલાયેલી છે. જેમાં બુધ્ધગયા, રાજગૃહ, ઢાકા, નાલંદા, રાજાશાહી, ચંપા ઉપરાંત કાશ્મીર, તિબેટ, નેપાળ, બર્મા, જાવા, સુમાત્રા, થાઈલેન્ડ અને શ્રીલંકામાં પણ તે પ્રસાર પામી છે. સુંદર અંગવિન્યાસ તેનું મુખ્ય લક્ષણ છે. 10મી સદીથી ઓરિસામાં પણ ગુપ્તકાલીન પ્રશિષ્ટ કલાશૈલીમાં નવીન લક્ષણો જોવા મળે છે. કટક જિલ્લામાંથી 7મી 8મી સદીનાં પ્રાપ્ત બોદ્ધ શિલ્પોમાં પૂર્વ ભારતની પ્રશિષ્ટ કલાશૈલી સાથે સાથે સ્થાનિક શૈલીનાં લક્ષણો જણાય છે. શિલ્પકલાની ઓરિસાની શૈલી કોણાર્ક, પુરી અને ભુવનેશ્વરનાં મંદિરોમાં જોઈ શકાય છે. કોણાર્કના સૂર્યમંદિરનાં શિલ્પો ભાવવાહી શૈલીનાં ઉત્તમ દ્રષ્ટાંત છે. આમ, ઓરિસાના મંદિર શિલ્પોમાં દેવ-દેવીઓ ઉપરાંત વાદકો-વાદીકાઓ, ગાયકો, નૃત્યાંગનાઓ, નાગકન્યાઓ, મૃગો, પ્રાણીઓ, ફૂલવેલ અને ભૌમિતિક આકૃતિઓ સુરેખ રૂપાંકનવાળી અને સુંદર છે.

બુન્દેલખંડમાં પણ શિલ્પકલાની પ્રશિષ્ટ કલાનો પ્રયોગ વધુ થયેલો છે. મહોત્સવનગરનાં બોદ્ધ શિલ્પોમાં એ લક્ષણ જોવા મળે છે. ખજુરાહોનાં મંદિર શિલ્પોમાં ભુવનેશ્વરનાં મંદિર શિલ્પોની અસર છે અને ત્યાંનાં શિલ્પો અને રૂપાંકનોમાં પ્રશિષ્ટ શૈલી અને પ્રાદેશિકશૈલી બંને શૈલી સાથે જોવા મળે છે. ઓરિસાના કોણાર્કના મંદિરમાં મિથુન શિલ્પોમાં મુખ પર જે સરળતા, સ્વાભાવિકતા દેખાય છે તે ખજુરાહોનાં(મધ્યપ્રદેશ) મિથુન-શિલ્પોનાં મુખ પર જોવા મળતી નથી.

માળવામાં ધારાનગરીના સરસ્વતી મંદિરની સરસ્વતીની પ્રતિમામાં અને અન્ય શિલ્પોમાં પ્રશિષ્ટ શૈલીનું પ્રભુત્વ છે. તો પણ ભાવ, ઉષ્મા, અભિવ્યક્તિ જેવી મૌલિકતા ઓછી દેખા દે છે. ચેદિ શિલ્પકૃતિઓમાં આદિવાસી સંસ્કૃતિનો પ્રભાવ છે. પ્રાદેશિક અને પ્રશિષ્ટ બંને કલાશૈલીનું પ્રમાણ રાજ્યનાં શિલ્પોમાં જોવા મળે છે. રાજસ્થાનનાં શિલ્પોમાં ગુપ્તકાલીન શિલ્પકલાનું અનુકરણ, પ્રાદેશિક શૈલીનો પ્રયોગ તથા પ્રાદેશિક અને પ્રશિષ્ટ બંને કલાઓના સમન્વયવાળાં શિલ્પો જોઈ શકાય છે. જે બુન્દેલખંડની શૈલી સાથે સમાનતા ધરાવે છે. આ સમયમાં રાજસ્થાન અને ગુજરાતમાં ભારતીય પ્રાદેશિક શિલ્પશૈલીનો વિકાસ થયો. આબુ-દેલવાડાનાં આદિનાથ અને નેમિનાથનાં મંદિરોમાં

શિલ્પોની ભરચકતા, વિપુલ બારીક કોતરણી હોવા છતાં મૌલિકતા કે સર્જકતાનો અભાવ જોવા મળે છે. ગુજરાતનાં વિવિધ સ્થળોથી પ્રાપ્ત શિલ્પકૃતિઓમાં સોલંકી શિલ્પકલાવાળાં છે. ઈલોરા, મામલ્લપુરમ, ઔરંગાબાદ અને બાદામીમાં ૮મી સદીમાં સુંદર શિલ્પોનું સર્જન થયું. અહીંનાં શિલ્પોમાં સર્જકતા-મૌલિકતા છે. જ્યારે તે પછીનાં ચાલુક્ય, હોયસાળોના સમયનાં આંધ્રપ્રદેશ અને મૈસુરમાં વિકસેલી શિલ્પકળામાં તેનો અભાવ જોવા મળે છે. તે રૂઢ પરંપરા મુજબ ઘડાઈ હોવા છતાં લાવણ્ય અને અદ્દભુત સુંદરતા ધરાવે છે. ચોળ રાજ્યકાળ દરમિયાન નવમી સદીથી અગિયારમી સદીમાં વિકસેલ શિલ્પકલામાં ઉચ્ચ કલાશૈલી અને સર્જક્તા જોઈ શકાય છે.

વળી, 10મી સદીથી ધાતુશિલ્પ દક્ષિણ ભારતમાં વિકસે છે. જેમાં 11મી-12મી સદીમાં નટરાજનાં ધાતુશિલ્પો મોટા પ્રમાણમાં નિર્મિત થાય છે. ઉપરાંત શિવ, પાર્વતી, વિષ્ણુ, લક્ષ્મી, રામ, કૃષ્ણ, આળવારો, દાનવીર રાજાઓનાં શિલ્પો પ્રધાન છે. આમ, પૂર્વ ભારત અને દક્ષિણ ભારતમાં ગુપ્તકાલીન શિલ્પશૈલીનો પ્રભાવ ચાલુ રહ્યો. તો પશ્ચિમ ભારતમાં અને અન્ય પ્રદેશોમાં પ્રવર્તમાનકાલની અલગ શિલ્પકલા શૈલી, મિશ્રિત શૈલી અને પ્રાદેશિક લક્ષણોવાળી શૈલીનો વિકાસ થયો.

આ સમયની ચિત્રકલામાં ગુપ્તકાલીન અસર જોવા મળે છે. તો સાથે નૂતન શૈલી પણ પ્રયોજાયેલી છે.પાંચમીથી સાતમી સદીમાં અજંટા, બાદામી અને બાઘનાં ગુફા ચિત્રોમાં વિકસેલ પ્રશિષ્ટ શૈલીની અસર આઠમી સદીના ઈલોરા અને કાંચીપુરમના શિવ મંદિરમાં તથા ૧૧મી સદીના તાંજોરના બૃહદેશ્વર મંદિરમાં તથા ૧૦મી થી ૧૩મી સદીના બંગાળ, બિહાર, તિબેટ, નેપાળની હસ્તપ્રતોમાં દેખા દે છે.

પશ્ચિમ ભારતમાં ખાસ કરીને રાજસ્થાન અને ગુજરાતમાં શકો, કુષાણો વગેરે પરદેશી શાસકોના સમયે વિકસેલી નવી ચિત્રકલાની શૈલી અનુસમયમાં આ સમયના પણ અપનાવાઈ. તીવ્ર પાતળી રેખાઓ, અણીદાર ખૂણા, અંગોમાં આંચકાભરી હલચલ દર્શાવતા વળાંકો, ઊંડાઈનો અભાવ, વિવિધ રેખાંકનો. પ્રતીકો, ભૌમિતિક ભાત અને સુશોભનો આ અનુકાલીન શૈલીનાં પ્રમુખ લક્ષણો છે.

દક્ષિણ ભારતમાં નવમી સદીમાં બંધાયેલ વિજ્યાલય ચોળેશ્વર મંદિરનાં ભિત્તિચિત્રો 11મી સદી આસપાસ નિર્મિત છે. જેમાંથી ઘણાં ઓછા સુરક્ષિત છે. લાલ, પીળો, લીલો, કાળો અને સફેદ રંગથી ચિત્રિત નટરાજ, મહાકાલ અને દેવીના મોટાં ચિત્રો જોવા મળે છે. જેમાં પ્રશિષ્ટ સાથે અનુકાલીન ચિત્રશૈલીનાં લક્ષણો મળે છે. બૃહદેશ્વર મંદિરમાંનાં ચિત્રોમાં અનુકાલીન શૈલી કરતાં પ્રશિષ્ટ શૈલીની પ્રધાનતા છે. ચિત્રોનો વિષય શૈવ સંપ્રદાયને લગતો છે. જ્યારે તિરુમલઈના લક્ષ્મીશ્વર મંડપમાંનાં જૈન ધર્મ સંલગ્ન અને અનુકાલીન શૈલીનું બાહુલ્ય જોવા મળે છે. આમ, આ કાળે ચિત્રકલાશૈલીમાં વત્તાઓછા પ્રમાણે ગુપ્ત પ્રશિષ્ટશૈલી અને અનુકાલીન નવીનશૈલી બંનેનો ઉપયોગ થયો છે.

### 17.2.3 પ્રાચીનકાલના અંતિમ તબક્કાની કલા.(ઈ.સ.1001 થી ઈ.સ.1200)

*પૂર્વ સલ્તનતકાલ કે પ્રાચીનકાલના અંતિમ તબક્કામાં શિલ્પકલાનો વિકાસ ચાલુ રહ્યો. મંદિર વાસ્તુકલાની સાથે સાથે શિલ્પકલા મંદિરની સુંદરતા અને શૃંગારનો વિષય બંને છે અને એક નવી શૈલી વિકસે છે. અનુગુપ્તસમયમાં દેવો-દેવીઓનાં અનેક સ્વરૂપો વિકસ્યાં ને તેથી વધેલા ભેદથી દેવ-દેવીઓનાં શિલ્પોમાં તેમની ઓળખમાં, આયુધોમાં વિશિષ્ટતા, પ્રયોજાવા લાગી. લગભગ તમામ પ્રકારની શિલ્પકૃતિઓ નિયમબદ્ધ શૈલીએ શાસ્ત્રીય રીતે નિર્મિત થઈ છે. જેમાં કલાકારની મૌલિકતા, અભિરૂચી માટે ઓછો અવકાશ હતો. યુદ્ધ, ગીત-નૃત્ય, મલ્લયુદ્ધ, પુરાણ પ્રસંગો, કામશાસ્ત્ર, પશુ-પંખીઓ, ફૂલવેલ ને ભૌમિતિક ભાતો જેવા અનેકાનેક વિષયો આ કાલની શિલ્પકૃતિઓમાં નજરે પડે છે. આગળ જોઈ ગયા તેમ ઓરિસ્સા મંદિર સ્થાપત્યના ત્રણ તબક્કામાં પહેલો ઈ.સ.750 થી 900 એ આ શૈલીનો પ્રારંભ સૂચવે છે. જ્યારે ઈ.સ.900 થી ઈ.સ.1100ના બીજા તબક્કામાં તેનો વિકાસ જોઈ શકાય છે. જ્યારે અંતિમ ત્રીજા તબક્કામાં ઈ.સ.1100 થી 1250માં એ શૈલી સર્વોચ્ચ સ્થાને વિકસે છે. ભુવનેશ્વર, પુરી, કોણાર્ક મંદિરોમાંની દેવોની પ્રતિમાઓ અને કામશાસ્ત્રને લગતાં શિલ્પોમાં એ શૈલી જોઈ શકાય છે. બંગાળ-બિહારનાં શિલ્પો બોદ્ધ, શૈવ, વૈષ્ણવ તથા શાક્ત સંપ્રદાયને લગતાં છે. 12મી સદીનાં અહીનાં શિલ્પોમાં સાંસારિક ભાવ, અંગ સુંદરતા નજરે પડે છે. અહી પાલ-સેન શિલ્પ શૈલી અને કલા વિકસી જે કાશ્મીરથી લઈને અગ્નિ એશિયાના દેશો સુધી તેનો પ્રભાવ ફેલાયો. બુન્દેલખંડ, ખજુરાહો અને મહોબામાં જે શિલ્પકલા વિકસી તેમાં શાસ્ત્રીય પદ્ધતિ બાહુલ્ય હોવા છતાં લાલિત્ય અને લાવણ્ય, વિશાળ કદ, અંગ-દેહ સૌંદર્યની રીતે સુંદર છે. શિલ્પકલાનાં વિવિધ તત્ત્વોને લઈને ખજુરાહોનાં મંદિર અદ્વિતીય છે . અહી કલાકારોએ શિલ્પકલામાં નવીનતા લાવવાનો પ્રયાસ કર્યો છે. મધ્યભારતનાં માળવા શિલ્પકલામાં ચેદિ અને હૈહય રાજ્યનાં શિલ્પોમાં આદિવાસી સંસ્કૃતિની અસર સાથે પ્રશિષ્ટશૈલી પ્રવર્તે છે. ગુજરાત-રાજસ્થાનમાં આ સમયના ચૌલુક્ય, ચૌહાણ, પરમાર જેવા શાસનોમાં મંદિર-સ્થાપત્ય ઉત્કર્ષ પામ્યું. તેની સાથે શિલ્પકલા પણ વિકાસ પામી. ગુજરાતમાં ખાસ કરીને ૧૧મી સદીનાં શિલ્પોમાં પરંપરાગત લક્ષણો દેખાય છે. તો વળી, ૧૨મી સદીનાં શિલ્પોમાં ભરાવદાર અંગોવાળા શિલ્પો વિકસે છે. સોલંકીકાલીન શિલ્પો લાંબા કલા વિકાસને લીધે સૌંદર્યપ્રધાન છે. સાથે ભાવહીનતા જણાય છે. હિંદુ અને જૈન દેવ-દેવીઓનાં શિલ્પો પ્રધાન છે. મંદિરોની દિવાલો પર સમકાલીન સામાજિક પ્રવૃત્તિઓ, પૌરાણિક પ્રસંગો, દેવ-દેવીઓ, કામશાસ્ત્રને લગતાં શિલ્પો, સુશોભનો જેવા વિષયો મુખ્ય છે. આબુ, મોઢેરા, કુંભારિયા, ગિરનાર, સોમનાથ, ઘુમલી, સિદ્ધપુરમાં આ શિલ્પશૈલી જોઈ શકાય છે. રાજસ્થાનનાં શિલ્પોમાં ગુજરાતના શિલ્પકલાનાં લક્ષણો છે. પરંતુ તેમાં પ્રાચીન પરંપરાગત શૈલીનો વધુ પ્રભાવ છે. તમિળ શૈલીનાં શિલ્પોમાં ચોળ શાસન વખતનાં મંદિર સાથે વિકસેલ શિલ્પકલામાં પલ્લવ શૈલીની અસરવાળાં શિલ્પોમાં શિવ, વિષ્ણું, બ્રહ્મા લક્ષ્મી, શ્રીકૃષ્ણ, નટરાજ, દેવ-દેવીઓ, રાજારાણી ઉપરાંત સ્તંભો પર નિર્મિત નકશીકામ અદ્દભૂત છે. આ શૈલી ગંગઈકોંડપુરમ, શ્રી નિવાસનલુરમાં જોવા મળે છે. તો ભાવવાહી અને જીવંત*

લાગતી મનુષ્ય કદનાં શિલ્પો તાંજોરના રાજરાજેશ્વર મંદિરમાં છે. ૧૦મી સદીથી દક્ષિણ ભારતમાં તાંબા, કાંસા અને કઈક પિત્તળ જેવી ધાતુઓનાં શિલ્પો વિકાસ પામ્યાં. જેમાં નટરાજનાં શિલ્પો પ્રધાન છે. આ શૈલીનાં શિલ્પોમાં તીર્થંકર પાર્શ્વનાથ, બુધ્ધ અને ઐયનારનાં શિલ્પો લંડનના બ્રિટીશ મ્યુઝિયમમાં, તો મદ્રાસના સરકારી મ્યુઝિયમમાં રામ, હનુમાન, નટરાજ, ધ્યાનસ્થ બુદ્ધનાં શિલ્પો વગેરે સંગ્રહિત છે. લંડનના મ્યુઝિયમમાં કૃષ્ણ, ઉપદેશ આપતી ઊમાનું શિલ્પ, બલરામ, લક્ષ્મી અને વાસુદેવની સંયુક્ત પ્રતિમા બંગાળની ધાતુશિલ્પ શૈલીવાળાં સંગ્રહાયેલા છે.

### 17.2.3.1 ચિત્રકળા.

અજંટા, ઈલોરા, બાઘ, બાદામીની પ્રાચીન ચિત્રકલાનો પ્રભાવ પછીનાં સમયના ચિત્રોમાં જોઈ શકાય છે. આ સમયમાં'સુરસુંદરી-ચરિત', કર્ણ-સુંદરી, 'માનસોલ્લાસ', ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત, કથા સરિત્સાગર, બૃહદ્ત્કથામંજરી વગેરે જેવાં સાહિત્યિક ઉલ્લેખોમાં ચિત્રકલાના ઉલ્લેખો છે. જો કે આ સમયમાં ચિત્રો ઘણાં ઓછાં મળે છે. ગુજરાત, બંગાળની આ સમયની હસ્તપ્રતો, તાડપત્રો પરનાં લઘુચિત્રો મળે છે તો ભિતિચિત્રોનું પ્રમાણ ઓછું વર્તાય છે.

બંગાળમાં પાલ શાસકોના સમયે બોદ્ધ ધર્મના વજ્રયાન સંપ્રદાયનાં આ સમયના તાડપત્રોમાં લઘુચિત્ર શૈલી જોવા મળે છે. જેનો વિષય બુધ્ધના જીવન પ્રસંગો, જાતકકથા, લોક્દેવો, પ્રજ્ઞાપારમિતા, બોધિસત્ત્વો વગેરે છે. લઘુચિત્રો ધરાવતા આવા ગ્રંથોમાં સાધનમાલા, પંચશિખા, કરનદેવથુહા,પ્રજ્ઞાપારમિતા વગેરે મુખ્ય છે.

ગુજરાતમાં આ સમયે જૈન શ્વેતાંબર સંપ્રદાયનાં તાડપત્રોના ગ્રંથોમાં ચિત્રો મળે છે. સિદ્ધરાજ સોલંકીના સમયે નિશીથ-ચૂર્ણિ, ચિત્રો સહિતની હસ્તપ્રત લખાઈ. ખંભાતની જ્ઞાતાધર્મસૂત્રની હસ્તપ્રતમાં મહાવીર સ્વામી તથા સરસ્વતીનું ત્રિભંગ ચિત્ર નોંધપાત્ર છે. છાણી ગામના(વડોદરા) જૈન ગ્રંથ-ભંડારની ઓઘનિર્યુક્તિહસ્તપ્રતમાં જૈન વિદ્યાદેવીઓ ઉપરાંત બ્રાહ્મણ દેવીઓનાં ચિત્રો પણ ચિત્રિત છે. રાજસ્થાનમાં જેસલમેરનાં તાડપત્રીય ભંડારમાંથી જૈન ધર્મને લગતાં બે કાષ્ટ ચિત્રો મળ્યાં છે. જે ૧૨મી સદીનાં છે. ઉપરોક્ત બધાં ચિત્રો લઘુચિત્રોનાં લક્ષણો ધરાવે છે. લાંબુ-ચપટું નાક, ધારદાર રેખાઓ, તીવ્ર ખૂણા, મોટી અને પાસે-પાસે આવેલી આંખો, પાતળું પેટ જેવા લક્ષણો મુખ્ય છે.

દક્ષિણ ભારતમાં ૯મી સદીમાં ચોળ રાજયમાં બંધાયેલું વિજયાલય ચોળેશ્વર મંદિરમાં 12મી સદીમાં શિવને લગતાં ભિત્તિચિત્રો નિર્માણ પામ્યાં. ઉપરાંત બૃહદીશ્વર મંદિર પણ આ સમયના શૈવ ધર્મને સંલગ્ન ચિત્રો નિર્મિત થયાં છે. તેમાંનું ત્રિપુરારિ શિવનું ચિત્ર ચોળ ચિત્રકલાનો ઉત્તમ નમૂનો છે. આ ચોળ ચિત્રશૈલી પ્રવર્તમાન ધાતુશિલ્પો સાથે સમાનતા ધરાવે છે. સાથે-સાથે પૂરોગામી પલ્લવ શૈલી અને ઈલોરાનાં ચિત્રોમાંની ગોળાઈનાં લક્ષણો જોવા મળે છે. જૈન ધર્મને સંલગ્ન ચિત્રો તિરુમલાઈના લક્ષ્મીમંડપની દીવાલો પર નિર્મિત છે. અહી માયસોરના મૂડવિદ્રીના જૈન ભંડારમાંથી પ્રાપ્ત પાંચ તાડપત્રોમાં ચિત્રો છે. જે પશ્ચિમ ભારતનાં લ:ઘુચિત્રોથી જુદાં લક્ષણો ધરાવે છે. આમ, આ

*સમયના ચિત્રકલામાં તાડપત્રો પરનાં લઘુચિત્રકલા વિકસી તો ભિત્તિચિત્રોની પરંપરા ઓછી થતી જતી જણાય છે.*

**17.2.3.2 સંગીત.**

*આ સમયમાં મંદિર-સ્થાપત્યનાં શિલ્પો અને સાહિત્યનાં ઉલ્લેખોનાં અભ્યાસ પરથી જણાય છે કે, અન્ય કલાઓની જેમ સંગીત કલાનો વિકાસ ઉત્કર્ષ પામ્યો હતો. ખાસ કરીને ખજુરાહો, મોઢેરા, ભુવનેશ્વર, તાંજોર વગેરે જગ્યાએ નિર્મિત મંદિર અને તેનાં શિલ્પોનાં ગીત-વાદ્યો, નૃત્યનાં દ્રશ્યો પરથી તેનો ખ્યાલ આવે છે. આ સમયના ઢોલ-શરણાઈ, ડિંડિમ, નગારું, એકતારો, વીણા જેવાં વાદ્યો પ્રસિદ્ધ હતાં. સંગીતના રસિકો અને ઉપાસકો સૂરોનું સારું જ્ઞાન ધરાવતા. સંગીતને લગતા લોકપ્રિય ગ્રંથોમાં 'સંગીત મકરન્દ', પાર્શ્વદેવનો 'સંગીત-સમયસાર',નાન્યદેવનો 'સરસ્વતીહૃદયાલંકાર' તથા સોમેશ્વરનો 'માનસોલ્લાસ' મુખ્ય છે. આ ગ્રંથોમાં સંગીતની પદ્ધતિઓ, વાજિંત્રોના પ્રકારોનું સૂક્ષ્મ વર્ણન, સ્વર,રાગ-રાગિણીઓ અને દેશી રાગોની ચર્ચા કરેલી છે.*

**17.2.4 સલ્તનત કાલીન કલા.(ઈ.સ. 1201 થી ઈ.સ. 1526)**

**17.2.4.1 શિલ્પકલા.**

*સલ્તનતકાળમાં પણ શિલ્પકલા, ચિત્રકલા અને સંગીતકલા જેવી કલાઓનો વિકાસ ચાલુ રહ્યો. તો ઈસ્લામિક શાસન સ્થપાતાં હિંદુ-મુસ્લિમ-ઈરાની કલાનો સમન્વય થયો. ઈસ્લામમાં મૂર્તિના પ્રતિબંધ હોવાથી મુસ્લિમ રાજ્યોમાં હિંદુમૂર્તિકલા અને મંદિર-સ્થાપત્યકલાને ભારે ધક્કો પહોંચ્યો. અત્યાર સુધી શિલ્પકારો વિવિધ શિલ્પોમાં પોતાનું કૌવત બતાવતા હતાં. તે રાજ્યાશ્રયને અભાવે મૂર્તિકલાનું સ્થાન સુશોભાનાત્મક રૂપાંક્નોએ લીધું. જો કે કોણાર્કના સૂર્યમંદિર, આબુની લુણવસહિ, ચિત્તોડના રાણા કુંભાએ બંધાવેલ કીર્તિસ્તંભમાં પ્રચુર શિલ્પો આ સમયે નિરૂપાયા છે. કોણાર્કના સૂર્યમંદિરની પીઠમાં કલાત્મક રથચક્રો, રથ ખેંચતા ઘોડા, અનેક દેવ-દેવીઓ, મનુષ્યો અને કામસૂત્રને લગતાં શિલ્પો અદ્દભૂત છે. લુણવસહિમાં દેવ-દેવીઓ, અપ્સરાઓ, સંગીતમંડળો, પુરાણ કથાપ્રસંગો ઉપરાંત વેલબુટ્ટા અને કમળ તેની પાંખડીઓમાં શિલ્પીઓએ ગજબનું શિલ્પ-કૌશલ્ય ઠાલવ્યું છે. ૧૫મી સદીમાં રાણા કુંભાએ ચિત્તોડમાં ૯ માળનો ઊંચો કીર્તિસ્તંભ બંધાવ્યો. તેમાં વિવિધ દેવ-દેવીઓ, નક્ષત્રો, વાર, માસ તથા ઋતુઓનાં પણ શિલ્પો છે. ત્રિમૂર્તિ શિલ્પ સાથે અરબીમાં 'અલ્લાહ' શબ્દ કોતરેલો છે. અહીં સાત માળનો જૈન કીર્તિસ્તંભ પણ છે. રાણાના કીર્તિસ્તંભ કરતાં પુરોગામી લાગે છે. આમ, ઉપરોક્ત બધાં ઉત્તરભારતીય શિલ્પો શાસ્ત્રીય રીતે સુંદર બનાવાયાં છે. તેમ છતાં મૌલિકતા નજરે પડતી નથી.*

*સલ્તનતસમયમાં દક્ષિણ ભારતમાં પુરોગામી પ્રશિષ્ટ શૈલી અને સમકાલીન નવીન તીવ્ર રેખા શૈલી બંનેના સંયોગવાળી શિલ્પશૈલી વપરાયેલી છે. આ શૈલીનાં શિલ્પો હલેબીડમાં હોયસળેશ્વર મંદિરનાં શિલ્પપટ, પાંડય મંદિરોનાં ગોપુરમમાંનાં શિલ્પો તથા વિજયનગરનાં મંદિરોમાં જોવા મળે છે. પાષાણ શિલ્પોની સાથે ધાતુ શિલ્પકલા દક્ષિણ*

ભારતમાં સલ્તનતકાળે  વિકસતી રહી. આવાં શિલ્પો ચોલ શૈલી મુજબ ઘડાયાં છે. જેમાં નટરાજ, શિવનાં વિવિધ સ્વરૂપો, દુર્ગા, લક્ષ્મી, વિષ્ણું, નૃત્ય કરતા કૃષ્ણ, હનુમાન, ગણેશ વગેરેની કાંસાની મૂર્તિઓ પ્રાપ્ત થઈ છે. રાજા-રાણીઓનાં ધાતુશિલ્પોમાં કૃષ્ણદેવરાય અને તેમની બે રાણીઓનાં શિલ્પો ઉત્કૃષ્ટ દ્રષ્ટાંત છે. આબુના પિત્તલહરનાં જૈનમંદિરમાં આદિનાથની પિત્તળની મૂર્તિ ૧૦૮ મણ વજન અને ૮ ફૂટ ઊંચાઈ ધરાવે છે. જે ગુજરાતના ધાતુ શિલ્પકલાના ઉત્તમ નમૂનો છે. કારકલમાં ઈ.સ. ૧૪૩૨માં નિર્માણ પામેલ બાહુબલિની ઊંચી મૂર્તિમાં ગોમટેશ્વરની શૈલીનું અનુકરણ થયેલું છે. આમ, ઉત્તર ભારત અને દક્ષિણ ભારતમાં આ સમયના કેટલાંક સુંદર શિલ્પો નિર્માણ પામ્યાં. સાથે ધાતુશિલ્પકલાનો પણ વિકાસ થયો. જો કે હવે મુસ્લિમ શાસન સ્થપાતાં મૂર્તિવિધાનને ફટકો પડ્યો અને વેલબુટ્ટીઓ, ભૌમિતિક આકારો વાળી સુશોભનાત્મક શિલ્પકલા વિકાસ પામી.

### 17.2.4.2 ચિત્રકળા

શિલ્પકલાની જેમ ચિત્રકલાને પણ સલ્તનતસમયમાં ભારે ધક્કો પહોંચ્યો. મુસ્લિમ શાસને કારણે મંદિર-સ્થાપત્ય ઓછું થતાં ભિત્તિચિત્રોની કલા પણ અદ્રશ્ય થતી ગઈ. ઈરાની મુસ્લિમો ભારતમાં ઈરાની ચિત્રશૈલી લાવ્યા. તેમને પણ ઝાઝુ પ્રોત્સાહન સુલતાનોએ આપ્યું નહિઁ. થોડુંક પ્રોત્સાહન પ્રાદેશિક મુસ્લિમ રાજ્યો બહમની, અહમદનગર, બિજાપુર, ગોવળકોંડા, કાશ્મીર, માળવાએ આપતાં કાગળ પરનાં ચિત્રો ઈરાની શૈલીમાં તૈયાર થયાં.૧૬મી સદીના પૂર્વાર્ધમાં દખ્ખણનાં ઉપરોક્ત રાજ્યોમાં એક અનોખી ચિત્રકલા વિકસી. જેમાં ગુલાબી, લીલો, ભૂરો, વાદળી, પીળો, જાંબુડિયો વગેરે જેવા રંગોનો ઉપયોગ તથા ત્યાંનાં ચિત્રોમાંનાં કુદરતી દ્રશ્યો, માનવ આકૃતિઓ તથા ઈરાની પદ્ધતિ રંગોનું પ્રયોજન આ બધું ઈરાની ચિત્રકલાનો પ્રભાવ સૂચવે છે. 'નયામત નામા' નામના માળવાના સુલતાન ગ્યાસુદ્દીન ખિલજી વાસ્તે તૈયાર થયેલા ગ્રંથમાં આવાં ચિત્રો પ્રાપ્ત થાય છે. ઉપરાંત કુરાનની હસ્તપ્રતોમાં લખાણ સાથે ચિત્ર પણ પ્રયોજ્યાં છે.
સલ્તનતના પુરોગામી કાળમાં વિકસેલ ચિત્રકલાની નવી લઘુચિત્રોની શૈલીનો સલ્તનતસમયમાં સારો વિકાસ થયો. જેમાં જૈન ગ્રંથોમાં આવાં ચિત્રો મોટાભાગે બન્યાં. તો સાથે હિંદુ ગ્રંથોમાં પણ કેટલાંક ચિત્રો મળે છે. કથા-સંગ્રહ ગ્રંથની તાડપત્રોમાં નેમિનાથને લગતાં ચિત્રો છે. આ જૈન લઘુચિત્રોમાં સલ્તનતકાલના અગાઉના કાલની અસર વિશેષ છે. ઈ.સ. ૧૩૫૦થી ૧૪૫૦ સુધીનાં તાડપત્રીય જૈન લઘુચિત્રોમાં સોનેરી રંગનો વ્યાપક ઉપયોગ તથા ઈરાની શૈલીથી નિર્મિત છે. જે આગળ જતાં મુઘલશૈલી(ભારતીય-ઈરાની શૈલી) તરીકે વિકસી. ઈડરથી પ્રાપ્ત કલ્પસૂત્રની પ્રતમાંનાં 34 ચિત્રો ઈરાની શૈલી અને તે પછીનાં ગ્રંથોમાં સોનેરી અને રૂપેરી શાહીનો ઉપયોગ થયો છે.

સલ્તનતસમયમાં કાગળ સહજ બનતાં તાડપત્રના ગ્રંથોની રચના લુપ્ત થવા લાગી અને 15મા સૈકાના અંતમાં કાગળના ગ્રંથોએ સ્થાન લીધું. કાગળો પર લખાણની સાથે ચિત્રો માટેની વધુ સુગમતાને કારણે સોના-રૂપાના રંગોનો ઉપયોગ વધ્યો. કાગળ પરનાં આવાં ચિત્રોમાં કલ્પસૂત્રનાં 31 ચિત્રો લંડનની ઈન્ડિયા ઓફિસમાં છે, કાલકાચાર્ય કથાનાં

13 ચિત્રો પાટણના હેમચંદ્રાચાર્ય જ્ઞાન ભંડારમાં સંગ્રહિત છે. સુપાસણાહ- ચરિયની પ્રતમાંનાં 37 ચિત્રો, જૌનપુર અને વડોદરા અને અમદાવાદનાં આ સમયના ચિત્રો મળે છે. વસ્ત્ર-પટ ચિત્રોમાં ઈ.સ. 1354માં ચિત્રિત ચિંતામણિ વસ્ત્રપટ બીકાનેરનાં શ્રી અગરચંદ નાહટાના સંગ્રહમાં સંગ્રહિત છે. બીજા પણ વસ્ત્રપટ પ્રાપ્ત થાય છે. મુઘલસમયમાં ચિત્રકલામાં જે રાજસ્થાની શૈલી વિકસી તેની પ્રારંભિક શૈલી 15મી સદીમાં જોવા મળે છે. જે હિંદુ ધર્મને લગતી છે. રાગમાળા અને કૃષ્ણલીલામાનાં ઘણાં ચિત્રો આ શૈલીનાં છે. એક ચશ્મ ચહેરવાળાં રાજસ્થાની ચિત્ર શૈલી ધરાવતી 'સ્તુતિ ચિત્રાવલી' બોસ્ટન સંગ્રહાલયમાં છે. રાણાકુંભા આ કલાના પ્રોત્સાહક હતા. તેમણે પોતાનાં ભવનોમાં અનેક ચિત્રો કરાવ્યાં હતાં. જેમાં એક ચશ્મવાળી ઈરાની શૈલીનો પ્રભાવ છે. દક્ષિણ ભારતમાં આ સમયે ગુંડી(વિજયનગર), તિરુપરુત્તિકુંદરમ(કાંચીપુરમ નજીક) અને લેપાક્ષી શિવમંદિરમાં ચિત્રો નિર્માણ પામ્યાં છે. કૌરાપનકાસિન નામે જાણીતી થયેલી ચિત્રિત હસ્તપ્રત કાશ્મીરી કવિ બિલ્હણ સાથે સંકળાયેલ છે. જેમાં પ્રેમની ઉત્કૃષ્ટ ઊર્મી સભર કંડિકાઓ ચિત્રિત કરીને લખેલી છે.

**17.2.4.3 સંગીત**

આ સમયે સંગીતમાં હિંદુ-મુસ્લિમ મિશ્રણવાળી સંગીતકલાનો પાદુર્ભાવ થયો. ખાસ કરીને તેમાં સૂફીપંથોએ મહત્ત્વનું યોગદાન આપ્યું. જે ઈરાની સંગીતના પ્રભાવવાળું હતું. ઈસ્લામમાં સંગીતનો નિષેધ હોઈ સંગીતને આ સમયમાં રાજ્યાશ્રય મળ્યો નહી. પરંતુ શાસક વર્ગ શોખીન હોઈ સંગીત-નૃત્ય વ્યવસાયમાં પરિવર્તિત થયો. તો બીજી તરફ હિંદુ-મુસ્લિમ સંતો-સૂફીઓનાં પદો-ભજનો સામાન્ય જનસમુદાયમાં લોકપ્રિય બન્યાં. મકબરાઓમાં 'કવ્વાલી' તથા 'ખ્યાલ' વિકાસ પામ્યો. જે આગળ જતાં સંગીતના પ્રકારોમાં સ્વીકારી લેવાયા. સલ્તનતસમયમાં સુલતાન જલાલુદ્દીન, અલાઉદ્દીન ખિલજી, મુહમ્મદ તુઘલક તથા સિકંદર લોદી સંગીતના શોખીન હતા. અમીર ખુશરોએ ઈરાની અને ભારતીય સંગીતના સમન્વયથી નવા રાગો બનાવ્યા તથા કવ્વાલી ગાયન પદ્ધતિ વિકસાવી. તેવી જ રીતે વાજિંત્રોમાં ઈરાની તંબૂર અને ભારતીય વીણાનો સમન્વય કરી સિતાર વિકસાવ્યો. મૃદંગને તબલામાં પરિવર્તિત કર્યું. આમ, અમીર ખુશરોએ હિંદુ-મુસ્લિમ સંગીતમાંથી હિંદુસ્તાની સંગીતને વિકાસવામાં મહત્ત્વનો ફાળો આપ્યો.

સુલતાન ઈબ્રાહિમશાહ અને હુસૈનશાહ જેવા જૌનપુરના શર્કી સુલતાનોનો સંગીતના વિકાસમાં નોંધપાત્ર ફાળો છે. અહીં 'ખ્યાલ' નામની ગાયન પદ્ધતિ લોકપ્રિય બની. દક્ષિણમાં બિજાપુરના, માળવાના અને કાશ્મીરના સુલતાનો પણ સંગીત શોખીન હતા.

13 સદી પહેલાં ભારતીય સંગીત એકસમાન હતું. મધ્ય એશિયા અને પશ્ચિમનાં સંગીતના આગમનની અસરથી વૈવિધ્યપૂર્ણ રાગો વિકસ્યા. ૧૫મી સદીમાં કવિ લોચન દ્વારા લખાયેલ 'રાગ-તરંગિણી'માં 16000 રાગોનો ઉલ્લેખ કર્યો છે. જે ચોક્કસ આધારો સાથે રાગોને 12 વિભાગોમાં વહેંચ્યા છે. સંગીત સાથે જોડાયેલ કુટુંબો(સંગીત-ઘરાના)નો પણ આ કાલથી સૂત્રપાત થયો.

*રાજા માનસિંહે ધ્રુપદ રાગનો પ્રચાર કર્યો. વળી, તેમણે ગ્વાલિયરમાં એક સંગીત વિદ્યાલય પણ સ્થાપ્યું હતું. તાનસેને તે વિદ્યાલયમાં સંગીતનું શિક્ષણ લીધું હતું. મેવાડના રાણા કુંભા પોતે સંગીતજ્ઞ હતા અને તેમણે 'વાદ્યરત્નકોશ', 'સંગીતરાજ', 'સંગીત મીમાંસા' જેવા ગ્રંથો રચ્યા હતા. વિજયનગરના રજાઓ પણ સંગીતના પોષક હતા. આચાર્ય સારંગદેવના 'સંગીત-રત્નાકર'માં તો ભારતીય સંગીતનું સૂક્ષ્મ વર્ણન કરવામાં આવ્યું છે. આમ, આ સમયના 'ભક્તિ-સંગીત', સૂફી સંગીતમાં અનેક કલાકારો,સૂફી-સંતો, કવિઓ,ભાટ-ચારણો, ફકીરો, રાજાઓ, સુલતાનો વગેરેએ મહત્ત્વનો ફાળો આપી ભારતીય સંગીત કલાનો સ્વતંત્ર, સામુદાયિક તથા સંગઠિત રીતે વિકાસ ચાલુ રાખ્યો.*

- **તમારી જાતે ચકાસો. 'y`**

**1. યોગ્ય રીતે જોડકાં જોડો.**

| (A) | (B) |
|---|---|
| 1. ખ્યાલ ગાયન પદ્ધતિ | a. માનસિંહ |
| 2. ધ્રુપદ રાગ | b. જૌનપુર |
| 3. કીર્તિસ્તંભ | c. ઓરિસ્સા |
| 4. કોણાર્કનું સૂર્ય મંદિર | d. રાણા કુંભા |
| 5. રથ મંદિરો | e. બિલ્હણ |
| 6. કૌરાપનકાસિન | f. પલ્લવ રાજ્ય |
| 7. કવ્વાલી | g. ઈલોરા |
| 8. કૈલાસ મંદિર | h. અમીર ખુશરો |
| 9. શિવ-પાર્વતી વિવાહનું ચિત્ર | i. મધ્યપ્રદેશ |
| 10. ખજુરાહો | j. બાદામી |
| 11. બૃહદેશ્વર મંદિર | k. ગુજરાત |
| 12. સોલંકી સ્થાપત્ય | l. તાંજોર |

- **તમારી જાતે ચકાસો. '*f*`**

**1. અનુગુપ્તકાલીન કલા વિશે લખો.**

**2. પ્રતિહાર-રાષ્ટ્રકૂટ સમયમાં થયેલ કલાના વિકાસને ટૂંકમાં જણાવો.**

3. પૂર્વ સલ્તનતકાલીન કલા વિકાસ પર ચાર વાક્યો લખો.

4. સલ્તનતસમયમાં સંગીત ક્ષેત્રે અમીર ખુશરોનું પ્રદાન ટૂંકમાં લખો.

### 17.3 સ્થાપત્ય.(ઈ.સ.650 થી ઈ.સ. 1526)

### 17.3.1 અનુગુપ્તકાલીન સ્થાપત્ય.(ઈ.સ.650 થી 750)

*આ સમયમાં શૈલ સ્થાપત્ય અને ઈંટોના ચણતરી સ્થાપત્ય એમ બંને પ્રકારે સ્થાપત્ય પ્રચલનમાં રહ્યાં. શૈલ સ્થાપત્ય મોટા ભાગે બૌદ્ધ ધર્મ સાથે સંલગ્ન છે. અજંટામાં એક ચૈત્યગૃહ(ગુફા નં.26) અને થોડાક વિહારો આ સમયમાં નિર્માણ પામ્યાં. તેની ગુફા નં.26ના ચૈત્યગૃહની દિવાલો, વરંડા, ગોખલા, સ્તંભો બૌદ્ધ શિલ્પોથી સજ્જ છે. તેના લેખ પ્રમાણે આ બુધ્ધમંદિર ભિક્ષુ બુધ્ધભદ્રે તેમના મિત્ર ભવ્વિરાજને ઉદ્દેશીને કરાવ્યું છે. વિહારોમાં ગુફા નં.21 થી 25 છઠ્ઠી સદીના ઉત્તરાર્ધમાં નિર્માણ પામેલી છે. ગુફા નં.1 થી ૫ સાતમા સૈકાના પ્રારંભની છે. તેમાં ગુફા નં. 1 અને 2 દર્શનીય છે. ગુફા નં.1ના પ્રવેશખંડની બંને બાજુએ નાનાં ચૈત્યગૃહમાં બુધ્ધની પૂર્ણ મૂર્તિ છે. સભાખંડની ત્રણેય બાજુએ આવાસકુટીરો તથા સભાખંડના વીસ સ્તંભ કલાત્મક કોતરણીથી સજાવેલા છે. સ્તંભની કુંભીઓ પર દેવ-દેવીઓની આકૃતિઓ કોતરેલી છે. ગર્ભગૃહમાં બુદ્ધની મોટી પ્રતિમા છે. આમ, આખુ શૈલગૃહ ચિત્રોથી અને શિલ્પાકૃતિઓથી સજ્જ છે. ગુફા નં. ૨નો*

*વિહાર ગુફા નં. 1 સમાન છે. તેમાં સ્તંભો પરની શાલભંજિકાઓનાં શિલ્પો સુંદર છે. ઉપરાંત સુંદર ચિત્રો પણ છે. વિહાર નં. 3 અપૂર્ણ છે. ગુફા નં. 4 સૌથી મોટો છે. તેનું કંડારકામ અને આવાસકુટીઓ અધુરી છે. ગર્ભગૃહમાં વ્યાખ્યાન મુદ્રામાં બુધ્ધની મોટો પ્રતિમા અને બંને બાજુ વજ્રપાણિ તથા પદ્મપાણિ બોધિસત્ત્વો દેખા દે છે. ગુફા નં. 5 અપૂર્ણ છે. ગુફા નં. 27 અને 28 અન્ય વિહારો અને ચૈત્યગૃહ જેવાં જ લક્ષણો ધરાવે છે. તેમાં 28મી ગુફા અધૂરી છે. સાતમી સદીના મધ્યમાં અજંટા શૈલગૃહોનું નિર્માણ બંધ થયું.*

*ઔરંગાબાદ પાસેના ઈલોરા નજીકના ડુંગરમાં ઈ.સ.600 થી 750 સુધીમાં બોદ્ધ, બ્રાહ્મણ અને જૈન એમ ત્રણ સંપ્રદાયના શૈલગૃહો નિર્માણ પામ્યાં. ત્યાં ડુંગરના દક્ષિણે બાર બોદ્ધ શૈલગૃહો છે. તેમાં ગુફા નં. 1 થી 5 પહેલી નિર્માણ પામી છે. અને પ્રચલિત આયોજન પ્રમાણેના વિહાર કર્યા છે. ગર્ભગૃહમાં બુધ્ધ પ્રતિમા, બાજુમાં આવાસકુટીઓ, સાંકડો લંબચોરસ ઘાટ, સ્તંભો, ચોરસ ગર્ભગૃહ વગેરે તેના મુખ્ય લક્ષણો જોવા મળે છે. અહી વિહાર અને ચૈત્યગૃહનું મિશ્રણ નજરે પડે છે. ગુફા નં. ૬ થી ૧૨ પછીના સમયે નિર્માણ પામી છે. તેમાં ગુફા નં. ૭નો વિહાર અપૂર્ણ છે. ગુફા નં. ૧૦ ચૈત્યઘાટની એકમાત્ર ગુફા છે. જે વિશ્વકર્મા ગુફા કે સુતાર ઝોપડીથી અત્યારે ઓળખાય છે. તેના સ્તંભો સાદા, અષ્ટકોણીય, ઘટપલ્લવ ઘાટના અને સુશોભિત છે. સ્તૂપો પણ સુશોભિત છે. ચૈત્યમાં સૂર્યબારી પણ છે આમ, અહી ચૈત્યગૃહના સ્વરૂપમાં કેટલાક સુધારા-વધારા જોવા મળે છે. પણ શિલ્પસમૃદ્ધિ ઓછા પ્રમાણમાં છે. ગુફા નં. 11 અને 12ના વિહાર મોટા અને ત્રણ માળના છે. ગુફા નં. 12નો વિહાર ઈલોરાના વિહારોમાં સૌથી મોટો અને સુંદર છે. અહી બુદ્ધો અને બોધિસત્ત્વોની ભવ્ય પ્રતિમાઓ કંડારેલી છે. તથા કલાકારોએ કૈલાસ મંદિર જેવી શિલ્પસમૃદ્ધિ ઠાલવવાનો પ્રયાસ કર્યો છે.*

*છઠ્ઠી સદીના ઉત્તરાર્ધમાં બાઘની ગણી ગુફાઓ નિર્માણ પામી છે. ગુફા નં.4નો વિહાર અગત્યનો છે. જેમાં ગુપ્તકાલીન વિકસિત સ્વરૂપ તથા અજંટાની ગુફા નં. 4 સાથે સમાનતા ધરાવે છે. તેનો પ્રવેશખંડ ખાસ દર્શનીય છે. વિહારમાં ચિત્રો પણ ઉલ્લેખનીય છે. ઔરંગાબાદમાં(મહારાષ્ટ્ર) બાર શૈલગૃહમાં એક ચૈત્યગૃહ ત્રીજી સદીનું છે. બાકીના શૈલગૃહો વિહાર છે ને 6ઠ્ઠી-7મી સદીમાં નિર્માણ પામ્યાં છે. જેમાં ગુફા નં. ૩ અને ૭ના વિહાર સુંદર છે. જેમાં બ્રાહ્મણ ધર્મના મંદિરોની અસર જણાય છે.*

*વાતાપી(બિજાપુર)માં ચાલુક્ય શાસનમાં ચાર શૈલ-દેવાલયોમાં ત્રણ બ્રાહ્મણ ધર્મ અને એક જૈન ધર્મનું છે. તેમાં ગુફા નં. 4 જિનાલય છે. ને સાતમા સૈકાના મધ્યભાગે નિર્માણ પામ્યું છે. અહી બ્રાહ્મણ ધર્મનાં શૈલ દેવાલયો નિર્માણની પ્રવૃત્તિ સાતમી સદી સુધી ચાલુ રહી. એ પછી એ શૈલી લુપ્ત થઈ.*

*દક્ષિણ ભારતમાં શૈલ-દેવાલયો કરાવવાનો પ્રારંભ પલ્લવ રાજ્યમાં મહેન્દ્રવર્મા પ્રથમના શાસનકાળે (ઈ.સ.610-640) થયો. જેમાં ઈંટ, ચૂનો, ધાતુ, લાકડાનો ઉપયોગ થયો નથી. આ 14 શૈલગૃહ મદ્રાસ તથા આંધ્ર રાજ્યના પૂર્વમાં દરિયા કિનારે આવેલાં છે. જે મંડપ ગુફા પ્રકારનાં છે. નરસિંહવર્મા પ્રથમે (ઈ.સ.640-668) મામલ્લપુર વસાવી ત્યાં કેટલાંક મંડપો તથા રથો (શૈલ દેવાલય) ડુંગરના પથ્થરોમાં કરાવ્યા. ત્યાંની વરાહ ગુફા,*

મહિષાસુરમર્દિની ગુફા, ધર્મરાજ મંડપ, કૃષ્ણમંડપ, પાંડવ મંડપ, રામાનુજ મંડપ, કોટિકાલ મંડપ, ત્રિમૂર્તિ ગુફા વગેરે દેવોનાં શિલ્પો, સ્તંભ કલાત્મક છે. કોનેરી મંડપ અપૂર્ણ છે. છુટા પથ્થરોમાંથી શૈલ દેવાલય કરાયાં છે. જેને રથ તરીકે ઓળખવામાં આવે છે. નરસિંહવર્મા પ્રથમના સમયે મામલ્લપુરમાં ડુંગરની દક્ષિણે પાંચ રથ કરવામાં આવ્યા. જે પાંડવ રથ તરીકે પછીથી પ્રસિદ્ધ થયા. જેમાં ધર્મરાજ રથ મોટો છે જે શિવનું દેવાલય છે.(જુઓ ચિત્ર-2) તેમાં નરસિંહવર્મા(મામલ્લ) ની પ્રતિમા પણ છે. ઉપરાંત ભીમ-રથ, અર્જુન-રથ, દ્રોપદી-રથ, નકુલ-સહદેવ-રથ બોદ્ધ વિહાર ને ચૈત્યગૃહ સમાન છે. અહી ડુંગરની ઉત્તરે બીજી વરાહ-ગુફા કંડારાઈ. જેની બાજુના પથ્થરમાંથી ગણેશ-રથ કંડારાયો છે. ડુંગરની વાયવ્ય દિશામાં નાના ડુંગરમાં બીજા ત્રણ નાના રથ કંડારાયેલા છે. જેમાંથી બે અપૂર્ણ છે. નરસિંહવર્માના મૃત્યુ પછી રથો અને મંડપો નિર્માણનું સ્થાપત્ય લુપ્ત થયું ને તેના સ્થાને ચણતરી સ્થાપત્ય પ્રચલિત થયું.

ઈલોરામાં શૈવ શૈલગૃહો બોદ્ધ શૈલગૃહોની બાજુમાં આવેલાં છે. શૈલગૃહ નં.૧૩ શિલ્પીઓ માટેનું છે જ્યારે શૈલગૃહ 14 થી 29 બ્રાહ્મણ ધર્મનાં દેવાલયો છે. દશાવતાર ગુફા નં.15 8મી સદીના પૂર્વાર્ધમાં રચાઈ છે. ગર્ભગૃહમાં શિવલિંગ છે. આ શૈલગૃહમાં બોદ્ધ વિહાર જેવાં લક્ષણો જોવા મળે છે. ગુફા નં.14 અને 21નાં શૈવ દેવાલય ૮મી સદીનાં છે. 14 નંબરની ગુફા રાવણ-કા-ખાઈ અને 21 નંબરની ગુફા રામેશ્વર ગુફાથી પ્રસિદ્ધ છે. દેવાલય શૈવ શિલ્પકૃતિઓથી શોભે છે. અહીનાં સ્થાપત્યમાં બીજો પ્રકાર નજરે પડે છે. ગુફા નં. 29માંનું દુમર લેણા (સીતા-કી-નહાની) દેવાલય 8મી સદીમાં નિર્માણ પામ્યું છે. જેમાં શૈવ દેવાલય સ્થાપત્યનો ત્રીજો પ્રકાર જોવા મળે છે. મંડપ ઊભા, લંબ-ચોરસ, પ્રદક્ષિણાવાળું ગર્ભગૃહ, બે બાજુએ પ્રવેશદ્વાર વગેરે લક્ષણોથી ઈલોરામાં તે ઉત્તમ અને અનેક શૈવ-શિલ્પોથી સજ્જ ભવ્ય દેવાલય છે. આ ત્રીજા પ્રકારનું સ્થાપત્યની અસર ધરાવતું સ્થાપત્ય એલીફંટા અને જોગેશ્વરીની ગુફોઓમાં જોવા મળે છે. જે આઠમી સદીમાં નિર્માણ પામી છે. એલીફંટાનાં શૈલ શિવાલયોનું સ્થાપત્ય દુમર-લેણા કરતાં ઉતરતી કક્ષાનું છે. પરંતુ શિલ્પ સ્થાપત્યમાં ચડિયાતું છે જ્યારે જોગેશ્વરી ગુફામાં શિવાલયોમાં શિલ્પસમૃદ્ધિ ઓછી છે.



**ચિત્ર-૨., ધર્મરાજ રથ, રથ મંદિર, આંધ્ર.**

ઈલોરાનું કૈલાસ શિવાલય શૈલગૃહ નં. 16માં આવેલું છે. જેનું નિર્માણ રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણ પ્રથમે (ઈ.સ.757-783) કરાવ્યું હતું. અહી પથ્થરોને કંડારીને ચણતર કરી દેવાલયનો

આકાર આપવામાં આવ્યો છે. તેનું સ્થાપત્ય શિલ્પ જોતાં તે શિલામાં કંડારેલ મહાકાવ્ય લાગે છે. તેનું સ્થાપત્ય કાંચીપુરના કૈલાસનાથ મંદિર અને પટ્ટદકલના વિરૂપાક્ષ મંદિર જેવી છે તે વિશાળ તથા દ્રવિડ શૈલીનું છે.

### 17.3.2 પ્રતિહાર-રાષ્ટ્રકૂટ કાલીન સ્થાપત્ય.(ઈ.સ.751 થી ઈ.સ.1000)


આ સમયમાં મંદિર-સ્થાપત્યની પ્રમુખ શૈલીઓમાં નાગર શૈલી હિમાલય અને વિન્ધ્ય પર્વત વચ્ચે ઉત્તર ભારતમાં, વેસર શૈલી વિન્ધ્ય પર્વત અને કૃષ્ણા નદી વચ્ચે દખ્ખણમાં અને દ્રાવિડ શૈલી કૃષ્ણા નદી અને કન્યાકુમારી વચ્ચે દક્ષિણ દ્રાવિડ ક્ષેત્રમાં વિકસી. નાગર અને દ્રાવિડ શૈલી ભિન્ન લક્ષણો ધરાવે છે. તો વેસળ શૈલીમાં એ બંને શૈલીનો સંયોગ થયો છે. નાગર શૈલીનાં મંદિર ચોરસ, વેસર શૈલી ગોળ અને દ્રાવિડ શૈલીનાં અષ્ટકોણીય લક્ષણો ધરાવતા મંદિરો છે. નાગર શૈલીનાં મંદિર તારાકાર તલમાન અને રેખાન્વિત શિખરનાં ખાસ લક્ષણો ધરાવે છે. ગર્ભગૃહને ફરતો ઢાંકેલો પ્રદક્ષિણાપથ, દીવાલની બહાર અર્ધસ્તંભો સાથે ગોખલા અને શિખર આડા મજલાવાળા એ દ્રાવિડ શૈલીનાં મુખ્ય લક્ષણો છે.

નાગર શૈલીનાં મંદિરો ઓરિસ્સા, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર કર્ણાટક, પંજાબ, ઉત્તર પ્રદેશ તથા પૂર્વ ભારતમાં સ્થિત છે. ઓરિસ્સાનાં મંદિર વધુ વિકસિત છે. તેનો પાદુર્ભાવ ભુવનેશ્વરનાં પ્રાચીન મંદિરોમાં જોઈ શકત છે. દેવાલયને 'દેઉલ' કહેવામાં આવે છે. સમય જતાં ગર્ભગૃહ આગળ બીજો ખંડ ઉમેરાયો. આ મંદિરોમાં રેખાન્વિત શિખર હોવાથી તેને 'રેખા દેઉલ' પણ કહે છે. ગર્ભગૃહ આગળના મંડપને 'મુખમંડપ' કે 'જગમોહન' કહેવામાં આવે છે. દેવાલયો પીઠ કે પીઠિકા ઉપર બંધાતાં. તે પીઠ ને 'પિષ્ટ' કહેવામાં આવે છે. દીવાલવાળા ભાગને 'બાડ' કહેવામાં આવે છે. શિખર-જગમોહન પરના મુખ્ય ભાગને ગંડી(થડ) કહેવામાં આવે છે. ગંડીની ટોચને 'મસ્તક' કહે છે.

ઓરિસ્સાના ભુવનેશ્વરનાં મંદિરોમાં નાગર શૈલીનો વિકાસ જોવા મળે છે. તેમાં પરશુરામેશ્વર મંદિર મહત્ત્વનું છે. અહીનાં અનેક મંદિરો આ પ્રકારનાં છે. મુક્તેશ્વર મંદિરમાં ઓરિસ્સા સ્થાપત્ય-શૈલીના(જુઓ ચિત્ર-3) વિકાસને સ્પષ્ટ જોઈ શકાય છે. જે 9મી-10મી સદીમાં બંધાયું હતું. 10મી સદીથી ઓરિસ્સાનાં મંદિરોમાં તલમાન અને ઊર્ધ્વમાનમાં વિવિધતા આવી છે. જે સિદ્ધેશ્વર, કેદારેશ્વર તથા બ્રહ્મેશ્વરનાં દેવાલયોના સ્થાપત્યમાં તેનો વિકાસ જોવા મળે છે. ઉપરાંત રાજારાણી મંદિરમાં પણ ઓરિસ્સા શૈલી નજરે પડે છે. આમ, ઓરિસ્સા શૈલીમાં ત્રિ-રથ, પંચ-રથ, સપ્ત-રથ, પંચાયતન જેવા પ્રકારો મંદિર સ્થાપત્યમાં જોવા મળે છે.


નાગરશૈલીનું બીજું પ્રાદેશિક સ્વરૂપ મધ્યપ્રદેશમાં વિકાસ પામ્યું. બૈજનાથ મહાદેવ, લક્ષ્મણ મંદિર(સિરપુર) એ બે મંદિરોમાં નાગર શૈલીનો આરંભ જોવા મળે છે. શિખરની ઊભી રેખાઓ છેક આમલક શિલા સુધી વિસ્તરે છે તથા આમલક પર બીજું આમલકનો ઉમેરો એ બે લક્ષણો અહીનાં સ્થાપત્યનાં વિશિષ્ટ લક્ષણ છે. વળી, સ્તંભવાળો મંડપ પણ ઉમેરાય છે. ગર્ભગૃહ પર ઊંચું શિખર, ઝરૂખા, છાવણ જેવાં બીજાં પણ લક્ષણો

જોઈ શકાય છે. આ પ્રાદેશિક સ્થાપત્યના સુંદર નમૂના ખજુરાહો (ચંદેલ્લ વંશની રાજધાની) મંદિર સમૂહમાં જોવા મળે છે. જેમાં વિષ્ણું, શિવ અને કેટલાંક જૈન જિનાલયો છે. જે ઈ.સ. 950થી ઈ.સ. 1050ના સમયગાળામાં બંધાયાં છે. નંદીમંડપ, ગોપુરમ, ચોકની ફરતે પડાળી, બંને બાજુ પૂરક મંડપો, મહામંડપ, સુશોભિત સ્તંભ, ગર્ભગૃહ, વિવિધ શિલ્પકૃતિઓથી ભવ્ય લાગે છે. જેમાં અતિ પુરુષાર્થ અને સુક્ષ્મ આયોજનની તકેદારી નજરે પડે છે.



**ચિત્ર.૩. ઓરિસ્સાના નાગર શૈલીના મંદિર.**

જૈન ધર્મને લગતાં શૈલ દેવાલયો ઓછી સંખ્યામાં પ્રાપ્ત થાય છે. સાતમી સદીમાં ઐહોળી અને બાદામીમાં એક એક જિનાલય નિર્માણ પામ્યાં. જ્યારે સ્થાપત્યની દ્રષ્ટિએ ઉત્તમ શૈલ જિનાલયો ઈલોરામાં ૯મી,૧૦મી સદીમાં રાષ્ટ્રકૂટ અને યાદવોના સમયમાં નિર્માણ પામ્યાં. ઈલોરાનાં દિગંબર સંપ્રદાયનાં શૈલ જિનાલયો ડુંગરના ઉત્તર છેડે પશ્ચિમ બાજુએ આવેલાં છે. અહીં ગુફા નં. 31 થી 34 એક જ હરોળમાં છે. ગુફા નં. 30 કૈલાસ દેવાલયની નાની પ્રતિકૃતિ સમાન તેની રચના છે. તેથી તેને 'છોટા-કૈલાસ' થી પણ ઓળખવામાં આવે છે. જે દ્રાવિડ સ્થાપત્ય શૈલીનું છે. ગુફા નં. 32 ઈન્દ્રસભા અને ગુફા નં. 33 જગનાથ્થ સભા તરીકે વિખ્યાત છે. સ્તંભો, ગર્ભગૃહ, તીર્થંકરોનાં શિલ્પો, ગોપુરમ, ચોક, યક્ષ-યક્ષિણી આદી ભરચક શિલ્પો વગેરેથી જિનાલયો સજ્જ છે. અહીં પણ પથ્થરોને કોતરી ચણતર કરી સ્થાપત્ય જેવું સ્વરૂપ આપવામાં આવ્યું છે. ચણતરી જિનાલયોમાં ઐહોળીમાં સાતમી સદીની મેગુતી મંદિર બંધાયું. જેમાં ચણતરી સ્થાપત્યનાં સ્પષ્ટ વિકાસ નજરે પડે છે. આ પથ્થર નિર્મિત જિનાલય પણ દ્રવિડ સ્વરૂપ ધરાવે છે. મંદિર સ્થાપત્યમાં શિખર સ્વરૂપ આ સમયે ઘડાયું.(જુઓ ચિત્ર નં.4) જે પિરામિડ જેવું હતું. દક્ષિણ ભારતનાં મંદિરોના સ્થાપત્યમાં પિરામિડ આકાર જળવાયો જે આગળ જતાં દ્રવિડ પ્રકાર કહેવાયો. ઉત્તર ભારતનાં આ સમયના શિખરો ઊભી સળંગ રેખાઓથી ચોરસ મજલાવાળો ઘાટ વિકસ્યો. જે આગળ જતાં નાગર શિખર શૈલીનો ભાગ બન્યું.



*ચિત્ર-૪.ઉત્તર ભારતનાં નગર શૈલીનાં મંદિર શિખરો.*

*આમ, આ સમયમાં નાગર, દ્રવિડ અને વેસળ શૈલીનો પ્રારંભિક સ્થાપત્ય વિકાસ નજરે પડે છે. નાગર શૈલીનાં શિખરનો પાદુર્ભાવ ગુપ્તકાલીન દેવગઢના દશાવતાર મંદિર તથા ભીતરગાંવના ઈંટેરી મંદિરથી થયો. જ્યારે તેનો સ્પષ્ટ પ્રારંભ સાતમી સદીના નાચના કુઠારાના મહાદેવ-દેવાલય તથા સિરપુરના લક્ષ્મણ મંદિરમાં જોઈ શકાય છે. ગુજરાતમાં પણ આ શૈલીનાં મંદિરો નિર્માણ પામ્યાં. દ્રવિડ શૈલીનાં મંદિર બાદામીમાં છે. મહાક્ટેશ્વર, મલેગિત્તિ-શિવાલયમાં દ્રવિડ શૈલીનાં શિખરનો પાદુર્ભાવ અને વિકાસ જોઈ શકાય છે.*

*ચાલુક્યોની રાજધાની પટ્ટદકલ ખસેડાતાં ત્યાં સાતમી-આઠમી સદીમાં ઘણાં મંદિરો નિર્માણ પામ્યાં. અહી દશ દેવાલયોમાંથી ચાર નાગર શૈલી અને છ દ્રવિડ શૈલીનાં છે. અહી નાગર શૈલીના શિખરનું રેખાન્વિત સ્વરૂપ વિકસ્યું. અહીના દ્રવિડ શૈલીનાં મંદિરોમાં વિરૂપાક્ષ મંદિર નોંધપાત્ર છે.*

*પલ્લવ નરેશ નરસિંહવર્મા પ્રથમના મૃત્યુ પછી પલ્લવ રાજ્યમાં ચણતરી સ્થાપત્ય પ્રચલિત બન્યું. જેમાં નરસિંહવર્મા દ્વિતીય (ઈ.સ. 695-722) ના સમયમાં મામલ્લપુરના સમુદ્ર કિનારે શિવાલય બંધાયું. જેમાં ઘડેલા પથ્થરોનો ઉપયોગ કરી દ્રવિડ શૈલીનું મંદિર બાંધવામાં આવ્યું છે. પલ્લવ રાજધાની કાંચીપુરમાં કૈલાસનાથ શિવાલય બંધાયું. પછીથી તેના કરતાં પણ વિશાળ એવું વૈકુંઠ પેરૂમલ મંદિર બંધાયું. આમ, આ સમયમાં દ્રવિડ શૈલીનાં પલ્લવ રાજ્યમાં મોટાં અને ભવ્ય મંદિરો બંધાયાં. વામન અને આદિનાથનાં મંદિરમાં ગર્ભગૃહ સપ્તરથ માન ધરાવે છે. કેટલાંક મંદિરમાં ચાર ખૂણે નાનાં મંદિર કરીને પંચાયત સ્વરૂપ આપેલું જોવા મળે છે. શૈવ મંદિરોમાં કંદારિયા મહાદેવ મંદિર અને વિશ્વનાથ મંદિરોમાં સ્થાપત્ય સુવિકસિત તથા પંચાયતન પ્રકારનાં છે. રાજસ્થાનમાં ૮મી સદીમાં કેટલાંક નાગર શૈલીનાં મંદિરો બંધાયાં. જોધપુર નજીક ૮મી-૯મી સદીમાં બ્રાહ્મણ મંદિરો બંધાયાં જે પંચાયતન પ્રકારનાં છે. શિખરમાં ઓરિસ્સા શૈલીની અસર જણાય છે. તો અહીનાં સૂર્યમંદિર અને અન્ય મંદિરોમાં મધ્યપ્રદેશ જેવી સમાનતા ધરાવે છે. પછીથી નિર્માણ પામેલાં મંદિરોમાં સ્થાનિક સ્થાપત્ય શૈલી વિકસી. મારવાડના કિરાડુંનું વિષ્ણું મંદિર પ્રાચીન છે. તો સોમનાથ મંદિર મોટું છે.*

*ગુજરાતમાં સૌરાષ્ટ્રમાં અગાઉ વિવિધ સ્થળે પિરામિડ આકારનું છાવણવાળું 'છાદ્ય પ્રાસાદ' સ્થાપત્ય-સ્વરૂપ પ્રચલનમાં હતું. સમચોરસ ગર્ભગૃહ, ઢાંકેલો પ્રદક્ષિણાપથ, મંડપ, મુખમંડપ, શિખર વગેરે લક્ષણો અહી જોવા મળે છે. સમય જતાં તેમાં પરિવર્તનો આવ્યાં. છાદ્ય વચ્ચે ગોળ ધારી ખૂણા, ચૈત્યબારી અને શિખરમાં ઊર્ધ્વ-છાદ્યો ઉમેરાયાં અને ઊભી સળંગ રેખાઓનું પ્રચલન વધ્યું. અને એમ અહી શિખરમાં,*

આમલકમાં નાગર શૈલીએ શિખર ઘડાયું. સાબરકાંઠા જિલ્લામાં રોડા ગામે પ્રાચીન મંદિરમાં નાગર શૈલી શિખરનો પ્રારંભિક ઢાંચો જોઈ શકાય છે. તો અહી શામળાજીનાં જુનાં મંદિરમાં નાગર શિખરનું વિકસિત સ્વરૂપ જોવા મળે છે. ઉપરાંત સંડેર(પાટણ) અને રાણકદેવી મંદિર (વઢવાણ)માં આ શૈલીનો વિકાસ નજરે પડે છે.

**17.3.3 પ્રાચીનકાલના અંતિમ તબક્કાનું સ્થાપત્ય.(ઈ.સ.1001 થી ઈ.સ.1200)**

આ સમયમાં ગુજરાતમાં સોલંકી કાળમાં નાગર શૈલીનું પ્રાદેશિક સ્વરૂપ પૂર્ણ રીતે વિકસ્યું. ચોરસ તલમાનવાળું ગર્ભગૃહ, મંડપ અને પ્રક્ષેપ કાઢીને, એક નાસિક, ત્રિનાસિક, પંચનાસિક, સપ્તનાસિક વગેરે તથા બારસાખમાં પણ એક થી વધુ પ્રક્ષેપ કાઢીને ત્રિશાખા,પંચશાખા, સપ્તશાખા વગેરે સ્વરૂપ આ શૈલીનાં લક્ષણો છે. કેટલાંક મંદિરોમાં અંતરાલ, મુખમંડપ, પ્રદક્ષિણા-પથ, ગોખલા ઉમેરવામાં આવતા. પ્રદક્ષિણા પથવાળા મંદિરને 'સાન્ધાર પ્રાસાદ' કહે છે. ઉપરાંત કેટલીકવાર ગૂઢમંડપ, તોરણ, કુંડ કરવામાં આવતા. સોલંકીકાળનાં મંદિરમાં શિખર બે પ્રકારનાં વિકસ્યાં. એમાં એક શૃંગી શિખર અને અનેક શૃંગી શિખર. સ્તંભોવાળાં મંડપ આ મંદિરોમાં મહત્ત્વના છે. મોઢેરાનું સૂર્યમંદિર (ઈ.સ. 1022-1066) તથા આબુ-દેલવાડાનું આદિનાથ મંદિરમાં મંદિર સ્થાપત્યની ચૌલુક્ય શૈલીનું વિકસિત સ્વરૂપ જોઈ શકાય છે. સૂણક ગામ (સિદ્ધપુર) ના નીલકંઠ મહાદેવના મંદિરમાં સોલંકી મંદિર સ્થાપત્યનું પ્રારંભિક સ્વરૂપ છે. દેલમાલ (ચાણસ્મા)નું સૂર્યમંદિર તથા લક્ષ્મીનારાયણ મંદિર આ શૈલીના સુંદર નાના મંદિર છે. 'દ્વિપુરુષ પ્રાસાદ' અને ત્રિપુરુષ પ્રાસાદ વાળા મજિયારા મંડપવાળું મંદિર પણ મળે છે. મોઢેરાનું સૂર્યમંદિર આ સમયમાં બંધાયેલું નાગર શૈલીનું પ્રાદેશિક સોલંકી શૈલીનું છે. ગર્ભગૃહ સાન્ધાર પ્રકાર(પ્રદક્ષિણાપથવાળું), ગૂઢ મંડપ, કલાત્મક સ્તંભો, ચારે બાજુ પ્રવેશદ્વાર, કીર્તિતોરણ, લંબચોરસ કુંડ વગેરે પ્રાદેશિક સોલંકી શૈલીનાં લક્ષણો ધરાવે છે. ભીમદેવના દંડનાયક વિમલ મંત્રીએ ઈ.સ.1032માં આબુ દેલવાડામાં આદિનાથનું જિનાલય બંધાવ્યું. જેમાં ગર્ભગૃહ અને ગૂઢમંડપ મુખ્ય ભાગ છે. કુંભારિયાનાં જિનાલયો આ સમયે બંધાયાં. ત્રિનેત્રેશ્વરનું જીર્ણ મંદિર (સુરેન્દ્રનગર) શૃંગો અને ઉરઃશૃંગોવાળું શિખર ધરાવે છે. ગૂઢમંડપ, મુખમંડપ, કુંડ વગેરે તે ધરાવે છે. સોમનાથ(પ્રભાસ-જૂનાગઢ)નું મંદિર ભીમદેવે નવું કરાવ્યુ હતું. જેનો સમયાંતરે જીર્ણોદ્ધાર થતો રહ્યો. લાખેશ્વર(ભૂજ), કચ્છનાં કોટાય, કંથકોટનાં મંદિરો નાગર શૈલીનાં જીર્ણ મંદિર છે. જળાશય સ્થાપત્યમાં પાટણની રાણકી વાવ, સહસ્ત્રલિંગ સરોવર, માનસર(વિરમગામ), મલાવ(ધોળકા) મુખ્ય છે. મંદિર સ્થાપત્યમાં મંજલ(નખત્રાણા) પાસેનું શિવાલય, કુંભારિયાનું શાંતિનાથ મંદિર, સિદ્ધપુરનો રુદ્રમાળ દેવાલય વગેરે તથા તોરણોમાં કીર્તિતોરણ(વડનગર), કપડવંજ(ખેડા),ઘૂમલી વગેરે, કિલ્લાઓમાં ડભોઈ, ઝીંઝુવાડાના કિલ્લા વગેરે આ સમયના છે.ગિરનારમાં નેમિનાથનાં લાકડાના મંદિરને સ્થાને સૌરાષ્ટ્રના દંડનાયક સજ્જન મંત્રીએ ઈ.સ. 1129માં પથ્થરનું જિનાલય બંધાવ્યું તેનો, અને ઘૂમલી અને સેજકપુરનાં નવલખા મંદિરના પ્રાસાદ સાન્ધાર પ્રકારના છે. કુમારપાલના સમયમાં ઘણાં મંદિર બંધાયાં હતાં. જેમાંથી અત્યારે હયાત એવાં તારંગાનું અજિતનાથ મંદિર,

ગિરનારનું 'કુમારવિહાર'નાં દેરાસરો,શત્રુંજયનું આદિનાથ જિનાલય, કુંભારિયાનું નેમિનાથ મુખ્ય છે. વીરધવલ મંત્રી વસ્તુપાલે ગિરનાર પર વસ્તુપાલ-વિહાર(ત્રિપુરુષ પ્રાસાદ પ્રકાર) અને આબુ પર લૂણવસહિ આ સમયમાં બંધાયાં.તેજપાલ આબુ-દેલવાડામાં બંધાયેલ નેમિનાથ ચૈત્ય સ્તંભો તથા છતો પરની સુંદર શિલ્પસમૃદ્ધિ માટે જાણીતાં છે. સોલંકીકાળની આ સ્થાપત્ય શૈલી ઘણા પરિવર્તનો સાથે આજ સુધી ગુજરાતમાં છે.

આ સમયમાં દખ્ખણમાં સોલંકી શૈલી અને દક્ષિણી ચાલુક્ય શૈલીના સંયોગથી મંદિર સ્થાપત્યની નવી શૈલી આકાર પામી. અહીનાં પ્રાપ્ત મંદિરો ૧૦મી સદીનાં ને નાના કદનાં છે. અમરનાથનું મંદિર(થાણા) ઈ.સ. ૧૦૬૦માં બંધાયું. તેના ગર્ભગૃહ, ત્રિકમંડપ, શિખર સંવરણાની રચનામાં પ્રાદેશિક દખ્ખણ શૈલી જોઈ શકાય છે. ખાનદેશના બલરણે ગામમાં કેટલાંક મંદિર ઉપરાંત નાસિક જિલ્લાનાં સિન્નારનું ગોંડેશ્વર મંદિર,ઝોગડાનું માંકેશ્વર મંદિર તથા રતનવાડી(અહમદનગર)નું અમૃતેશ્વર શૈવ મંદિર પંચાયતન પ્રકારનાં છે. 13મી સદીથી આ દખ્ખણ શૈલી લુપ્ત થવા લાગી.

ઉત્તર ભારતના ગંગા-યમુના પ્રદેશમાં પ્રાચીન મંદિરો મોટાં ભાગે મુસ્લિમ વિજેતાઓએ નષ્ટ કર્યા છે. ઉત્તર પંજાબના પ્રાચીન મંદિરો ગંધાર શૈલીએ બંધાયાં છે. જે કાશ્મીર શૈલી સમાન છે. કાશ્મીરમાં શંકરાચાર્ય મંદિર અને નરસ્તાનના મંદિરમાં કાશ્મીરની પ્રાદેશિક શૈલીનો ઉત્તરોત્તર વિકાસ જોઈ શકાય છે. 8મી-9મી સદીમાં આ શૈલીનો સર્વોચ્ચ વિકાસ થયો. માર્તંડ(સૂર્ય) મંદિર, અવંતિપુર(૯મી સદી,અવંતિવર્મા)નાં અવંતિશ્વર અને અવંતિસ્વામી(વિષ્ણું) મંદિરમાં પ્રાદેશિક શૈલીનો વિકાસ નોંધપાત્ર છે. આ મંદિર પંચાયતન પ્રકારનું છે સાથે ભારતીય-ગ્રીક શૈલી(ગંધાર શૈલી)ની અસર સૂર્ય મંદિરમાં છે. પઠનમાં આવેલાં શંકરગૌરીશ્વર અને સુગન્ધેશ મંદિરો આ શૈલીનાં છે. હિમાચલપ્રદેશનાં પ્રાચીન મંદિરો નાગર શૈલીએ બંધાયેલાં છે. પશ્ચિમ બંગાળમાં નાગર શૈલીનાં કેટલાંક મંદિરો સચવાયાં છે. સિદ્ધેશ્વર મંદિર(બહુલારા,જિ.બાનકુરા) ૧૦-૧૧મી સદીનું નાગર શૈલીનું છે. જટાર દેઉલ(સુંદરબન)નું ઈંટેરી મંદિર પ્રાચીન નાગર શૈલીનો સુંદર નમૂનો છે. બંગાળનાં પ્રાચીન મંદિરોમાં ઓરિસ્સા શૈલીની સામ્યતા છે.

વિન્ધ્ય અને કૃષ્ણા નદી વચ્ચે 11-12મી સદીમાં નાગર શૈલી અને દ્રવિડ શૈલીના મિશ્રણવાળી ચાલુક્ય શૈલી કે 'વેસર' શૈલી વિકાસ પામી. જેનો વિકાસ કર્ણાટકમાં વિશેષ થયો. ૧૨મી સદીમાં ચાલુક્યોના અસ્ત અને હોયસાળ રાજ્યના ઉત્થાન સમયે આ શૈલી વિકસી. તેથી તેને ચાલુક્ય-હોયસાળ શૈલીથી પણ ઓળખવામાં આવે છે. આ શૈલીનાં મંદિરોમાં ગર્ભગૃહ અને મંડપ અને તે બંનેની વચ્ચે અંતરાલ મુખ્ય હોય છે. અંતરાલણે 'શુકનાસી' તથા મંડપને 'નવરંગ' કહેવામાં આવે છે. એકલ મંદિરો તો ક્યારેક વધુ મંદિરોનું સંયોજન કરેલું જોવા મળે છે. પ્રાસાદણે ફરતો પ્રદક્ષિણાપથ, તારાકાર તલમાન, વચ્ચેના પ્રક્ષેપો સીધા એ તેનાં લક્ષણો છે. આ સમયના મંદિર નક્કર પથ્થરથી બંધાયાં છે. જે શિલ્પકામ માટે અનુકૂળ રહે છે. શિખર દ્રાવિડ શૈલીનાં, ઓછી ઊંચાઈ અને તેના ગોખલામાં નાગર શૈલીનું તત્ત્વ ઉમેરાયાં છે. દીવાલો અને સ્તંભો શિલ્પસમૃદ્ધિથી સભર

*છે. કલ્લેશ્વર મંદિર(હૈદરાબાદ), લક્કુંડીનું જૈન જિનાલય, મુક્તેશ્વર મંદિર, સોમેશ્વર મંદિર જેવાં ધારવાડ જિલ્લાનાં મંદિરોમાં ચાલુક્ય શૈલીનો વિકાસ થયો. વળી, બારમી સદીના લક્કુંડીના કાશી વિશ્વેશ્વર મંદિરમાં ચાલુક્ય શૈલીનો ઉત્કૃષ્ટ વિકાસ જોવા મળે છે. અહીનાં બધાં મંદિરો શિલ્પ સભર છે. બેલારી અને ધારવાડનાં મંદિરોમાં વિકસિત ચાલુક્ય શૈલી સાથે હોયસાળ શૈલીનાં પગરણ નજરે પડે છે. હોયસાળ રાજ્યમાં ચાલુક્ય શૈલી સર્વોચ્ચ સ્થાને પહોંચી. હોયસાળ શૈલીમાં સ્થાપત્ય ગૌણ છે જ્યારે તેના સ્થાને શિલ્પકલા પ્રાધાન્ય ધરાવે છે. પ્રત્યેક મંદિરમાં ગર્ભગૃહ,અંતરાલ, નવરંગ(મંડપ), નંદીમંડપ, પ્રચુર શિલ્પોથી સુશોભિત છે. ચેન્ન કેશવ મંદિર(બેલુર), સોમનાથપુરનું કેશવ મંદિર, દ્વારસમુદ્ર(હળેબીડ)નું હોયસાળેશ્વર મંદિર એ ત્રણ મંદિર આ શૈલીનાં છે. હોયસાળેશ્વર મંદિરનું ગર્ભગૃહ અષ્ટભદ્ર માનનું છે. જેમાં સૂક્ષ્મ શિલ્પકલાની સમૃદ્ધિ ઠાલવેલી જોવા મળે છે.*

*આઠમી સદીમાં પલ્લવોની સત્તાનો હ્રાસ થતાં અહીની પ્રાદેશિક સ્થાપત્ય શૈલી અટકી. તે પછી કાંચીપુરમ અને અન્ય સ્થળોએ રાજસિંહ શૈલીનાં મંદિર બંધાયાં. પલ્લવ પછી સત્તા પર આવેલ ચોળ રાજ્યમાં દ્રાવિડ શૈલી વિશિષ્ટ લક્ષણો સાથે વિકસી. તેમાં ચોળ સમયની નાગર શૈલીનો પ્રારંભ નાનાં પલ્લવ શૈલીનાં મંદિરમાં થયો. ચોળ નરેશ રાજરાજે ઈ.સ.* 1000 *આસપાસ રાજધાની તાંજોરમાં બૃહદીશ્વર(રાજરાજેશ્વર)નું દક્ષિણ ભારતનું સૌથી મોટું શિવ મંદિર બંધાવ્યું. જે દ્રાવિડ શૈલીનો ઉત્કૃષ્ટ નમૂનો છે. ઊંચા શિખરવાળું ગર્ભગૃહ, મંડપ, મુખ્યમંડપ, નંદીમંડપ, ગોખલા, આડા મજલાનું ઊંચા પિરામિડ આકારનું શિખર તેનાં મુખ્ય લક્ષણો ધરાવતું વાસ્તુકલાનું સર્વશ્રેષ્ઠ મહામંદિર છે. આવું જ એક મહા મંદિર રાજેન્દ્ર ચોળે ઈ.સ.* 1025 *આસપાસ નવી રાજધાની ગંગાઈ કોડચોળપુરમમાં બંધાવ્યું. તે પણ દ્રાવિડ શૈલીનો ઉત્કૃષ્ટ નમૂનો છે. પાંડય રાજ્ય ૧૨મી સદીમાં અભ્યુદય પામ્યું. ત્યાં પણ દ્રાવિડ શૈલીના સ્થાપત્યનો, શિલ્પોનો ભારે વિકાસ થયો. પાંડય રાજ્યમાં દ્રાવિડ શૈલીના સ્થાપત્યમાં સૂક્ષ્મતા અને મૌલિકતા વધુ વિકાસ પામી. આમ, આ સમયના સ્થાપત્યમાં નાગર શૈલી, વેસર શૈલી, દ્રાવિડ શૈલીનાં સ્થાપત્ય વિકસ્યાં. જેમાં નાગર, દુર્ગ, રાજપ્રાસાદ, સરોવર, કુંડ, વાવ વગેરે જેવાં સ્થાપત્યનો પણ વિકાસ થયો. જેના અલ્પ નમૂના સચવાયેલ પ્રાપ્ત થાય છે.*

### 17.3.4 સલ્તનતકાલીન સ્થાપત્ય.(ઈ.સ.1201 થી ઈ.સ.1526)

*આ સમયગાળામાં ભારતમાં મુસ્લિમ શાસન સ્થપાતાં ઉત્તર ભારતમાં હિંદુ સ્થાપત્ય લગભગ બંધ થયું. વળી, મુસ્લિમ રાજ્યોમાં રાજ્ય તરફથી હિંદુ સ્થાપત્યને પ્રોત્સાહન બંધ થયું. તેમ છતાં ૧૩મી સદી સુધીમાં જ્યાં હિંદુ રાજ્ય હતાં ત્યાં રાજ્યાશ્રયે અદ્દભુત મંદિરો બંધાયાં. જેમાં ઓરિસ્સા, ગુજરાત, દક્ષિણમાં પાંડય, વિજયનગરમાં મંદિર સ્થાપત્ય વિકસતું રહ્યું. આ સમયના મંદિરો પૂર્વકાલની સ્થાનિક પ્રાદેશિક શૈલીમાં રચાયાં. આ સમયના ઓરિસ્સામાં નાગર શૈલીની ઓરિસ્સા શૈલીમાં ગંગવંશના રાજા નરસિંહ પ્રથમે (ઈ.સ.* 1238-64*) બંધાવેલ કોણાર્કનું સૂર્ય મંદિર નોંધપાત્ર છે. હાલ માત્ર*

તેનું જગમોહન સુરક્ષિત છે. તેના ભગ્ન અવશેષો પરથી તે ભવ્ય અને આયોજનપૂર્વક બંધાયું હશે તેવું લાગે છે. ગુજરાતમાં વસ્તુપાલ-તેજપાલે 13મી સદીમાં જિનાલયો કરાવ્યાં હતાં. જેનો ઉલ્લેખ આગળ આવી ગયો છે. જૈનેતર મંદિરોમાં દેરોલ(સાબરકાંઠા)નો બ્રહ્મા, વિષ્ણું, મહેશનો ત્રિપુરુષ-પ્રસાદ, ડભોઈનું વૈદ્યનાથનું મંદિર, વેરાવળ, કચ્છ, ઘિણોજ(મહેસાણા) અને વઢવાણનાં પ્રાચીન મંદિરો આ સમયમાં બંધાયાં છે.

અલાઉદ્દીનનાં સૈન્યે 14મી સદીનાં પ્રારંભે ગુજરાત પર આક્રમણ કર્યું તેમાં ઘણાં ખ્યાતનામ મંદિરો નષ્ટ થયાં. તેમ છતાં ગુજરાતમાં સ્થપાયેલી મુસ્લિમ સત્તાના સુબા આલમખાને શત્રુંજયના મંદિરોના જીર્ણોદ્ધાર વાસ્તે મંજૂરી આપી ઉદાર નીતિ અપનાવી. તેથી 14મી અને 15મી સદીમાં ઘણાં મંદિરોનો જીર્ણોદ્ધાર થયો તો કેટલાંક નવાં બંધાયાં. આબુ પર અચલેશ્વરનું મંદિર, પ્રભાસ પાટણનું સૂર્યમંદિર, થાનનું સૂર્યમંદિર, સરોત્રાનું(બનાસકાંઠા) બાવનધજા જિનાલય ૧૪મી સદીનાં ચૌલુક્ય શૈલીનાં મંદિરો છે. દેલવાડાનું પિત્તલહર આદિનાથ જિનાલય, પોશીનાનાં દેરાસરો, નીલકંઠ મહાદેવ મંદિર, ભેટાલી(શામળાજી)નું પંચાયતન શૈવમંદિર, ગિરનાર પરનું અંબાજી મંદિર, વડિયાવીર(સાબરકાંઠા)નું શિવમંદિર, પાવાગઢ પરનાં જિનાલયો, વડનગરનું હાટકેશ્વર મંદિર વગેરે ૧૫મી સદીના ચૌલુક્ય શૈલીનું અનુકરણ જોવા મળે છે.

રાજસ્થાનમાં રાણકપુરમાં આ સમયમાં ઈ.સ.1440માં જૈન મંદિર બંધાયાં. તે 'ત્રેલોક્ય દીપક' નામે જાણીતાં છે. ચતુર્મુખ પ્રાસાદ, મંડપો, અસંખ્ય સ્તંભો, શિખરો, દેવમૂર્તિઓ, ગર્ભગૃહ અને તેને ચાર દ્વાર વગેરે જેવાં લક્ષણોને લઈને મંદિર ઉત્કૃષ્ટ લાગે છે. દખ્ખણી શૈલીમાં 13મી સદીમાં મહારાષ્ટ્રમાં કેટલાંક મંદિરો બંધાયાં. જેમાં નાગનાથ મંદિર(ચૌંધ જિલ્લો), દૈત્યસૂદનમંદિર(વરાડ), વિષ્ણું મંદિર (સતગાંવ) મહત્ત્વનાં ગણાવી શકાય. માયસોરમાં 13મી સદીમાં હોયસાળ શૈલીવાળાંમંદિર બંધાયાં.


ચોળ રાજ્યના હ્રાસ પછી દક્ષિણમાં પાંડ્યો સત્તા પર આવ્યા. 13મી સદીમાં શરૂઆતના પાંચ દશકોમાં પાંડય રાજાઓએ મંદિર સ્થાપત્યને પ્રોત્સાહન આપ્યું. પુરોગામી પલ્લવ અને ચોળ સ્થાપત્યની કલા શૈલીનાં સંયોગથી અહી જે નવી શૈલી વિકસી તે પાંડય શૈલીથી ઓળખાઈ. ચોળશૈલીમાં શિખરને મહત્ત્વ અપાતું એ આ શૈલીમાં પ્રવેશદ્વાર (ગોપુરમ)ને અપાવા લાગ્યું. કલાત્મક શિખરને બદલે મંદિર આસપાસ ગોપુરો કાઢી તેને સંપૂર્ણ શિલ્પસમૃદ્ધ કરવામાં આવતાં. કેટલેક ઠેકાણે તો ગોપુરમ શિખરને પણ ઢાંકી દે એટલાં ઊંચાં છે. ગોપુરમ નીચે ચોરસ અને ઉપર જતાં પિરામિડ આકાર ધરાવે છે. આવાં ગોપુરમવાળાં મંદિરોમાં શ્રીરંગમ, ચિદંબરમ, કુંભકોણમ(તાંજોર), તિરુવન્નમલાઈ(આરકોટ)માં આવેલાં છે. ગોપુરમનો ઉત્તમ નમૂનો ચિદંબરમ મંદિરમાં જોવા મળે છે.

વિજયનગરમાં પણ ઈ.સ.1350 થી 1565ના સમય દરમિયાન સ્થાપત્યની નવી શૈલી વિકસી. કૃષ્ણદેવરાયના સમયમાં સ્થાપત્યકલાનો સારો વિકાસ થયો. વિજયનગરની સ્થાપત્ય શૈલીમાં કલાત્મક સ્તંભો ખાસ વિશેષતા ધરાવે છે. ઉપરાંત ગર્ભગૃહ, સભામંડપ, કલ્યાણમંડપ, અમ્મા મંદિર વગેરે લક્ષણો પણ ધરાવે છે. બેલુરના મંદિર એકાગ્રનાથનું

મંદિર(કાંજીવરમ), હમ્પીના વિઠ્ઠલ મંદિર તથા હજારા રામ મંદિર વગેરે વિજયનગર શૈલીનાં ઉત્તમ મંદિરો છે. ઉપરાંત મંદિરો ભગ્નાવશેષો સ્વરૂપે મળે છે. તેમ છતાં તેના અભ્યાસથી તેમની ભવ્યતાનો ખ્યાલ આવે છે.

મુસ્લિમ સત્તા સ્થપાતાં હિંદુ અને મુસ્લિમ કલાઓનો સમય જતાં સમન્વય થયો. સ્થાપત્યકલામાં આ સમન્વયથી ભારતીય મુસ્લિમ સ્થાપત્યકલાનો વિકાસ થયો. મુસ્લિમ વિજેતાઓ પાસે શિલ્પીઓનો અભાવ હતો. તેથી ભારતીય શિલ્પીઓથી કામ લીધું. અપુરતી સાધન-સામગ્રીને કારણે તેમણે હિંદુ મંદિરોને મસ્જિદમાં ફેરવી. મસ્જિદ, ઈદગાહ, મકબરો(દરગાહ) તથા રોજો મુસ્લિમ સ્થાપત્યનાં મુખ્ય પ્રકારો છે. મુસ્લિમો મધ્યએશિયામાં વિકસેલી એ સ્થાપત્યકલાને ભારતમાં લાવ્યા.મસ્જિદ એ મુસ્લિમ સ્થાપત્યનો મહત્ત્વનો પ્રકાર છે. લીવાન(મંડપ), મહેરાબ(ગોખ, મક્કાની દિશામાં પશ્ચિમ દિશામાં), મિમ્બર(નમાઝ પઢાવવાની વ્યાસપીઠ), લીવાન સામે મોટો ખુલ્લો 'શાન'(ચોક), હોજ, મિનારો(નમાઝની જાહેરાત માટે બાંગ માટે) તેનાં મુખ્ય અંગો છે. ઈદ સમયની નમાઝ માટે મુસ્લિમ વિસ્તારમાં 'ઈદગાહ' હોય છે. જેમાં પશ્ચિમ દિશામાં મક્કા તરફ મહેરાબ કે સાદી દીવાલ અને તેને મિમ્બર હોય છે. મહેરાબની સામે નમાઝ માટે ખુલ્લી જગ્યા રાખવામાં આવે છે. ખ્યાતનામ વ્યક્તિઓ, ઓલિયાઓ અને મુસ્લિમ સંતોની કબર પર ઈમારત કરવામાં આવતી. જેને 'મકબરો' કે 'દરગાહ' કહેવામાં આવે છે. મસ્જિદ સાથે મકબરો હોય તો તે સ્થાપત્ય 'રોજો' કહેવાય છે. મહેરાબ(કમાન), મસ્જિદ તથા મકબરા પર ઘુંમટ, મિનારા, ધનુષાકાર છતો, દીવાલોમાં નાના-મોટા ગોખલા, ક્યાંક ભોયરાં(તહખાનાં), હજુરો(કોટડી), ઊંચાં મજબૂત સ્તંભો, સાદાઈ, દરવાજા પર કુરાનની આયાતોની કોતરણી વગેરે મુસ્લિમ સ્થાપત્યનાં વિશિષ્ટ લક્ષણો છે. તેમાં હિંદુ સ્થાપત્યનાં કેટલાંક તત્ત્વોનો સમન્વય થયો. જેવાં કે, સુશોભનો, વિવિધ રંગના પથ્થરોનો ઉપયોગ, ઘુંમટ પરનો કળશ, મહેરાબોની કોતરણીમાં, દરવાજા, બારસાખ તથા સ્તંભો પર હિંદુ રૂપાંકનો વગેરે મુસ્લિમ ઈમારતોમાં પ્રયોજાયાં. વળી, પ્રાદેશિક પ્રાંતોમાંના મુસ્લિમ સ્થાપત્યમાં તો સ્થાનિક હિંદુ કલા શૈલીનો સ્પષ્ટ પ્રભાવ જોવા મળે છે. દિલ્હીના કુતુબમિનારથી શરુ કરી ઈ.સ.૧૬૫૬ સુધીના લાંબા કાળમાં આ ભારતીય મુસ્લિમ સ્થાપત્ય કલાનો વિકાસ થયો. જેમાં ગુલામ તથા ખિલજી વંશ, તુઘલક વંશ, સૈયદ વંશ તથા લોદી વંશ અને શાહજહાં સુધીનો મુઘલ વંશ એમ ચાર યુગોમાં તેનો વિકાસ થતો રહ્યો છે. ગુલામવંશની મુસ્લિમ સ્થાપત્યમાં કેટલીક વિશિષ્ટતાઓ નજરે પડે છે. આ સમયના હિંદુ મંદિરોને મસ્જિદમાં ફેરવેલી છે. તેથી હિંદુ લક્ષણો તેમાં છે. ઉપરાંત તેમાં નાના હજુરા, ઓરડા, ચાર દિશામાં મિનારા, ઘુંમટ પર સોને મઢેલ પિત્તળ કળશ, મહેરાબ, સાદા, અલ્પ સુશોભન વગેરે અંગોને લીધે ગુલામ વંશનું સ્થાપત્ય સાદું તથા મનોહર દેખાય છે. મંદિરોમાંથી મસ્જિદ બનાવેલી ઈમારતોમાં દિલ્હીની 'કુવ્વત-ઉલ-ઈસ્લામ મસ્જિદ'(જુઓ ચિત્ર-5), અજમેરની 'ઢાઈ દિનકા ઝોંપડા' પ્રસિદ્ધ છે. કુતુબુદ્દીને ઉપરોક્ત મસ્જિદો ઉપરાંત દિલ્હીમાં 'કુતુબ મિનાર' બંધાવવાનું શરુ કર્યું. જે તેના જમાઈ સુલતાન ઈલ્તુત્મિશે પૂર્ણ કરાવેલું. તથા ઉપર જણાવેલી બંને મસ્જિદોનો વિસ્તાર કરાવ્યો

*હતો. ઈલ્તુત્મિશે 'શમ્સી મસ્જિદ', પુત્ર નાસિરુદ્દીનની કબર પર કરાવેલ 'સુલતાન ગઢી' મકબરો, 'શમ્સી ઈદગાહ' તથા 'હૌજે શમ્સી' બંધાવ્યાં. સુલતાન બલબને બંધાવેલ લાલ મહેલ સુંદર ઈમારતો છે.*



**ચિત્ર-પ. કુવ્વતુલ મસ્જિદ.**

*અલાઉદ્દીન ખિલજીએ ઘણી ઈમારતો કરાવી હતી. જે ગુલામવંશની ઈમારતોથી થોડીક અલગ પડે છે. ઊંચાઈમાં વૃદ્ધિ, મસ્જિદના ઓરડા, હજુરા, રવેશની વિશાળતા, ઘુંમટના કળશ નાના, અલ્પ સુશોભન અને સાદાઈ તેનાં લક્ષણો છે. અલાઉદ્દીને સીરીનો કિલ્લો અને તેમાં હજાર સ્તંભોવાળું 'હજાર સિતૂન' રાજમહેલ, 'અલાઈ દરવાજો', જમાયતખાના મસ્જિદ, હૌજેખાસ જળાશયો સુપ્રસિદ્ધ છે. તુઘલક કાળમાં મુસ્લિમ સ્થાપત્યનું બીજું ચરણ જોવા મળે છે. આ વંશના સુલતાનો ચુસ્ત મુસ્લિમો હતા અને તેથી આ કાલના મુસ્લિમ સ્થાપત્યમાં સાદગી, કર્કશતા તથા સુંદરતાનો અભાવ તથા સ્થાપત્યમાં પડતી આવેલ જોવા મળે છે. સુલતાન ગ્યાસુદ્દીને દિલ્હી નજીક તુઘલુકાબાદ નગર વસાવ્યું અને 'છપ્પન કોટ' કિલ્લો બંધાવ્યો. જ્યારે મુહમ્મદ તુઘલકે દિલ્હી નજીક જહાંપનાહ નગર, દેવગિરિ નજીક દૌલતાબાદ નગર વસાવી અન્ય ઈમારતોથી તેને આબાદ કર્યું હતું. ઉપરાંત તેણે દિલ્હીમાં 'દારેસરા ભવન' અને 'ચિરાગ-એ-દેહલી' મસ્જિદ પણ બંધાવી હતી. ફિરોઝશાહ તુઘલક કલાપ્રેમી હોઈ અનેક ઈમારતો બંધાવી. માલિક ગાઝી સહના અને અબ્દુલ નેક જેવા બાંધકામ વિભાગના અધિકારીઓ તે માટે તેણે રોક્યા હતા. તેના સમયમાં દિલ્હીની અનેક મસ્જિદો, મકબરા અને જળાશયોનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. ઉપરાંત અનેક બંધો, મસ્જિદો, મદરેસાઓ, મકતબો, રાજભવનો, સરાઈઓ, નગરો, જળાશયો, દવાખાનાં, સ્નાનાગારો, મકબરા, સ્તંભ, કૂવા વગેરે નવાં બંધાવ્યાં હતાં. આમ, સાર્વજનિક સ્થાપત્ય ક્ષેત્રે કામ કરી પ્રજાની સુખાકારીમાં અભિવૃદ્ધિ કરી હતી. તેણે વસાવેલાં મોટાં નગરોમાં ફિરોઝાબાદ, ફતેહાબાદ, જૌનપુર, હિસાર ફિરોઝપુર પ્રમુખ છે. અંબાલા પ્રાંતમાંથી અશોકનો સ્તંભ લાવી ફિરોઝાબાદમાં ઊભો કરાવ્યો. તેણે રાજધાની દિલ્હીમાં અનેક મસ્જિદો બંધાવી હતી. જેમાં કાલી મસ્જિદ, બેગમપુરી મસ્જિદ, ખિડકી મસ્જિદ, કલાન મસ્જિદ મુખ્ય છે. તિલાંગનીનો મકબરો જાણીતો છે. ગ્યાસુદ્દીન બીજાના સમયમાં બંધાયેલ કબીરુદ્દીન ઔલિયાનો મકબરો 'લાલ ગુંબજ' નામથી ઓળખાય છે. ઉત્તરકાલીન તુઘલક સુલતાનો તિમુરના આક્રમણથી સ્થાપત્યને પ્રોત્સાહન આપી શક્યા*

*નહીં. તિમુર દિલ્હીના સ્થાપત્યથી પ્રભાવિત થઈ અનેક શિલ્પીઓને સમરકંદ લઈ ગયો હતો.*

*સૈયદ વંશની ઈમારતોમાં તુઘલકકાલીન કલા રહીતતાને પુનર્ જીવન કરવાનો પ્રયાસ થયો. મુબારકશાહ અને મુહમ્મદશાહના મકબરા, લાહોર મસ્જિદ ઉપરાંત અન્ય કેટલીક ઈમારતો સૈયદ સમયમાં બની. લોદીસમયમાં ભારતીય મુસ્લિમ સ્થાપત્યનું ત્રીજું ચરણ જોવા મળે છે. જેમાં ખિલજી અને તુઘલક શૈલીનું મિશ્રણ થયું. નાની પણ મજબૂત દીવાલો, તહખાના, છજાનો અભાવ, દીવાલનાં ગોખાલાની બનાવટમાં ગુલામવંશની શૈલીનું અનુકરણ, ઘુંમટોની ઉપસાવેલી કલગીઓ, કલાતત્ત્વનો અભાવ, નોંધપાત્ર મિનાકારીવાળી રંગીન તકતીઓ, સાદાઈ, થોડી સજાવટ જેવાં લક્ષણો લોદી સ્થાપત્યની વિશેષતાઓ છે. ઓછી કલાત્મકતા ધરાવતા અને પ્રમાણમાં નાના મકબરાઓમાં બડેખાનકા ગુંબદ', છોટેખાનકા ગુંબદ, બડા ગુંબદ, શિહાબુદ્દીન તાજખાનનો મકબરો, દાદીકા ગુંબદ, પોલીકા ગુંબદ પ્રમુખ છે.*

*સલ્તનતકાલીન પ્રાંતોમાં દિલ્હી જેવી મોટી ને ભવ્ય ઈમારતો બંધાઈ નથી. પરંતુ ત્યાંના સ્થાનિક હિંદુ કલાનાં તત્ત્વો ઉમેરાતાં તે નાની ઈમારતો સુંદર બની છે. મુલતાનમાં આ કાલની ઈમારતો વિદેશી મુસ્લિમ કલા શૈલીએ બંધાઈ છે. જેમાં ઊંચી પીઠ, મહેરાબદાર તોરદ્વાર, મોટા ઘુંમટ, ગોખલા, કળશયુક્ત બુરજ તેના સ્થાપત્યનાં લક્ષણો છે. હિંદુ ઈમારતોના ભગ્નાવશેષોનો તેમાં ઉપયોગ થયો હોવા છતાં હિંદુ શૈલીનો પ્રભાવ જણાતો નથી. અહીં મુલતાની શૈલીએ બંધાયેલ જુમા મસ્જિદ, શાહ યુસુફ-ઉલ-ગર્દીજીનો મકબરો, બહાઉલ હકનો મકબરો, શમ્સુદ્દીનનો મકબરો, ગ્યાસુદ્દીન તુઘલુકે બંધાવેલ રુકન-એ-આલનનો મકબરો મહત્ત્વનાં સ્થાપત્યો છે. કાશ્મીરમાં હિંદુ કલાના પ્રભાવવાળી કાશ્મીરી શૈલીએ બંધાયેલ ઈમારતોમાં શ્રીનગરની જામા મસ્જિદ, મન્દનિકા મકબરા તથા શાહ હમદાન મસ્જિદ જાણીતી છે.*

*બંગાળમાં 13મી સદીમાં નિર્માણ પામેલ મુસ્લિમ સ્થાપત્યમાં બોદ્ધ અને હિંદુ મંદિરોનો ધ્વંસ કરી બનાવેલ હોઈ તેમાં બોદ્ધ-હિંદુ અસર ધરાવતી મુસ્લિમ શૈલી જોવા મળે છે. અહીંના મુસ્લિમ સ્થાપત્યમાં ઈંટો, વાંસ, લાકડાં વગેરેનો ઉપયોગ સુશોભનમાં પથ્થરનો ઉપયોગ, મહેરાબોમાં કોતરણીવાળા સ્તંભો વગેરે લાક્ષણિક્તાઓ રહેલી છે. તેના સ્થાપત્યનાં સ્વરૂપ, વિન્યાસ, બાંધકામમાં હિંદુ પ્રભાવ છે. ૧૪મા-૧૫મા સૈકામાં બંગાળના સુલતાનોએ સ્થાપત્યના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો. અહીં ગૌડની'તોતિપારા મસ્જિદ', 'લોત્તન મસ્જિદ', દખ્ખિન દરવાજો', છોટા સોના મસ્જિદ, બડા સોના મસ્જિદ, કદમ રસૂલ મસ્જિદ, ફિરોઝ હુસેનશાહનો મિનારો અને મકબરો આ સમયના અગત્યનાં સ્થાપત્ય છે. ઉપરાંત સિકંદરશાહે પાંડુઆમાં બંધાવેલી અદીના મસ્જિદ ભારતની મસ્જિદોમાં શ્રેષ્ઠ છે. જે સરાઈ અને બોદ્ધ વિહારનું સ્વરૂપ ધરાવે છે. અહીં સુંદર સુશોભન ધરાવતો જલાલુદ્દીન મુહમ્મદશાહનો 'એક્લખા' નામનો મકબરો પણ પ્રસિદ્ધ છે. તો ત્રિવેણીમાં કૃષ્ણમંદિરના અવશેષોથી બનેલ ઝફરખાં ગાઝીનો મકબરો અને મસ્જિદ આવેલાં છે.*

*ગુજરાતમાં 14મી સદીમાં મુસ્લિમ સત્તા સ્થપાતાં અહીનાં હિંદુ અને જૈન દેવાલયોનો મસ્જિદ બનાવવામાં ઉપયોગ થતો રહ્યો. 15મી સદીની શરૂઆતમાં અહમદશાહે અમદાવાદ વસાવ્યું ત્યાંથી મુસ્લિમ સ્થાપત્યની વિશિષ્ટ શૈલી વિકસી. તેમ છતાં અહીના મુસ્લિમ સ્થાપત્યમાં બોદ્ધ, જૈન અને હિંદુ કલાની વિશેષ અસર જોવા મળે છે. જૈન કલાએ તેમાં વધું અસર કરી છે. તેથી જ બર્જેસે નોધ્યું છે કે, "જૈન સ્થાપત્યનો અભ્યાસ કર્યા વગર ગુજરાતની મુસ્લિમ કલાની વિશેષતાઓ સમજવી અસંભવિત છે". સોમપુરા શિલ્પીઓનો તેમાં વિશેષ ફાળો રહ્યો. તેથી ગુજરાતની આ મુસ્લિમ શૈલી ઉત્કૃષ્ટતા પામી છે. એ અંગે રત્નમણીરાવ જોટેએ કહ્યું છે કે, "ભરપુર અલંકાર સાથે જ સ્વચ્છ સાદાઈનો મજબૂતાઈ સાથે લાવણ્યનો જે સુમેળ ગુજરાતના મુસ્લિમ સ્થાપત્યમાં સધાયો છે એવો હિંદના અન્ય પ્રાંતના કે હિંદ બહારના દેશોના સ્થાપત્યમાં જડવો મુશ્કેલ છે." પાટણની શેખ ફરીદની દરગાહ તથા જામે મસ્જિદ, ભરૂચની જામે મસ્જિદ, ખંભાતની જામે મસ્જિદ, ધોળકાની હિલાલ કાજીની મસ્જિદ, માંગરોળની જામે મસ્જિદ, પ્રાચીન ઈમારતોના અવશેષોમાંથી નિર્માણ પામી છે. અહમદશાહના સમયમાં અમદાવાદ અને તેની આજુબાજુના વિસ્તારોમાં અનેક નમૂનેદાર ઈમારતો બંધાઈ. તેણે અમદાવાદમાં જામે મસ્જિદ બંધાવી. જેમાં મુસ્લિમ અને હિંદુ કલાનો અદ્દભૂત સમન્વય થયો છે. ઈરાની શૈલીની અસરવાળો દરિયાખાનનો મકબરો કુત્બુદ્દીન અહમદશાહે બંધાવ્યો. ગુજરાતનું મુસ્લિમ સ્થાપત્ય મહમૂદ બેગડાના શાસનકાળમાં ચરમસીમાએ પહોંચ્યું. આ કાળથી મસ્જિદોની કમાનો ઘુંમટવાળી બનવા લાગી. અમદાવાદમાં મુહાફીઝખાને બંધાવેલ મસ્જિદ, રાણી સિપ્રીની મસ્જિદ, મિયાખાન ચીસ્તી, બીબી અચુતકુકીની મસ્જિદ, રાણી રૂપમતીની મસ્જિદ, અહમદશાહનો રોજો, રાણીનો હજીરો, શાહ આલમનો રોજો, સૈયદ ઉસમાનનો રોજો વગેરે જાણીતાં સ્થાપત્ય છે. અમદાવાદ સિવાય અન્ય સ્થળોએ પણ મુસ્લિમ ઈમારતો બંધાઈ. જેમાં અહમદ ખટુંનો રોજો સૌથી મોટો રોજો છે. ચાંપાનેરમાં જામે મસ્જિદ, નગીના મસ્જિદ, લીલા ગુંબજ, ધોળકાની કુત્બુદ્દીન અહમદશાહે બંધાવેલી મસ્જિદ, મહેમદાવાદનો સૈયદ મુબારકનો રોજો ગુજરાતના મુસ્લિમ સ્થાપત્યની શૈલીમાં બંધાયેલાં છે. ઉપરાંત આ સમયમાં ગુજરાતમાં કિલ્લાઓ, મહેલો, વાવ, કૂવા, તળાવો વગેરે બહોળી સંખ્યામાં નિર્માણ પામ્યાં. જે રચના, યોજના ને સજાવટમાં બેનમૂન છે.*

*જૌનપુરની મુસ્લિમ કલાશૈલી પર પણ હિંદુ કલાની અસર થઈ. ઉપરાંત દિલ્હીની તુઘલક શૈલીનો પ્રભાવ પણ જોવા મળે છે. ભારે ઢળતી દીવાલો, કલાત્મક ચોરસ સ્તંભો, નાની રવેશો, ઘુમટો, કલાત્મક મહેરબો, ગોખ, ગોપુરમ જેવાં દરવાજા વગેરે જૌનપુર શૈલીની વિશેષતાઓ છે. અહીની મસ્જિદોમાં મિનારાઓ નથી. અટાલાદેવી મસ્જિદ, જામે મસ્જિદ, ઝંઝરી મસ્જિદ, લાલ દરવાજા મસ્જિદ, કિલ્લાની મસ્જિદ વગેરે પ્રમુખ મસ્જિદો છે. કિલ્લાની મસ્જિદમાં હિંદુ મંદિરના સ્તંભો વપરાયા છે. તેવી જ રીતે અટાલાદેવી મંદિર તોડી તેમાંથી ઈબ્રાહિમશાહ શર્કીએ અટાલા મસ્જિદમાં રૂપાંતરિત કરી છે. જામે મસ્જિદમાં એક પણ સ્તંભ વગરની છત તેનું મુખ્ય આકર્ષણ છે.*

*માલવાના ધાર અને માંડૂમો ઘોરી અને ખિલજી સુલતાનોએ સ્થાપત્યથી સમૃદ્ધ બનાવ્યાં હતાં. અહીંના સ્થાપત્યમાં હિંદુ કલા ઉપરાંત ખિલજી અને તુઘલક શૈલીનો પ્રભાવ જોવા મળે છે. ઊંચી પીઠ પર ઈમારતોનું નિર્માણ, ઘુમ્મટ, કલાત્મક સજાવટ વગેરેને કારણે અહીંની ઈમારતો ઘાટીલી લાગે છે. ધારમાં સરસ્વતી મંદિરનો વિધ્વંસ કરી બનાવેલ મસ્જિદ, તથા સૂર્ય મહેલનો લાટ મસ્જિદમાં પરિવર્તિત કરેલી છે. સૂફી સંત કમાલુદ્દીનનો મકબરો પણ અહીં આવેલો છે. આ ત્રણેય સ્થાપત્યમાં હિંદુ કલા શૈલીની અસર છે. માંડૂમાં જામે મસ્જિદ, હુસેનશાહનો મકબરો, હિંડોળા મહેલ, જહાજ મહેલ, અશરફી મહેલ, બાજ બહાદુર મહેલ, રૂપમતી મહેલ, માંડૂનો દુર્ગ જેવી અનેક ઈમારતો આવેલી છે.*

*દખ્ખણમાં બહમની રાજયમાં ઈજિપ્ત, ઈરાન અને તુર્કસ્તાન સાથે હિંદુ કલાના મિશ્રણવાળી બહમની શૈલી વિકસી. જેમાં ઈરાની કલાની અસર વધુ જોવા મળે છે. વિશાળ ઘુમ્મટ-ઊંચી પીઠીકા પર ઈમારત નિર્માણ, સપાટ દીવાલો, કલાત્મક મહેરાબો, મસ્જિદોમાં ચોકનો અભાવ, હિંદુ કલાથી પ્રભાવિત મકબરા, ગુંબજોમાં તુર્કી કલાનો પ્રભાવ વગેરે તેનાં મુખ્ય લક્ષણો છે. ધાર્મિક ઈમારતો ઉપરાંત રાજમહેલો, કિલ્લા, હોજ, વાવ, કૂવા, તળાવો, બાગ-બગીચા વગેરેનું નિર્માણ પણ થયું. નવાં નગરો પણ બહમની સુલતાનોએ વસાવ્યાં હતાં. બહમની સ્થાપત્યમાં ગુલબર્ગ અને બીડરની જામે મસ્જિદ, ફિરોજશાહનો મકબરો, મુઝાહિદશાહ તથા દાઊદશાહના મકબરા, બહમની વિઘટન પછી બીજાપુરમાં બંધાયેલ મોહમ્મદ આદિલશાહનો મકબરો(ગોળ ગુંબજ), બીડરની સોલા મસ્જિદ અને અહમદશાહ વલીનો મકબરો, મહમૂદ ગાવાની ઈરાની શૈલીમાં બંધાવેલ મદ્રેસા,(ચિત્રો માટે જુઓ પ્રકરણ ૧૫) દોલતાબાદનો ચાંદ મિનાર વગેરે પ્રમુખ ગણાવી શકાય. અહીં હિંદુ-મુસ્લિમ કલાનો સમન્વય થયો. જે મુઘલસમયમાં ચરમ ઉત્કર્ષે પહોંચી હતી.*

**● તમારી જાતે ચકાસો. (ક)**

**1) નીચેની ખાલી જગ્યા પૂરો.**

(A) *રથ મંદિર(શૈલ દેવાલય)નું નિર્માણ __________ કરાવ્યું છે.*

(B)*'દુમર લેણા'(સીતા-કી-નહાની) ગુફા __________ માં આવેલી છે.*

(C) *સ્થાપત્યની નાગર શૈલીનો વિકાસ __________ માં થયો.*

(D) *ચાલુક્ય-હોયસાલ સ્થાપત્ય શૈલી બીજા __________ નામથી પણ ઓળખાય છે.*

(E) *હજાર સિતૂન અને અલાઈ દરવાજો __________ બંધાવ્યો હતો.*

**● તમારી જાતે ચકાસો. (ખ)**

1) *ઈ.સ.* 650 *થી* 750 *સુધીના સ્થાપત્ય વિકાસ વિશે ટૂંકમાં માહિતી આપો.*

2) *નાગર શૈલીના મંદિર સ્થાપત્ય વિશે પાંચ વાક્યો લખો.*

3) *દ્રાવિડ શૈલી વિશે ટૂંકમાં સમજૂતી આપો.*

4) *સલ્તનતકાલીન મુસ્લિમ સ્થાપત્ય વિશે ચાર વાક્યો લખો.*

## 17.4 સારાંશ

*આમ, ઉપરોક્ત અભ્યાસ પરથી કહી શકાય કે, અનુગુપ્તસમયમાં ઈ.સ. 650 થી ઈ.સ. 750ના સો વર્ષના સમયમાં પુરોગામી ગુપ્તકાલની કલા અને સ્થાપત્યનો વિકાસ*

*થતો રહ્યો. હિંદુ, જૈન અને બોદ્ધ ધર્મનાં ધાર્મિક સ્થાપત્યમાં શૈલાશ્રયો અને ઈંટેરી એમ બંને પ્રકારોનો વિકાસ થયો. તેની સાથે સંલગ્ન મૂર્તિવિધાન, ચિત્રકલા અને વાસ્તુકલામાં પણ વિવિધ શૈલીઓ વિકાસ પામી. જોકે ગુપ્તકાલીન ઓજસ ઘટતા નાગર અને દ્રાવિડ શૈલીનાં કેટલાંક લક્ષણો અનુગુપ્તસમયમાં વિકસ્યાં જ્યારે પ્રતિહાર-રાષ્ટ્રકૂટ સમયમાં તે મંદિર સ્થાપત્ય શૈલીનું સ્પષ્ટ સ્વરૂપ ઘડાયું. સાથે સાથે પ્રાદેશિક સ્થાપત્ય અને કલાશૈલીનો પણ વિકાસ સધાયો. આ સમયથી શાસ્ત્રીય નિયમોને આધારે મૂર્તિવિધાન થવા લાગ્યું. 10મી સદીથી દક્ષિણમાં ધાતુશિલ્પનો વિકાસ થયો. ચિત્રોમાં ગુપ્તકાલીન શૈલીની સાથે નવીન શૈલી પણ પ્રયોજાઈ. 12મી સદીથી તો શિલ્પોમાં ભરાવદાર અંગવિન્યાસનો વિકાસ થયો. સલ્તનતસમયમાં ચિત્ર, સંગીત જેવી કલાઓનો વિકાસ ઓછો થયો. પરંતુ જાહેર બાંધકામ સારા પ્રમાણમાં થયું. ઉપરાંત હિંદુ-મુસ્લિમ કલાનો સમન્વય સધાયો અને સ્થાપત્યમાં ભારતીય ઈસ્લામિક સ્થાપત્યકલા વિકાસ પામી. ચિત્રકલામાં આકાળે લઘુચિત્રોનો વિકાસ થયો. તો સંગીત ક્ષેત્રે અમીર ખુશરોનો ફાળો નોંધપાત્ર છે.*

## 17.5 શબ્દાવલી

*સરાઈ – મુસાફરોને રોકાવા માટેનું મકાન.*

*કુફી – સુંદર અક્ષરોમાં કુરાનની નકલ લખવાની લિપિ.*

*ધ્રુપદ – એક પ્રકારની સંગીતની હિંદુ શૈલીની પદ્ધતિ.*

*ભંડાર – જૈન ગ્રંથાલયો.*

*દરગાહ – સૂફી સંતોની કબર.*

*ગર્ભગૃહ – દેવની મૂર્તિની પ્રતિષ્ઠાવાળું મુખ્ય સ્થાન.*

*લીવાન – મસ્જિદમાં પ્રાર્થના કરવાનો સ્તંભયુક્ત મંડપ.*

*મહેરાબ – મસ્જિદમાં મક્કાની દિશા સૂચવતો ગોખ.*

*મિમ્બર - નમાજ પઢાવવા માટેની ઊંચી વ્યાસપીઠ.*

*શાન- ચોક.*

*રોજો – મસ્જિદ સાથેનો મકબરો.*

## 17.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

- *તમારી જાતે ચકાસો 'અ'ના જવાબો.*

| પ્રશ્ન | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉત્તર | B | A | D | C | F | E | H | G | J | I | I | K |

- **તમારી જાતે ચકાસો '*f*'ના જવાબો.**

1. *જવાબ માટે જુઓ* 17.2.1.
2. *જવાબ માટે જુઓ* 17.2.2.

3. જવાબ માટે જુઓ 17..2.3.

4. જવાબ માટે જુઓ 17.2.4.3.

- **તમારી જાતે ચકાસો 'f' ના જવાબો.**

1) (A)પલ્લવનરેશ નરસિંહવર્મા (B)ઈલોરા (C) ઉત્તર ભારત (D) વેસર (E) અલાઉદ્દીન ખિલજી

- **તમારી જાતે ચકાસો 'ખ્લ્ર ના જવાબો**

1. જવાબ માટે જુઓ 17.3.1.
2. જવાબ માટે જુઓ 17.3.2
3. જવાબ માટે જુઓ 17.3.3 નો છેલ્લો ફકરો.
4. જવાબ માટે જુઓ 17.3.4

## 17.7 સ્વાધ્યાય.(સૈદ્ધાંતિક અને પ્રાયોગિક)

પ્રશ્ન 1. ઈ.સ. 650 Úlી ઈ.સ. 750 સુધીના સમયની કલાના વિકાસ પર વિસ્તૃત નોંધ તૈયાર કરો.

પ્રશ્ન 2. પ્રતિહાર-રાષ્ટ્રકૂટ કાલીન કલા વિશે સવિસ્તાર જણાવો.

પ્રશ્ન 3. પૂર્વ સલ્તનતકાલીન (પ્રાચીન કાલના અંતિમ તબક્કાના) કલા વિકાસને આલેખો.

પ્રશ્ન 4. સલ્તનતસમયમાં હિંદુ-મુસ્લિમ કલાના સમન્વય અને પ્રભાવ વિશે વિગતે જણાવો.

પ્રશ્ન 5.અનુગુપ્તકાલીન(ઈ.સ.650 થી ઈ.સ.750) સુધીના સ્થાપત્ય કલા પર વિસ્તારથી ચર્ચા કરો.

પ્રશ્ન 6.નાગર, દ્રાવિડ અને વેસળ શૈલીનો વિકાસ આલેખી તેનાં લક્ષણો જણાવો.

પ્રશ્ન 7. પૂર્વસલ્તનતકાલીન સમયમાં પ્રાદેશિક સ્થાપત્યનો વિકાસ નિરૂપો.

પ્રશ્ન 8. સલ્તનતકાલીન મુસ્લિમ સ્થાપત્યની વિશેષતાઓ વિગતે સમજાવો.

## 17.8 સંદર્ભ સૂચિ


1. R. Nath, History of Sultunate Architecture.
2. Tarachand, Influence of Islam on Indian Culture.
3. ડૉ. છોટુભાઈ નાયક, મધ્યયુગીન ભારતનો ઈતિહાસ.
4. ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, પ્રાચીન ભારત, ભાગ- ૧ અને ૨.
5. ડૉ. પ્રવિણચંદ્ર પરીખ, ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ.
6. इश्वरी प्रसाद, प्राचीन भारतीय संस्कृति, कला, राजनीति, धर्म एवम दर्शन.
7. धनपति पांडेय, प्राचीन भारतका राजनैतिक और सांस्कृतिक इतिहास.